દેવચંદ્રજીની પરાવાણી

# હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે !

## સુવિધિ જિન સ્તવન

પ્રેરક

**ગચ્છાધિપતિ આ. દે. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

વિવેચક

**આચાર્ય વિજય મુક્તિદર્શનસૂરીશ્વરજી**


પ્રકાશક

**લબ્ધિનિધાનશ્રી શાંતિનાથ જૈન સંઘ**

જિતેન્દ્ર રોડ, મલાડ(ઈસ્ટ), મુંબઈ

પ્રકાશક :
**લબ્ધિનિધાનશ્રી શાંતિનાથ જૈન સંઘ**
જિતેન્દ્ર રોડ, મલાડ(ઈસ્ટ), મુંબઈ

**પ્રત : ૧૦૦૦**
**પ્રથમ આવૃત્તિ :** વિક્રમ સંવત ૨૦૬૯

**કિંમત : રૂ. ૭૫/-**

**ટાઈપ સેટિંગ**
**ટાઈપોગ્રાફિક્સ,** અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : ૯૮૭૯૦૯૦૫૭૫

**મુદ્રક**
**યુનિક ઑફસેટ,** અમદાવાદ-૩૮૦૦૦૪

---

**પ્રાપ્તિસ્થાન :**

(૧) **મૌલિકભાઈ મોદી**
૮૩/૮૪, રત્નજ્યોતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
ઈર્લા ગાઁઠન લેન વીલેપાર્લે (વેસ્ટ) મુંબઈ-૫૬
ફોન : ૨૬૨૩૪૨૩૨/૪૨/૪૫
E-mail : kewalipex@gmail.com.

(૨) **બુક શૅલ્ફ**
૧૬, સીટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
E-mail : bookshelfa@gmail.com

(૩) **નવભારત સાહિત્ય મંદિર**
મહાવીર સ્વામીના દેરાસરની બાજુમાં,
ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧



**આ પુસ્તકની આર્થિક સહાય માટે**

## લબ્ધિનિધાનશ્રી શાંતિનાથ જૈન સંઘ

જિતેન્દ્ર રોડ, મલાડ(ઈસ્ટ), મુંબઈ

**ના આરાધકો ભાઈ-બહેનોનો**

તથા

**પો. હે. જૈનનગરના જ્ઞાનખાતામાંથી**

**સારો સહકાર મળેલ છે.**

# પ્રસ્તાવના

## ઉપાસનાનો અર્ક - સાધનાનો મર્મ

આજે જૈનકુળમાં જન્મેલા જીવોનું એ પરમ સદ્ભાગ્ય છે કે તેઓ યોગીરાજ આનંદઘનજી અને વર્તમાને મહાવિદેહમાં કેવલજ્ઞાની રૂપે વિચરતા દેવચંદ્રજી મહારાજાની સ્તવન ચોવીસી ઉપર ઊંડાણથી ચિંતન-મનન કરી આત્માના અગાધ આનંદમાં ડૂબકી મારી શકે છે અને તેના દ્વારા અહીંયા બેઠા બેઠા મુક્તિ સુખનો આસ્વાદ માણી શકે છે.

દેવચંદ્રજી મહારાજાએ અતીત, અનાગત અને વર્તમાન સ્તવન ચોવીસી ઉપર પોતાની કલમ ચલાવીને જૈન શાસનને અમુલ્ય શ્રુતજ્ઞાનનો વારસો આપ્યો છે.

તેઓશ્રીની સ્તવન ચોવીસીમાં શૈલી વ્યવહારની છે એટલે કે શૈલી ભક્તિયોગની છે અને હાર્દ નિશ્ચયનું છે એટલે કે હાર્દ જ્ઞાનયોગનું છે.

જ્યારે તેની સામે સમયસારાદિ ગ્રંથોમાં શૈલી પણ નિશ્ચયની છે અને હાર્દ પણ નિશ્ચયનું છે. સમયસારાદિ ગ્રંથોમાં જ્ઞાનયોગ દ્વારા નિરુપિત શુદ્ધાત્મસ્વરૂપ બતાવવામાં આવ્યું છે જે સામાન્ય કક્ષાના અલ્પ ક્ષયોપશમવાળા જીવો માટે દુઃશ્રદ્ધેય અને દુગ્રાહ્ય છે.

સામાન્યકક્ષાના જીવો, પરમ પારિણામિકભાવ સ્વરૂપ ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્ય કે જે જ્ઞાયક સ્વરૂપ છે તેના આશ્રયે સાધના કરી શકતા નથી.



કારણ કે જ્ઞાયક સ્વરૂપની ઓળખાણ-પિછાન અને શ્રદ્ધાન તેમને માટે દુર્લભ છે માટે તેના આશ્રયે — તેના અવલંબને તેવા જીવોને એકાન્ત નિશ્ચય દૃષ્ટિ થવાનો સંભવ છે અર્થાત્ તેવા જીવો નિશ્ચયભાસી થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

આવી સંભાવનાનો ખ્યાલ હોવાના કારણે જ પૂ.પાદ દેવચંદ્રજી મહારાજાએ તે જ પરમાત્મ સ્વરૂપને પ્રસ્તુત સ્તવનમાં પ્રભુના અવલંબને ભગવદ્ બહુમાન - ભક્તિ દ્વારા સરળ રીતે બતાવવાનો પ્રયત્ન કર્યો છે. જે સામાન્ય લોકોને સ્તવનના નિત્ય ગાન દ્વારા અત્યંત આનંદપ્રદ, સુગ્રાહ્ય અને સુપાચ્ય બને છે.

અર્થાત્ સમયસાર એ શુદ્ધ ઘીને આરોગવાથી મળતી શક્તિ સમાન છે જ્યારે દેવચંદ્રજી મહારાજાની આ સ્તવન રચના એ શુદ્ધ ઘીમાંથી બનાવેલ મિષ્ટાન્ન તુલ્ય છે. અને તેને આરોગવાથી મળતી શક્તિ તુલ્ય છે. બાળ અને મધ્યમ કક્ષાના જીવો માટે આ જ શૈલી અનુકરણીય બને છે.

એકલા ઘીને ખાઈને તેમાંથી શક્તિ મેળવવી એ ઘણી મુશ્કેલ છે અને જો તે ન પચે તો પૂર્વની પેદા થયેલી શક્તિનો પણ નાશ કરે છે. જ્યારે તે જ ઘીમાંથી મિષ્ટાન્ન બનાવીને તેને આરોગવાથી શક્તિની પ્રાપ્તિ વધુ સુલભ છે અને તેનો રસાસ્વાદ પણ માણી શકાય છે.

તે જ રીતે ભક્તિયોગના માધ્યમે પ્રભુના સ્વરૂપની પિછાન સહેલી છે અને તેના દ્વારા પ્રભુને પોતાની પર્યાયમાં પ્રગટ કરવા સહેલા છે. આ રાજમાર્ગ છે જેના ઉપર ચાલીને અનેક આત્માઓ મંઝિલ સુધી પહોંચી શકે છે.

આના દ્વારા સમયસારમાં બતાવેલ શૈલી ખંડનીય બનતી નથી પણ તેની કઠિનતા સમજાવવાનો નમ્ર પ્રયાસ કરાયો છે તે જાણવું. અધ્યાત્મ એ ખંડન-મંડણનો વિષય નથી પણ આત્મા કેમ પ્રાપ્ત કરવો તેનો વિષય છે.

દેવચંદ્રજી મહારાજાની વર્તમાન સ્તવન ચોવીસી તેમાં પણ સુવિધિ જિન સ્તવન, તેની એક એક કડી અને એક એક અક્ષરોને બહુમાનપૂર્વક પ્રભુ આગળ બાળકની જેમ બોલતા - ગાતા હૃદયના સાડાત્રણ ક્રોડ રૂંવાડા ઊભા થઈ જાય છે. કોઠે કોઠે જાણે દીવા સળગી ઉઠે છે. એક સાથે છએ ઋતુઓ ખીલી ઉઠે, મંદ મંદ પવન લહેરાતો હોય, પક્ષીઓ કલરવ કરતા હોય, લોકો નગરની બહાર ઉત્સવની મઝા માણવા નીકળ્યા હોય. વાતાવરણ ખુશનુમા હોય, ચારે બાજુ ધરતી ધનધાન્યાદિથી ભરપૂર હોય. નદી, નાળા, તળાવો, સરોવરો પાણીથી છલકાયેલા હોય સમગ્ર સૃષ્ટિ પણ ચિંતારહિત અને આનંદ કલ્લોલથી તરબોળ હોય અને જે આનંદ અનુભવાય તેવો આનંદ પરમાત્મભક્તિમાં આ સ્તવનની કડીઓને દોહરાવવામાં અનુભવાય છે. એક એક કલાક સુધી એક એક સ્તવન ઘૂંટ્યા જ કરો તો પણ તૃપ્તિ ન થાય તેવી અદભૂત રચના તેમના સ્તવનમાં અનુભવાય છે.

સમાધિરસ નિમગ્ન સુવિધિ જિનની મુદ્રાને જોતાં દેવચંદ્રજી મહારાજાને જે અનાદિથી ભૂલાઈ ગયેલું પોતાનું આત્મસ્વરૂપ યાદ આવ્યું. સઘળા સંસાર ઉપરથી, વિભાવ ભાવોથી મન ઉઠી ગયું અને સત્તાએ પોતે પણ પ્રભુતુલ્ય છે એવું ભાન થયું અને તેથી પોતાની સ્વસત્તાના સ્મરણથી જ મોક્ષમાર્ગ સાધવા પોતાનો આત્મા ઉલ્લસિત થયો એ વાતને વિસ્તારથી તેઓશ્રીએ આ સ્તવનમાં જણાવી છે.

આત્મા સ્વયંભૂ છે. પોતાનું અસ્તિત્વ પોતાનાથી છે તો તેની સિદ્ધિ-પ્રાપ્તિ પણ પોતાનાથી જ થાય, બીજાથી નહિ એ વાત ઉપર શુદ્ધ દ્રવ્યાર્થિકનય ભાર મૂકે છે. દ્રવ્યાનુયોગના ગીતાર્થ યોગીઓ નિજ સત્તાનું અવલંબન લઈને જ અર્થાત્ ઉપયોગને પોતાના ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય ઉપર મૂકીને જ માર્ગ સાધે છે. તેમને માટે વ્યવહારનય સંમત પ્રભુમુદ્રાનું અવલંબન, તેમના દર્શન, વંદન, પૂજન, સત્કાર, સન્માન, ઉપદેશ ઉપકારક બને છે જ્યારે શુદ્ધ પર્યાયાર્થિક નયે તો પ્રભુગુણની



પ્રગટ પૂર્ણતાનું અવલંબન એ જ ઉપકારક બને છે.

અંતે તો શુદ્ધદ્રવ્ય ઉપર જ ઉપયોગની મીટ માંડવી પડે. કારણ શુદ્ધ પરમાત્માના અવલંબને કાર્ય શુદ્ધ પરમાત્મા પ્રગટે.

દ્રવ્યાનુયોગના ગીતાર્થ યોગી સિવાયના બીજા સામાન્ય કક્ષાના સાધકો (જેવા કે મરુદેવા માતા, ભરત ચક્રવર્તી, પ્રભંજના, માસ્તુષાદિ મુનિ, અઈમુત્તા મુનિ તેમજ બીજા તેવા પ્રકારના) માટે તો અધ્યાત્મના માર્ગમાં પ્રભુ મુદ્રાના તથા પ્રભુની પ્રગટ પૂર્ણતાના અવલંબને તેમજ સત્સંગના માધ્યમે સ્વસત્તાની ઓળખ એ બહુ જ મહત્ત્વનું અંગ બની જાય છે. તે ઓળખ યથાર્થ થાય તો જ તેના બળ ઉપર યથાર્થ રૂચિ જાગી શકે અને તો જ યથાર્થ પરિણમન રૂપ પુરુષાર્થ થઈ શકે. આ રીતે જ મોક્ષમાર્ગ સાધી શકાય.

આમ સ્વસત્તાના આલંબને જેમ જેમ મોક્ષમાર્ગ સધાતો જાય છે તેમ તેમ આત્મામાંથી એટલે કે અશુદ્ધ ચેતનમાંથી રાગ-દ્વેષ-મોહના વિકારોરૂપી ધૂમાડા નીકળતા જાય છે. પોતાનું અમલ, અખંડ, અલિપ્ત સ્વરૂપ ભાસમાન થતું જાય છે તેનાથી તત્ત્વરમણતારૂપી ધ્યાન વધતું જાય છે અને સાધક એવો આત્મા સમતારસ વધારતો વધારતો અંતે પરમાત્મ તુલ્ય વીતરાગમુદ્રાને વરે છે.

સ્વ-સત્તાના અવલંબને ક્ષયોપશમિક ભાવના ગુણો ક્ષાયિક ભાવના ગુણોની રૂચિવાળા બનતા જાય છે. સત્તામાં શક્તિરૂપે રહેલા ગુણો વ્યક્તતાને પામે છે અને તેનાથી સાધક એવા આત્માને અંતરમાંથી દૃઢ વિશ્વાસ જાગે છે કે હવે સંપૂર્ણ સિદ્ધિને સાધવામાં કાંઈ વાર લાગવાની નથી અર્થાત્ હવે તો બે-ચાર ભવમાં મોક્ષ સુનિશ્ચિતપણે મળવાનો જ છે એમ નિશ્ચિત અને નિર્ભય બનીને સાધક સમય પસાર કરે છે.

આમ આ સ્તવનમાં પૂ. પાદ શ્રી દેવચંદ્રજી મહારાજે ઉપાસનાનો અર્ક અને સાધનાનો મર્મ બતાવી આત્માનું નવનીત આપ્યું છે. અલ્પ સમયમાં કેવી રીતે મોક્ષ પામી શકાય તેનું માર્ગદર્શન પોતાના જીવન-

કવન દ્વારા જ બતાવ્યું છે.

આ દેવચંદ્રજી મરાહાજાની પરાવાણી છે તેના માધ્યમે આ સ્તવનમાં રહેલ ગૂઢાર્થોને ખોલવાનો આયાસ કરવામાં આવ્યો છે તેને જે ભવ્યાત્માઓ કંઠસ્થ અને હૃદયસ્થ કરશે તે બહુ જ અલ્પભવમાં ભવ નિસ્તરણ કરશે એમાં કોઈ જ શંકા નથી.

મોક્ષે જવા માટેનો આનાથી બીજો કોઈ સરળ અને સુગમ ઉપાય હોઈ શકે નહિ એમ પ્રતીતિમાં આવે છે. માટે હે ભવ્યાત્માઓ ! તમે જો ખરેખર સંસારના આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી ત્રાસ પામ્યા હો અને શીઘ્ર મોક્ષપ્રાપ્તિને ઝંખતા હો તો આ ગ્રંથમાં બતાવેલા સ્તવનના નિચોડને આત્મસાત્ કરો. આ જ સાધનાનો મર્મ છે અને આ જ ઉપાસનાનો અર્ક છે.

પ્રસ્તુત ગ્રંથ પ્રકાશનમાં પહેલી બે કડી ઉપર શ્રીયુત્ ગુણવંતભાઈ સી. શાહ (સાન્તાક્રુઝ - ઈસ્ટ - વાકોલા)નું યોગદાન ઉપકારક બન્યું છે.

શ્રીયુત સૂર્યવદનભાઈ જવેરીનો ફાળો પણ આ સ્તવનના યોગદાનમાં નોંધપાત્ર રહ્યો છે.

આ સ્તવનનું પ્રુફ રીડિંગ બાપજી મ.સા.ના સમુદાયના સાધ્વીજી સ્વ. શ્રી પદ્મલતાશ્રીજી મ.સા.ના શિષ્યા સાધ્વીજી શ્રી પ્રશાંતગુણાશ્રીજીએ કર્યું છે. સાધ્વીજીશ્રી નંદીયશાશ્રીજીનો ફાળો પણ નોંધપાત્ર રહ્યો છે. ભાઈશ્રી શાલિભદ્રે સુંદર પ્રસ્તાવના લખી આ સ્તવનની ઉપયોગિતામાં વધારો કર્યો છે તે અનુમોદનીય છે.

અંતેવાસી બનીને લેખકને સાધના-ઉપાસનામાં સદાય સહાય કરનાર મુનિરાજશ્રી સ્થિતપ્રજ્ઞવિજયજી, મુનિરાજશ્રી સોહમ્ દર્શનવિજયજીના ઉપકારને પણ અત્રે યાદ કર્યા વિના રહી શકાતું નથી.

સમગ્ર મેટરને સારી રીતે જોઈને તેમાં વારંવાર અનેક પ્રકારના



સુધારા-વધારા સૂચવનાર મુનિરાજશ્રી પ્રશમરતિવિજયજીનો સુંદર પ્રયાસ પણ આવકાર્ય બન્યો છે.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં હૃદયનો એક તાર જોડીને કામ કરનાર સૌમ્યમૂર્તિ શ્રીયુત હેમેન્દ્રભાઈ ભોગીલાલ શાહ તેમજ ડી.ટી.પી. પ્રિન્ટિંગ વગેરે દ્વારા પુસ્તકની શોભામાં અભિવૃદ્ધિ કરનાર સરળ સ્વભાવી શ્રીયુત્ કેયુરભાઈનો લાગણીશીલ પ્રયત્ન પણ પ્રશંસાને પાત્ર બન્યો છે.

અંતે પ્રેમ-ભુવનાભાનુસૂરિ સમુદાયના મુગુટમણિસમા ગચ્છાધિપતિ આ. દેવ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાની સ્નેહ અને વાત્સલ્ય નીતરતી અમીદૃષ્ટિ સૌનું કલ્યાણ કરો એ જ એક મંગળ કામના.

**તપાગચ્છાલંકાર**
**આ. દેવશ્રી જયઘોષસૂરીશ્વરજી**
**મહારાજાના પટ્ટાલંકાર આ.વિ. મુક્તિદર્શનસૂરિ**

**વિ. સં. ૨૦૬૯**
**કાર્તિક કૃષ્ણા તૃતીયા**
**દેવકીનંદન જૈન ઉપાશ્રય**
**નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩**

# Running Race

अहो मे स्तुवतः स्वामी, स्तुतेर्गोचरमागमत् ॥

શ્રી વિતરાગ સ્તોત્રનો આ ભાવ આજે અહીં આ પ્રસ્તાવના સમયે અનુભવાય છે. વિશ્વ આખાની અધૂરાશ, જે અનંત કાળથી આત્મા ભોગવતો આવ્યો છે, તે આજે શ્રી સુવિધિનાથ પરમાત્માનાં પૂર્ણાત્માનાં દર્શન થતા નષ્ટ પામી... ફક્ત બાહ્ય દર્શન તો જન પણ કરે, અંતરતમ દર્શન કરે તે જૈન... આ વાતને પૂજ્ય દેવચંદ્રજી મહારાજે અક્ષરશઃ સત્ય ઠેરવી છે.

જિનદર્શન એ સામાન્ય જૈનનું પણ નિત્યક્રમ હશે જ... પરંતુ, દર્પણ સમ પ્રભુદર્શન એ આપણાં સ્વરૂપનો અખિલ આનંદ મેળવવાનું સાધન છે આવું કેટલા ને સૂઝ્યું હશે ?? આ સ્તવનાનું વાંચન ફક્ત સાધક આત્માને જ નહીં, જૈન સંઘનાં તમામ આરાધક આત્માઓને પણ ફરજીયાત કરવું જોઈએ કારણ જેને ભજીએ છીએ. એને જાણવો એ તો પાયાની જરૂરિયાત છે...

સાધના પથ પર ચાલતા ચાલતા સાધક ઘણી વાર અટકી પણ જાય... કંઈક પામ્યાનાં સંતોષથી કદાચ તૃપ્ત પણ થઈ જાય... લાગણી અને ભાવનાં પ્રવાહને લેશ્યા તથા અનુભૂતિ માનવાની ભૂલ પણ કરી બેસે... પરંતુ, આવા સમયે સાધના માર્ગનું સાંગોપાંગ દર્શન કરાવતું આ વાંચન, તેની સઘળીયે બચેલી મિથ્યા માન્યતાઓને હટાવવા સક્ષમ છે... Olympic માં બે games બહુ પ્રખ્યાત છે... Running Race અને High Jump...



દેવચંદ્રજી મહારાજે આ સ્તવનામાં સાધનાની શરૂઆતથી લઈને મોક્ષમાર્ગ જે શરૂ થાય છે તેને ''સંપૂરણ સિદ્ધિ''નાં Goal સુધી પહોંચાડતા પૂર્વેની આખી Running Race વર્ણવી છે... દરેક વળાંક, વિરામ, વિસામા, ભયસ્થાન, પૂર્વમાં કરેલી ભૂલો, આત્મદ્રવ્યનું ખરું સ્વરૂપ, જીવનો સ્વ-ભાવ... આ બધું જ Step-by-Step વર્ણવ્યું છે... તે Running Race છે.

એક એક શબ્દ જાણે વર્ષોથી ઘૂંટાયો નહીં, જીવાયો હોય એટલો ગૂઢ છે... શું અનન્ય સ્પષ્ટતા અને ભેદજ્ઞાનનાં ધણી હશે પૂજ્ય દેવચંદ્રજી મહારાજા... કે સ્પષ્ટ ખુમારીથી લખી રહ્યા, ''દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે...'' કમાલ કરી દીધી કલ્પનાની !! પ્રભુ દર્શન કરતી વખતે બાજુમાં જે ઉભો હોય એ તો સાધર્મિક ખરો જ. પણ સન્મુખ જે દેખાય, એ પણ આત્મદ્રવ્યની અપેક્ષાએ સાધર્મિક !!!

સાધના માર્ગ પર આગળ વધતા, શ્રી આનંદઘનજી અને દેવચંદ્રજી... આ બંનેની રચનાઓ એ જાણે અમૃતબિંદુ સમાન છે. અને આ બંનેનાં ઊંડાણને આપણી મતિજ્ઞાનનાં ક્ષયોપશમ મુજબ પીરસવાનું સર્વોત્કૃષ્ટ કાર્ય પૂ.આ.ભ. શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજા કરી રહ્યા છે તે ઉપકાર સાધકો માટે કદીયે ન ફેડી શકાય તેવો છે... વ્યવહારની ભરમારનાં સમયમાં અનુભૂતિ, સાધના અને વ્યવહારનિશ્ચય સમન્વયની હારમાળ જે ગોઠવાઈ છે, એ કેટલાયનાં સત્તામાં પડેલા સાધના બીજની ઉદીરણા કરવા માટે પૂરતી છે.

અનહદનો આસ્વાદ કરાવતી આ વાણી, આત્માનાં તારને એવા ઝણઝણાવી દે છે કે વાંચન સમયે આ સ્તવન અને સંવેદન સિવાયનું કોઈ વિશ્વ અસ્તિત્વમાં છે એવું સ્મૃતિપટ પરથી પણ ખસી જ જાય છે... સાધક જીવો માટે આ સ્તવનાનો એક એક અક્ષર મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાન જ નહીં અનુભવ જ્ઞાનનાં પણ પડલ ખોલનારું બનશે જ...

આ પુસ્તક મમળાવનારને પ્રત્યેક શબ્દે પોતાની વર્તમાન પરિસ્થિતિ

અને વિકટ મનસ્થિતિથી છૂટકારો મેળવવાનો રામબાણ ઈલાજ સાંપડશે... મોહાદિકની ધૂમી અનાદિની ઉતરે, અમલ, અખંડ, અલિપ્ત સ્વભાવ જ સાંભરે.'' આવા દિવ્ય શબ્દો ગમે તેવી પરિસ્થિતિમાં પણ ''હું કેવો છું''ની અનુભૂતિને વિસરવા નહીં જ દે...

આ સમગ્ર પુસ્તકને એકવાર બે વાર નહીં, વારંવાર ઘૂંટવું આવશ્યક છે... ચિંતન અને મનન રૂપી બે ચક્ષુ વિના આ વિવેચન વાંચવું સાર્થક નહીં બની શકે... આ જ ચિંતન-મનન ઘૂંટાતા ઘૂંટાતા ધ્યાન બની પરિણમન થશે અને ઉપયોગની સ્થિરતાએ પહોંચાડશે...

દેવચંદ્રજીની આ પરાવાણી, જીવને અશુભમાંથી શુભ અને શુભમાંથી શુદ્ધ પર લઈ જનારી કેડી બની રહો... પોતાની અનન્ય, દીર્ઘ અને નિરંતર સાધનામાંથી અમૂલ્ય સમય આંતરી, સાધક જીવો માટે ઉત્તમ પ્રેરણાદાયી બનનાર આ વિવેચના માટે પૂ. નૂતન આચાર્ય ભગવંતે કરેલો આ પરોપકાર, ''આચાર્યો છે જિન શાસનનાં, દક્ષ વ્યાપારી શૂરા...'' એ કડીને યથાર્થ કરે છે... આ સમગ્ર સ્તવના અને વિવેચના જીવમાત્રની મિથ્યા માન્યતા છોડાવી, આત્મસ્વરૂપનું ભાન, જ્ઞાન અને સાક્ષાત્કાર કરાવે એ અભ્યર્થના સહ...

અસ્તુ...

**શાલિભદ્ર પ્રકાશભાઈ શાહ**
**ઘાટકોપર (વેસ્ટ) મુંબઈ**



# દેવચંદ્રજીકૃત સુવિધિનાથ જિન સ્તવન

**દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસેં ભર્યો, હો લાલ ।।સ.।।**
**ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો. હો લાલ ।।અ.।।**
**સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો, હો લાલ ।।થ.।।**
**સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો.હો લાલ ।।ભ.।।**
**દીઠો...૧**

**તુમ પ્રભુ જાણંગ રીતિ, સર્વ જગ દેખતા, હો લાલ ।।સ.।।**
**નિજસત્તાએં શુદ્ધ સહુને લેખતા, હો લાલ ।।સ.।।**
**પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા, હો લાલ ।।પ.।।**
**ભોગ્યપણે નિજશક્તિ અનંત ગવેખતા. હો લાલ ।।અ.।।**
**દીઠો...૨**

**દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા, હો લાલ ।।હ.।।**
**તે નિજ સન્મુખભાવ, ગ્રહી લહી તુજ દશા. હો લાલ ।।ગ્ર.।।**
**પ્રભુનો અદ્ભુત યોગ, સરૂપતણી રસા, હો લાલ ।।સ.।।**
**ભાસે, વાસે, તાસ, જાસ ગુણ તુજ જિસા. હો લાલ ।।જા.।।**
**દીઠો...૩**

મોહાદિકની ધૂમી અનાદિની ઊતરે, હો લાલ ॥અ.॥
અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે । હો લાલ ॥સ્વ.॥
તત્ત્વ રમણ શુચિ ધ્યાન ભણી જે આદરે, હો લાલ ॥ભ.॥
તે સમતારસ ધામ, સ્વામિમુદ્રા વરે. હો લાલ ॥સ્વા.॥
દીઠો...૪

પ્રભુ છો ત્રિભુવનનાથ દાસ હું તાહરો, હો લાલ ॥દા.॥
કરુણાનિધિ અભિલાષ અછે મુજ એ ખરો, હો લાલ ॥અ.॥
આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો, હો લાલ ॥સ.॥
ભાસન વાસન એહ, ચરણ, ધ્યાનેં ધરો. હો લાલ ॥ચ.॥
દીઠો...૫

પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે, હો લાલ ॥પ.॥
દ્રવ્યતણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ ॥સ્વ.॥
ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે, હો લાલ ॥સ.॥
રુચિ અનુયાયી વીર્ય ચરણ ધારા સધે. હો લાલ ॥ચ.॥
દીઠો...૬

ક્ષાયોપશામિક ગુણ સર્વ થયા તુજ ગુણરસી, હો લાલ ॥થ.॥
સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ ॥વ્ય.॥
હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે, હો લાલ ॥ત.॥
દેવચંદ્ર જિનરાજ જગત આધાર છે. હો લાલ ॥જ.॥
દીઠો...૭



દેવચંદ્રજીની પરાવાણી

# હવે સંપૂરણ સિદ્ધિતણી શી વાર છે !

# દેવચંદ્રજીકૃત સુવિધિનાથ જિન સ્તવન

दीठो सुविधि जिणंद,
समाधि रसें भर्यो, हो लाल ॥स.॥
भास्यो आत्म स्वरूप,
अनादिनो वीसर्यो, हो लाल ॥अ.॥
सकल विभाव उपाधि,
थकी मन ओसर्यो, हो लाल ॥थ.॥
सत्ता साधन मार्ग,
भणी ए संचर्यो, हो लाल ॥भ.॥ ॥१॥

**અર્થ :-** સાધક આત્મા મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલા વીતરાગ પ્રભુના દર્શનથી અત્યંત હર્ષિત બની તેમની પ્રભુતાની સ્તુતિ કરતાં કહે છે – ‘‘સમાધિ રસના ભંડાર શ્રી સુવિધિનાથપ્રભુની પ્રશાંત મુદ્રા જોવાથી અનાદિકાળથી ભુલાયેલા મારા આત્મસ્વરૂપની મને ઓળખાણ થઈ. સર્વ પ્રકારના રાગ-દ્વેષાદિ વિભાવ ભાવો તથા બાહ્ય એવા ધનધાન્યાદિ ઉપાધિથી મારું મન નિવૃત્ત થયું અને આત્મસત્તાની સાધનાના માર્ગરૂપ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્રમાં પ્રવૃત્ત થયું.

**વિવેચન :-** અનાદિકાળથી સંસારમાં મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના યોગે અવિરતપણે ભટકતાં કોઈક જીવને વીતરાગ પરમાત્માની અચિંત્ય, અલૌકિક પ્રભુતા કે જે ભાસ્યમાન થઈ નહોતી, ખ્યાલમાં આવી ન હોતી, તેવા જીવને ભવસ્થિતિનો

પરિપાક થયો, કોઈક મહાન પુણ્યોદયે કાળલબ્ધિ પરિપક્વ બની એના કારણે પરમાત્મા કોણ છે? કેવા છે? તેનું સ્વરૂપ શું છે? એનો કોઈ જ ખ્યાલ જેને નહોતો એવા કોઈક જીવને સુવિધિનાથ-પ્રભુની અનંત, સમાધિરસથી ભરેલી મુદ્રાને જોવાનો અવસર સાંપડ્યો. તેને નિહાળતાં જ પ્રભુની અનંત ગુણમય, અરૂપી નિર્વિકાર, નિરાકાર, નિરામય,અક્રિય, શાંત, પ્રશાંત, ઉપશાંત, નિર્લેપભાવે પરિણત મુદ્રાને નિહાળતાં જ તેના અંતરમાં આનંદનો મહાસાગર ઊછળ્યો. દ્રવ્ય સ્વભાવની ઓળખ થઈ. તેના દ્વારા અનાદિકાળથી પોતાનું જે શુદ્ધ સ્વરૂપ ભુલાઈ ગયું હતું તે શ્રદ્ધાન રૂપે પરિણમ્યું. મારું શુદ્ધ સ્વરૂપ પણ આવું જ છે. સ્વરૂપ દૃષ્ટિથી જોતાં પ્રભુમાં અને મારામાં કોઈ જ ભેદ નથી, એક જ છે એ દૃઢ નિશ્ચય નિર્ણય થયો, તેના કારણે વીતરાગ પ્રભુનો ઉપકાર સમજાયો. પ્રભુની પ્રભુતાનું યથાર્થ મૂલ્યાંકન થયું તેથી ભીતરમાં અત્યંત હર્ષોલ્લાસ જાગવાથી, આશ્ચર્ય અને ઉત્સાહના અતિરેકથી બુલંદ અવાજે બોલે છે... દીઠો, દીઠો સુવિધિ જિણંદ... મેં સુવિધિનાથપ્રભુને જોયા-જોયા – પ્રભુ જેવા છે તેવા મેં જોઈ લીધા, ગાંડો થઈ ગયો. પ્રભુ સમાધિરસમાં ડૂબેલા છે; સમાધિરસના પુંજ રૂપે પ્રભુનાં દર્શન કર્યાં. અસંખ્ય પ્રદેશી એવા પરમાત્માના એક એક પ્રદેશે સમતારસ-સમાધિરસ ઠાંસી-ઠાંસીને ભરેલો દેખાયો.

પ્રભુની પ્રભુતા, આપણને પ્રભુના દર્શન કરતાં આવડે તો આપણામાં પણ તેવી જ સમાધિરસ નિમગ્ન પ્રભુતા રહેલી છે તેનું ભાન કરાવે છે. આ જ પ્રભુનો આપણા ઉપર ઉપકાર છે. ચિત્ત પ્રભુના ગુણો પ્રત્યે ઉલ્લસિત થયું એટલે હું પણ આવી



પ્રભુતાને પામું એવો ભાવ ઉલ્લસિત થયો.

અત્યાર સુધી આપણે પ્રભુના દર્શન ચર્મચક્ષુથી જ કર્યાં છે અને તેના દ્વારા સંસારને લીલોછમ રાખવાનો પ્રયત્ન કર્યો છે; સંસારની દરેક ચીજની અનુકૂળતામાં જ આપણે પ્રભુની પ્રભુતા માની છે! સમાધિ રસના પુંજ રૂપે પ્રભુને ક્યારેય જોયા નથી, શ્રદ્ધા કરી નથી. આપણી સંસાર દૃષ્ટિ અને સાંસારિક બુદ્ધિ પ્રમાણે જ આપણે પ્રભુને મૂલવ્યા છે. આમાં અનંતકાળ પસાર થઈ ગયો! મામૂલી પુણ્ય બંધાયુ પણ ચારગતિનાં ભયંકર દુઃખો, જન્મ-મરણની કાતિલ વેદના આ બધું ટળ્યું નહિ. જે આજે પણ આપણે અનુભવી રહ્યા છીએ.

પ્રભુની પ્રભુતાને નીરખવા માટે સાધનાકાળ દરમ્યાન સ્વરૂપમાં લીન થયેલા રૂપે પ્રભુને જોવાના છે. જ્ઞાન તો ખરેખર તે કહેવાય કે જે આનંદમાં ડૂબકી મરાવે અને આખા જગતની ઉપેક્ષા કરાવે. જ્યાં સુધી કરવા રૂપે જ પ્રભુ દેખાય છે, ઠરવા રૂપે દેખાતા નથી ત્યાં સુધી પ્રભુની સમાધિરસ નિમગ્નતા આપણને નહિ સમજાય. પ્રભુએ સાધનાકાળ દરમ્યાન કાંઈ જ કર્યું નથી ફક્ત સ્વરૂપમાં લીન બન્યા છે એટલે જ જે આવ્યા તેને ઉપસર્ગ કરવા દીધા. બીજા શું કરે છે? અથવા બીજાએ શું કરવું જોઈએ તેના પર પ્રભુએ ઉપયોગને જવા દીધો જ નહિ.

પરમાત્માના આલંબન વિના, પરમાત્મ સ્વરૂપની શ્રદ્ધા વિના, પરમાત્મ સ્વરૂપનું ઉપયોગમાં નિરંતર ચિંતવન કર્યા વિના, મોક્ષે જવાશે નહિ. આત્મકલ્યાણ થશે નહિ.

અનંત ભુતકાળમાં જીવે વીતરાગને એના સાચા સ્વરૂપમાં

ઓળખ્યા નહોતા. અનાદિ કાળની વાસનાથી વાસિત થયેલો એવો તે જીવ કુદેવને દેવ બુદ્ધિથી માનતો હતો અથવા તો સુદેવને જગતના કરનારા, ભૌતિક સુખોને આપનારા છે એવી બુદ્ધિથી માનતો હતો માટે એને વીતરાગની વીતરાગતા દષ્ટિગોચર થતી નહોતી.

આત્મગુણોનું વિપરીત પ્રવર્તન અનાદિકાળથી ચાલી રહ્યું છે તે ઉપાધિ છે અથવા તો વિષય-કષાયાદિ રૂપે જે પ્રવર્તન થઈ રહ્યું છે તે ઉપાધિ છે અથવા તો ક્રોધ, માન, માયા, લોભ, ઉદ્ધતપણું, વક્રપણું, જડપણું, આગ્રહ, પકડ, વગેરે પરિણામ તે સર્વ વિભાવ પરિણામ હોવાથી તે પણ ઉપાધિ છે. તે પરિણામ નિવૃત્ત થયે છતે આત્માના સઘળા ગુણો ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, ઔદાર્ય, મૈત્રી, પ્રમોદ, કરૂણા, વાત્સલ્ય, વગેરે સ્વરૂપ અનુયાયી થયા તેનાથી ઉપયોગ સ્વરૂપમાં તત્ત્વથી સ્થિરતાને પામ્યો અને તેવા સમાધિરસમાં નિમગ્ન - તરબોળ પ્રભુને જોયા.

પ્રભુનું સ્વરૂપ અને મારું સ્વરૂપ એક જ છે એવો દઢ નિર્ણય અનુભવપૂર્વકનો થાય ત્યારે તે આત્માને વીતરાગ પરમાત્માનો ઉપકાર સમજાય છે અને ત્યારે એના જે ઉદ્‌ગારો હોય છે તે કલ્પના બહારના હોય છે. સદ્‌ગુરુના ઉપદેશથી જીવ ગ્રંથિભેદ કરી સમ્યગ્‌દર્શન પામે છે તે વખતે તેના આત્માના અસંખ્ય પ્રદેશે આનંદ-આનંદ-આનંદની છોળો ઊછળે છે. પોતાને સમ્યગ્‌દર્શન પમાડનાર સદ્‌ગુરુના ઉપકારનો બદલો કોઈ રીતે વાળી શકાય તેમ નથી એટલે તે તેની અનન્યભાવે શરણાગતિ સ્વીકારે છે. તેની આખી સિકલ બદલાઈ જાય છે પછી એનો સંસાર ફીક્કો પડી જાય છે. આકર્ષણ તૂટી જાય છે. પોતાના ઘરનો અનંત



વૈભવ દેખાતા તેના હૃદયમાંથી અહો! અહો! અહો! ના ઉદ્‌ગારો નીકળી પડે છે અને પોતાના ગુરુ પ્રત્યે પ્રાણ ન્યોછાવર કરવા પણ તૈયાર થાય છે.

આ સ્થિતિનો અનુભવ પૂ.પાદ શ્રીદેવચંદ્રજી મહારાજને થયો હતો, એને કારણે જ એમના મુખમાંથી વીતરાગ રસ ઝરતી અનંત આનંદમય પરાવાણી સહેજાસહેજ નીકળી પડી હશે એમ કલ્પના કર્યા વિના રહી શકાતું નથી.

**મોહનીય કર્મના નાશે પ્રશાંત રસ આનંદવેદન પ્રગટે છે.**
**જ્ઞાનાવરણીય કર્મના નાશે અખંડ રસ આનંદ વેદન પ્રગટે છે.**
**અંતરાયકર્મના નાશે અનંતરસ આનંદ વેદન પ્રગટે છે.**

આ ત્રણેના ભેગા મળવાથી અર્થાત્ આ ત્રણેનું એકત્વ એ કેવલી અને સિદ્ધોનું સહજાનંદીપણું છે. આવો આનંદ કેવલી ભગવંતો અને સિદ્ધ ભગવંતો પ્રતિપળે અનુભવી રહ્યા છે. જગતનો કોઈ પદાર્થ એમની પાસે નથી છતાં ઉત્કૃષ્ટ આનંદ અનુભવી રહ્યા છે. આવો આનંદ સાદિ અનંતકાળ સુધી તેઓ અનુભવશે. આવો આનંદ આપણા ખજાને પડ્યો છે એને આપણે ભૂલી ગયા છીએ અને એને કારણે જ વૈષયિક સુખોની ભીખ માંગી ચારગતિમાં ભટકી રહ્યા છીએ.

ભગવાન એ માધ્યમ છે તે નિશ્ચયથી જોતાં તો કશું આપતાં નથી તેમ કશું લેતા નથી. પ્રભુ એની પ્રભુતામાં ડૂબ્યા છે પણ સાધકને એ પ્રભુતા ઓળખાવાથી પોતાની ભીતરમાં વીર્યોલ્લાસ વધે છે. સાડાત્રણ ક્રોડ રૂંવાડા ખડાં થઈ જાય છે ત્યારે એનો ભક્તિભાવ એટલો પરાકાષ્ઠાએ પહોંચે છે કે એનું રીસાઈ ગયેલું પુણ્ય તત્કાળ ઉદયમાં આવી ફળ આપે છે.

એ ઉદયમાં માધ્યમ પ્રભુ બન્યા માટે ઉપચારથી પ્રભુએ આપ્યું એમ કહેવાય.

તત્ત્વદૃષ્ટિથી જોતાં તો કોઈ કોઈને આપતું નથી કે લેતું નથી. કોઈ કોઈને સુખી કરતું નથી કે કોઈ કોઈને દુઃખી કરતું નથી. પ્રાણીમાત્ર પોતાના કર્મના અનુસારે તે તે સંયોગો ઉપસ્થિત થાય ત્યારે તેવી તેવી સ્થિતિને તે પામે છે તેથી પોતાની દરેક સમયની સ્થિતિ માટે જીવ પોતે જ જવાબદાર છે. જે વખતે પ્રતિકૂળતા આવે અને આપણે બીજાને દોષ આપીએ એ આપણું અજ્ઞાન છે, એ મિથ્યાત્વ છે.

દેવચંદ્રજી મહારાજા સુવિધિનાથ પ્રભુને કહે છે કે આપ તો સિદ્ધપણાને પામ્યા છો તેથી અમારા જેવા સંસારમાં રખડતા જીવોને મોક્ષે જવા માટે પરમ આદર્શરૂપ છો, પરમ આલંબન રૂપ છો, પરમ આધાર છો, આપ ત્રાતા છો, ભ્રાતા છો. આપના સ્વરૂપનું ચિંતવન કરીને જ ભવિજીવો આપને ધ્યાવે છે અને તેથી આપના જેવા થઈ જાય છે. એટલે કે ચારે ગતિથી વિલક્ષણ એવી પંચમગતિને પામે છે. ઈયળ ભમરીનું ધ્યાન કરતાં ભમરી બની જાય છે તેમ પરમાત્માનું ધ્યાન કરતાં આત્મા, પરમાત્મા બની જાય છે. અને આ જ પરમાત્માનો આપણી ઉપરનો મોટો ઉપકાર છે.

પ્રક્રિયા એ બને છે કે સાધક જીવ સમાધિરસ નિમગ્ન સુવિધિનાથ પ્રભુનું નિમિત્ત પામીને પોતાના સહજ અનંત-ગુણાત્મક વીતરાગ ચૈતન્ય સ્વરૂપ કારણ પરમાત્માનું અવલંબન લે છે, ઉપયોગ તેના તરફ ઢાળી દે છે. આ રીતે વારંવાર કરતાં ભીતરમાં ગયેલો ઉપયોગ પોતાની પ્રભુતા દેખાડી દે છે. ધ્રુવ



તત્ત્વનાં અવલંબને સંસારમાં રખડતી પોતાની પર્યાયને ઊંડાણમાં ત્યાં સુધી લઈ જાય છે કે જ્યાં પોતાની પ્રભુતા પડેલી છે. નિજના ધ્રુવપણાનું અવલંબન એ જ પોતાની પ્રભુતા પામવાનો ઉપાય છે. તેમાં કારણરૂપે સુવિધિનાથ પ્રભુની પ્રભુતાના દર્શન કરવા મળ્યાં માટે સાધક ઉપાસક જીવ પ્રભુની ઉપકારતાને ભૂલી શકતો નથી અને તેથી અહો-અહોની ચર્યાથી આશ્ચર્યચકિત થઈ પ્રભુને ભજે છે. આ જ સાચો ભક્તિયોગ છે - ઉપાસનાયોગ છે.

ચારે ગતિઓ પરના નિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી. વિનાશી જ છે. અનાદિકાળથી પરભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ હવે સુવિધિનાથપ્રભુની મુદ્રાને જોતાં થઈ છે. ધ્રુવના આશ્રયે સાચો બોધ અને શ્રદ્ધાન ધ્રુવપણાને પામ્યા છે. ચારે ગતિઓમાં જે પરના નિમિત્તથી ભ્રમણ હતું તેનો વ્યવચ્છેદ અર્થાત્ અભાવ પંચમગતિમાં થયો. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ કહેવાય છે જેનું સ્થાન ચાર ગતિમાં છે. જ્યાં મોક્ષ એ તો આ ત્રિવર્ગમાં ન આવે, તેનું સ્થાન તો અપવર્ગમાં છે. અર્થાત્ હે પ્રભો! આપ આવી પંચમગતિને પામ્યા છો.

ફક્ત ફેર એટલો જ છે કે આપ પ્રગટ પરમાત્મા છો પણ અમે પ્રચ્છન્ન પરમાત્મા તો છીએ જ. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આપનામાં રહેલી પ્રભુતા પ્રગટ ઘી જેવી છે તો અમારામાં રહેલી પ્રભુતા દૂધમાં રહેલ અપ્રગટ ઘી જેવી છે. અજ્ઞાનાવસ્થામાં પર્યાય દૃષ્ટિ હોવાથી જીવને માત્ર બાહ્ય આકારનું દર્શન હતું જે એકાંત સ્વરૂપ હોવાથી મિથ્યા હતું તેને બદલે હવે પર્યાય સંપૂર્ણ શુદ્ધ થતાં દ્રવ્ય-પર્યાય અભેદમય અનેકાન્ત દર્શન થયું. આ જ પ્રભુની સાચી પ્રભુતા છે જેને પામીને જીવ કૃતકૃત્ય થાય છે.

જ્યાં સુધી કેવળ પર્યાય દૃષ્ટિ હોય છે ત્યાં સુધી કાચના ટુકડા જેવા સંયોગો અને સંયોગીભાવોમાં જ જીવ રાચે છે જ્યારે તત્ત્વદૃષ્ટિથી પરમાત્મ સ્વરૂપ ઓળખાય છે. ત્યારે કાચના ટુકડાતુલ્ય સંયોગોમાંથી મન ઊઠી જાય છે અને રત્નતુલ્ય પરમાત્મ સ્વરૂપ જ કિંમતી લાગે છે. એટલે પછી કાચના ટુકડા જેવા પત્ની, પૈસા, દીકરા-દીકરી, સ્વજન, વગેરેનો વિયોગ થાય તો પણ રત્નતુલ્ય પોતાનું સ્વરૂપ તો પોતાની પાસે જ છે એ સમાધાન કરી જીવ સમાધિ ટકાવે છે. આ જ પ્રભુનો આપણા ઉપરનો પરમ ઉપકાર છે.

અનાદિ કાલીન જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. જેમાં દ્રવ્ય-પર્યાય સ્વરૂપ અનેકાંતપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે. દર્શન-જ્ઞાનમયી ચેતના-સ્વરૂપ છે. અનંત ધર્માત્મક દ્રવ્ય સ્વરૂપ છે. દ્રવ્ય હોવાથી તે ગુણ-પર્યાયવાળો છે. તે સ્વ-પર પ્રકાશક છે. આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણ સ્વરૂપ છે. જીવ દ્રવ્ય-બાકીનાં પાંચે દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતું નથી. આવો આત્મા જ્યારે પોતાના વીતરાગભાવમાં સ્થિર થઈને રહે ત્યારે તે સ્વ-સમય કહેવાય છે અને પોતાને ભૂલીને રાગ-દ્વેષાદિ રૂપે પરિણમે ત્યારે તે પર-સમય કહેવાય છે એ પ્રમાણે જીવનું દ્વિવિધપણું છે. હે પ્રભો ! આપ સદાને માટે સ્વસમયમાં સ્થિત છો છતાં અમને આપનું આ સ્વરૂપ લક્ષમાં જ આવ્યું નથી. સ્વરૂપમાં રહેવું અને સ્વરૂપને પામવું એ જ મુક્તિનો ઉપાય છે એવું લગીરે જાણ્યું જ નહિ અને પર-પર્યાયમાં જ, પર-સમયમાં જ રાચવાપણું થયું છે.



હે નાથ! હે પ્રભુ! મારા જીવે અનાદિકાળમાં ક્યારે પણ સ્વભાવનો નિશ્ચય કર્યો નથી અને જ્યાં સુધી સ્વભાવનો નિશ્ચય નહિ થાય ત્યાં સુધી અનંત મોક્ષ નહિ થાય. બાહ્ય સાધનો તો અનંતા કર્યાં, પરંતુ આંતર સાધન કે જે ધર્મપ્રાપ્તિનું બીજ છે તે જ કર્યું નહિ.

**સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય**
**સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય?**

સત્ સાધનને સમજ્યા વિના ધર્મના જે બાહ્ય સાધનો કર્યા તે તો માત્ર સદ્‌ગતિ આપીને પરંપરાએ સંસાર ભ્રમણનાં નિમિત્ત થયા. ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ, મમતા તે તો છૂટ્યા નહિ, કષાયો જે અનુબંધથી ઘટવા જોઈએ તે ઘટ્યા નહિ, તેના વિના સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેની શક્તિ સહિત ભક્તિ ક્યાંથી આવે? અને તે ભક્તિ વિના સત્ સ્વરૂપ કે જે ગણધરાદિ દેવો પ્રરૂપે છે તે ક્યાંથી સમજાય? તેનું લક્ષ કેવી રીતે થાય ? તેની રુચિ કેવી રીતે જાગે? **સત્ સ્વરૂપના લક્ષ અને રુચિ વિના જે કાંઈ ધર્મ કરાય તે તો બધો અહંકાર, આસક્તિ, મમત્વ રૂપે જ પરિણમે,** બાહ્ય ત્યાગ, તપ, શાસ્ત્રાભ્યાસ, અણુવ્રત, મહાવ્રતોનું પાલન, નિર્દોષ ચર્યા, સમિતિ-ગુપ્તિ, કઠોર ચર્યા, ઉગ્ર ચર્યા, લોચ, વિહાર, પરિષહ, મૌન, પરોપકાર, શ્વાસનિરોધ, પ્રાણાયામ, આસન, ધારણા, યમ, નિયમ રૂપ બાહ્ય સાધન આ બધું તો અનંતી વાર કર્યું, તેના પ્રતાપે અનંતી વાર દેવલોકમાં જઈ આવ્યો પણ આત્માનું સત્ સ્વરૂપ સમજ્યો નહિ તેથી સંસાર પરિભ્રમણ અટક્યું નહિ અને મોક્ષમાર્ગ તરફ પ્રયાણ થયું નહિ.

મારી ભીતરમાં પડેલ જે ધ્રુવ સ્વભાવ છે, જે સહજ અનંત ગુણાત્મક વીતરાગ ચૈતન્ય સ્વરૂપ છે, જે ત્રિકાળ છે, જે અક્રિય છે, જે દ્રવ્ય સ્વભાવ રૂપે છે, તે જ મારું ત્રિકાળસત્ છે. તેનો આશ્રય કરતાં, તેના તરફ ઉપયોગને વારંવાર જોડતાં તે સત્ સ્વભાવના જોરે જ મારી પર્યાય શુદ્ધ, શુદ્ધતર અને શુદ્ધતમ બને છે અને અંતે પર્યાયમાં વીતરાગતા, કેવલજ્ઞાન અને સિદ્ધત્વ પ્રગટે છે. આવા ધ્રુવતત્ત્વના, નિરપેક્ષ સ્વભાવનાં બળે સત્ તત્ત્વની પ્રતીતિ કરવી, તેનું શ્રદ્ધાન કરવું તે જ નિશ્ચય શ્રદ્ધાન છે, તે જ યથાર્થ બીજ છે, તે જ આંતર સાધન છે. તેના બળે જ બાહ્ય સાધનોની સાર્થકતા છે. **જ્ઞાનીઓએ આવા સત્ સ્વરૂપના લક્ષે આદરાયેલા બાહ્ય સાધનોને પ્રમાણ ગણ્યા છે. નિશ્ચય વ્યવહાર ગર્ભિત મોક્ષમાર્ગ કહ્યો છે અને આને જ સુવિધિ કહેલ છે.** તેને જ અનુભવવાનો પુરુષાર્થ રુચિપૂર્વક કરવાનો છે.

હે નાથ! સત્‌ના લક્ષ વિનાનો કેવળ વ્યવહાર ધર્મસાધનનો શુભરાગ તો પુણ્યપ્રકૃતિઓનો બંધ કરાવે પણ સંવર નિર્જરારૂપ ધર્મને આપે નહિ તેથી જ તો કેવળ બાહ્ય સાધનોથી ધર્મ થતો નથી, પણ ધર્મની ક્રિયા થાય છે તેથી હે પ્રભો હવે સમજાય છે કે પ્રથમ કર્તવ્ય રૂપે તો આત્માના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરવી જોઈએ.

અનંત ભવચક્રમાં ૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરતાં આત્માને ચોલ્લક, પાશકાદિ દશ દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય ભવ મળવો મુશ્કેલ છે. તેમાંય અનેકાન્ત સ્વરૂપની ઘોષણા કરનાર વીતરાગ ધર્મ મળવો મુશ્કેલ છે. તો હવે તેવા ધર્મના શ્રવણ, મનન, ચિંતનના પુરુષાર્થ દ્વારા પોતાના સત્ એવા



ત્રિકાળી સ્વભાવના જોરે નિરપેક્ષ તત્ત્વની શ્રદ્ધા કરીને સ્વાધીન બનવું આ જ નિશ્ચય સાધન કહ્યું છે.

મનુષ્યભવમાં ચક્રવર્તી બનવાના પુણ્ય કરતાં અનંતગુણી પુણ્યરાશિ એકત્રિત થાય ત્યારે સર્વજ્ઞ પરમાત્માની વાણી સંભળાવનારા મળે છે, વીતરાગ વિજ્ઞાન સમજવા મળે છે, જો આ વીતરાગ વિજ્ઞાન સમજાઈ જાય અને સમ્યગ્ પરિણમે તો મોક્ષ ચપટીમાં છે. **મોક્ષ દુર્લભ નથી પણ મોક્ષદાતા દુર્લભ છે.**

આત્મા વિજ્ઞાનમય છે તેમાંથી આજે Science નીકળી ગયું છે તેની જગ્યાએ Sense આવી છે. Sense એટલે બુદ્ધિ અને Science એટલે વિજ્ઞાન. જ્ઞાનનું જ્ઞાનમાં વિરમવાપણું છે, તે વિજ્ઞાન છે.

**વિજ્ઞાન એટલે જ્ઞાનનું જ્ઞાયકમાં ઠરવાપણું એટલે જ્ઞાન પોતાના દ્રવ્ય સ્વભાવમાં ઠરી જાય તે વિજ્ઞાન અને જ્ઞાન બહાર નીકળીને જગતની સાથે એટલે કે પાંચે ઈન્દ્રિયોના વિષય સાથે જોડાય તે Sense.**

**Senseથી સંસાર છે. Science - વિજ્ઞાનથી મોક્ષ છે.** બુદ્ધિ એ તો ચમચી જેવી છે તેનાથી જ્ઞાનનો મહાસાગર કેવી રીતે માપી શકાય?

હે નાથ! આ ચારગતિરૂપ સંસારમાં મારા ઉપયોગની સ્થિરતા થઈ, એ મારો અસિદ્ધ ભાવ છે; એ સ્થિરતા ત્યાંથી નીકળે અને સ્વરૂપમાં સ્થિરતા પામે તો મારો સિદ્ધભાવ પ્રગટ થાય. તે માટે પ્રભુની મૂર્તિમાં પ્રભુતા જોવાનો અભ્યાસ કરવાનો છે.

પરંતુ હે પ્રભો! મારા આત્માએ તો આજ સુધીમાં કુવિધિ રૂપ

કર્મોના ઉદયની સ્થિતિમાં મિથ્યાત્વયુક્ત ભાવોને જ કર્યા. જીવાદિ તત્ત્વોમાં વિપરીત શ્રદ્ધાન, વિપરીત અભિનિવેશાદિ કર્યો. નિશ્ચય-વ્યવહાર ગર્ભિત મોક્ષમાર્ગ ન બતાવનાર એવા રાગી-દ્વેષી દેવોને ધર્મબુદ્ધિથી દેવ માન્યા. નિર્ગ્રંથ ગુરુ સિવાય અન્યને ગુરુ માન્યા. જે મિથ્યાત્વ જ હતું. અનંતકાળમાં અમારા જેવા અજ્ઞ જીવોએ શત્રુઓના નાશ કરવા માટે, રોગાદિના નાશ માટે, ધન, પત્ની, પુત્રાદિને પ્રાપ્તિ માટે હોમ, હવન, યજ્ઞ, યાગાદિ કર્યા, આ બધાં દ્વારા મિથ્યાત્વને જ પુષ્ટ કર્યું. જેના દ્વારા મોક્ષમાર્ગપ્રાપ્તિ દુર્લભ જ રહી અને ભવોની પરંપરા વધારી એકેન્દ્રિય તેમજ નરકાદિમાં દુઃખને જ અનુભવ્યું. વિષય-કષાયાદિની પુષ્ટિ કરી. અહં અને મમત્વ જ વધાર્યું. જે મારું નહોતું તેવા દેહ, ઈન્દ્રિય, કુટુંબ, પરિવાર, માતા-પિતા-ભાઈ-બહેન-પત્ની-દીકરા-દીકરી, ઘર, પેઢી, ધંધાધાપા, વજીફા, ગાડી, વાડી, લાડીમાં ભાનભૂલા બનીને ખૂબ રાચ્યો, માચ્યો, કુદેવાદિના સંગે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયને પુષ્ટ કરી કેવળ સંસાર-સંસારને સંસારમાં જ રખડ્યો.

હે પ્રભો! આપે બતાવેલ મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય, ચારિત્રનું સમ્યગ્ પાલન, આત્માનું અનંતસુખ, સ્યાદ્વાદદૃષ્ટિ, ગુણગ્રાહિતા, આગ્રહનો અભાવ વગેરેને તો સ્વપ્નમાં પણ જાણ્યુ નહિ.

હે નાથ! આપને અનંત સુખ છે. આપને નિરંતર નિરાકુળપણુ વર્તે છે. દુઃખ માત્રનો આપને અભાવ છે, આપે વિકારો અને વિકલ્પોનો ત્યાગ કરી જ્ઞાનને પૂર્ણ બનાવ્યું અને દેહાતીત બની સિદ્ધત્ત્વને પામ્યા. જ્યારે અમે તો સતત આકુળતાના કારણભૂત રાગ-દ્વેષ તેમજ ક્રોધ, માન, માયા, લોભને સેવીને દુઃખનો



દરિયો જ ઊભો કર્યો છે. રાગ-દ્વેષથી ઉપરંજિત ચિત્તવૃત્તિને કરીને દ્રવ્ય-ભાવ ઉભયથી સંસાર રૂપે જ પરિણમ્યા છીએ.

આ ચારગતિમય સંસારના સંચરણમાં સ્થિરતા થઈ તે જ મારો અસિદ્ધભાવ છે. જ્યાં સુધી સંપૂર્ણ કર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી સ્વભાવ ભાવની અસિદ્ધિ છે તે અસિદ્ધભાવનો નાશ કરવાના હેતુએ કરીને આપને સ્તવું છું કે...

**"ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ!"**

સમાધિરસ નિમગ્ન, ઉપશમભાવમાં ડૂબેલા એવા આપના દર્શન અનંતભવ ચક્રમાં પહેલ વહેલી વાર થતાં જ મને મારા આત્માનું સ્મરણ થયું. અર્થાત્ મારો આત્મા પણ તેવો જ છે એવું શ્રદ્ધાન થયું અને મન, વિભાવ ભાવોથી - મિથ્યાભાવોથી - સંસારભાવોથી ઓસરી ગયું. પાછુ ફર્યું.

આત્મસ્વરૂપનું અજ્ઞાન પરમાત્માને સમાધિરસ નિમગ્ન રૂપે અને સુખના પુંજ રૂપે જોવા દેતું નથી. વિભાવભાવોથી મનનું ઓસરી જવું તે નિર્વેદ છે અને સમાધિરસ નિમગ્ન રૂપે પરમાત્માને જોવા તે સંવેગ છે.

હે નાથ! હવે મને સમજાય છે કે અનંતકાળમાં મારી પાસે જ્ઞાનચેતના જ નહોતી. કર્મચેતના અને કર્મફળ ચેતના જ હતી. ધ્યાન તો ધરતો હતો પણ નિરપેક્ષ એવા ધ્રુવ તત્ત્વનું શ્રદ્ધાન અને લક્ષ જ નહોતું. શાસ્ત્રાભ્યાસ તો ઘણો કર્યો પણ સ્વરૂપના લક્ષ વિના જ કર્યો એટલે આનંદઘનજી મહારાજ કહે છે તેમ, "માખન થા સો વિરલા પાયા, છાશે જગ ભરમાયા" તેવી સ્થિતિ થઈ. આત્માની અનુભૂતિ રૂપ માખણ ન મળ્યું પણ પુણ્યકર્મના બંધરૂપ અને ભોગોની પ્રાપ્તિરૂપ છાશ જ મળી.

કષાયની મંદતા થઈ તે પણ અંતે તો દુઃખના કારણભૂત જ બની.

દેવચંદ્રજી મહારાજા પણ મહાવીર જિન સ્તવનામાં લખે છે કે —

**સ્વામીગુણ ઓળખી સ્વામીને જે ભજે દરિસણ શુદ્ધતા તેહ પામે,**
**જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય ઉલ્લાસથી, કર્મ જીપી વસે મુક્તિ ધામે.**
**... તાર હો તાર પ્રભુ...**

ટૂંકમાં અજ્ઞાન અને મોહ વડે કરીને ધર્મની કે સંસારની જે કાંઈ પણ પ્રવૃત્તિ કરી તેના દ્વારા સંસારના વિષચક્રને ઘૂંટ્યું તેના વડે અનંત સંસાર લંબાયો.

અત્યાર સુધી પ્રભુ દર્શન માટે જવાયું પણ વિચારોનું પૂર ચાલુ જ હતું. વિચારોની ક્ષણે ક્ષણે બદલાતી મનોભૂમિકા પર પ્રભુનું દર્શન-સમતારસનું દર્શન કઈ રીતે શક્ય બને? **સાધકે મનોજગતમાંથી વિચારોને ભૂંસી નાખવાના છે.**

એક સાધક ગુરુ પાસે ગયો. એણે પૂછ્યું ભગવાન બુદ્ધના ચહેરા પર કેવો પ્રશમરસ રેલાતો હશે? ગુરુએ એને બોચીમાંથી પકડ્યો અને નીચે ફેંક્યો. સદ્‌ભાગ્યે નીચે ધૂળ જ ધૂળ હતી. જેવો તે નીચે પટકાયો કે તરત જ ગુરુએ બારીમાંથી પોતાનું મોઢું બહાર કાઢી પૂછ્યું : હવે ખબર પડી કે ભગવાનના ચહેરા પર કેવો પ્રશમરસ રેલાતો હશે?

નીચે પટકવાની ઘટના એકદમ આકસ્મિક હતી. એટલે જેવી એ નીચે ફેંકવાની ઘટના બની કે એક, બે ક્ષણ માટે સાધક દિઙ્‌મૂઢ બન્યો. આ ક્ષણોમાં વિચાર નથી હોતા. ગુરુએ જોયેલું કે જ્યારે સાધકે પ્રશ્ન પૂછ્યો તો ત્યારે તે વૈચારિક ઉપર છલ્લી ભૂમિકા



પર હતો. જો એ ધ્યાનની સુવર્ણમયી પળોમાં હોત તો ગુરુના ચહેરા પરના પ્રશમરસને જોઈને બુદ્ધના ચહેરા પરના પ્રશમરસનું અનુમાન કરી લેત. નીચે પટકાવાની ક્રિયાથી ક્ષણ-બેક્ષણ જે દિઙ્‌મૂઢતા હતી ત્યાં વિચાર નહોતા માત્ર જોવાપણું હતું. આવું વિચાર વગરનું માત્ર જોવાપણું-જાણવાપણું તે જ પ્રશમરસની ધારા છે.

રાત્રે ઊંઘમાંથી તમે ઊઠો ત્યારે જોજો : એકાદ મિનિટ તમને ખ્યાલ નહિ આવે કે તમે ક્યાં છો? એક સાધુ વિહારમાં હોય, નવા કોઈ ગામમાં ઊતર્યા હોય. રાત્રે જાગે ત્યારે એ પોતે ક્યાં છે? કયા ગામમાં છે? એ કશો ખ્યાલ આવતો નથી પછી એકાદ મિનિટમાં જ જ્ઞાનતંતુઓની શૃંખલા ચાલુ થઈ જાય છે અને વિચાર શરૂ થાય છે. પોતે ક્યાં છે તેનો ખ્યાલ આવી જાય છે.

જ્યારે કાર વગેરેનો અકસ્માત થાય ત્યારે પણ એકાદ મિનિટ માટે ફેંકાયેલ માણસને શું થઈ રહ્યું છે એનો ખ્યાલ નથી આવતો. પૂર્વના કાળમાં ગુરુઓ જ્યારે શિષ્યને આવી નિર્વિચારની પળો આવે ત્યારે તેની આંખોમાં આંખો પરોવી દેતા. શક્તિપાત થઈ જતો અને શિષ્યને પોતે કોણ છે તેનો ખ્યાલ આવી જતો અને શિષ્ય ગુરુના ચરણોમાં ઝૂકી પડતો.

એટલે ગુરુ બેવડી ક્રિયા કરે છે. પરમરસ પીવા સાધકને તૈયાર પણ કરે છે અને તૈયાર થાય ત્યારે પરમરસ પીવડાવી પણ દે છે.

રેલવેના ડબ્બામાં ભાથાનો ડબ્બો આપણી પાસે છે જ પણ છાપા વાંચવામાં મશગૂલ થઈ ગયેલા એવા આપણને કાંઈ યાદ

જ નથી. ભૂખ ભુલાઈ ગઈ છે પણ બાજુવાળાએ પોતાનો ભાથાનો ડબ્બો ખોલ્યો અને ખાવાનુ શરૂ કર્યું તો આપણને પણ આપણો ભાથાનો ડબ્બો ખ્યાલ આવ્યો તેમ પ્રશમરસમાં ડૂબેલા પ્રભુને જોતાં સાધકને પોતાને પણ પોતાનું તેવું સ્વરૂપ યાદ આવ્યું.

**સમાધિશતકમાં—**

**આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્‌ગલ ખેલ,**
**ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મન મેલ.**

**ઉત્તરાધ્યયનસૂત્ર મૃગાપુત્રીય અધ્યયનમાં** - રેણુયં વ પડે લગ્ગં, નિધ્ધુણિત્તાણ નિગ્ગાઓ.

કપડા પર રહેલી ધૂળને ખંખેરીને કોઈ ચાલી નીકળે તેમ મૃગાપુત્ર ચાલી નીકળ્યા... **સ્વભાવની દુનિયા ગમે એટલે વિભાવો છૂટી જાય.**

● **વસ્ત્રોના પડિલેહણની જેમ મનનું પડિલેહણ થશે તો વિભાવો છૂટી જશે. એટલે વિધિ એ થઈ કે મનને જોવાનું સતત ચાલુ રહેવું જોઈએ. આપણા મન ઉપર સતત વિભાવોની ધૂળ લાગ્યા કરે છે તેને સ્વરૂપનું સ્મરણ કરવા દ્વારા વારંવાર દૂર કરવી જોઈએ.**

કહ્યું છે કે જીવને સંસારમાં અનાદિથી ભેદરૂપ વ્યવહારનો પક્ષ છે. મારા અને તારા રૂપ ભેદદષ્ટિ પણ અનાદિથી છે જે છૂટતી જ નથી. જીવ ધર્મ કરે છે પણ તેને છોડવા પ્રયત્ન જ કરતો નથી અને ધર્મની ક્રિયારૂપ વ્યવહારને કરતાં કરતાં આત્મા ઓળખાઈ જશે અને આત્મા મળી જશે એ એવું માને છે. પણ તે બરાબર નથી. આત્મા એ નિરપેક્ષ તત્ત્વ છે તેની પ્રાપ્તિ



નિરપેક્ષ એવી સ્વભાવ દૃષ્ટિથી છે. જ્યારે વ્યવહાર દૃષ્ટિ એ સાપેક્ષ છે, પરાધીન છે અને પરતંત્ર છે. વ્યવહાર ધર્મની આચરણાથી આત્માની પ્રાપ્તિ થઈ શકે પણ વ્યવહાર દૃષ્ટિ અને વ્યવહાર ધર્મ એ જ ધર્મ છે એવી માન્યતા રાખવાથી તત્ત્વદૃષ્ટિ કે તત્ત્વની પ્રાપ્તિ ન થાય. આમ તો કહ્યું છે કે 'બાહ્યદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિ તે સમ્યગ્ દૃષ્ટિ.

કિન્તુ હવે સમજાય છે કે નિરપેક્ષ દૃષ્ટિ તે જ સમ્યગ્ દૃષ્ટિ હોય, જ્યાં કોઈ નયપક્ષ ઊભા થવાની વાત જ ન આવે. કેમ કે જે નિરપેક્ષ વસ્તુ છે તેની નિશ્ચયનય કે વ્યવહારનયથી પ્રાપ્તિ માનવી તે જ મોટો વિષમભાવ છે.

**વ્યવહારનય વસ્તુનું સ્વરૂપ સ્થૂલથી સમજાવે છે.**
**નિશ્ચય નય વસ્તુનું સ્વરૂપ સૂક્ષ્મથી સમજાવે છે.**

પણ વસ્તુની પ્રાપ્તિ તો નયપક્ષથી અતિક્રાન્ત થઈને પોતાના ઘરમાં આવવાથી જ મળે. નયો એ શ્રુત જ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન વિકલ્પાત્મક છે. જ્યારે આત્મા એ નિર્વિકલ્પ તત્ત્વ છે. વિકલ્પથી નિર્વિકલ્પ સ્વરૂપ સમજી શકાય છે પણ પામી શકાતું નથી, એટલે જ કહ્યું છે કે પ્રકૃતિના બની રહેવાથી પુરુષ ચૈતન્યની પ્રાપ્તિ ન થાય, પણ પુરુષ બનીને પુરુષની પ્રાપ્તિ થાય. કહ્યું છે કે –

**"જિન સ્વરૂપ થઈ જિન આરાધે તે સવિ જિનવર હોવે રે..."**

સ્વભાવથી સ્વભાવને પામવો એ જ મોટો માધ્યસ્થ ભાવ છે. સ્વભાવથી સ્વભાવને જાણતાં વિધિ-નિષેધના ક્લેશમય વિકલ્પો વિરામ પામી જાય છે. **"ભાસ્યો આત્મસ્વરૂપ".**

હે સુવિધિનાથ પ્રભો! આપની મુખમુદ્રાની તેજધારામાં આ સઘળું 'સુવિધિ' રૂપ જણાય છે. હે પ્રભો! મારા સ્વભાવની પ્રાપ્તિ માટે હું આપને પ્રાર્થના કરું છું કે મારી આ ઉપાસના સ્વભાવની પ્રાપ્તિ માટે જ થાય.

આપે જ કહ્યું છે કે, સ્વભાવથી સ્વભાવને જાણ, બીજા કોઈથી નહિ, કારણ કે સ્વભાવનો કદી અભાવ થતો નથી. સ્વભાવ વસ્તુમાં સદા વિદ્યમાન રહે છે. આત્માનો સ્વભાવ આત્મામાં - સ્વરૂપમાં રહેવાનો છે તેનો કદી અભાવ થતો નથી પણ તેનો આજે તિરોભાવ થયો છે. તે ઢંકાઈ ગયો છે.

આત્માનું વિભાવ પરિણમન સદાને માટે દૂર કરી તેને તેના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત કરવો તે જ સ્વભાવની પ્રાપ્તિ કહેવાય. આત્મા સ્વભાવથી જ્ઞાયક છે, પ્રત્યક્ષ જ્ઞાતા છે. સ્વનો ભાવ તે સ્વભાવ. સ્વનું ભવન તે સ્વભાવ હોવાથી જ્ઞાનક્રિયા એ સ્વભાવ ભૂત છે. દ્રવ્ય સ્વભાવ (ત્રિકાળી દ્રવ્ય) અનાદિ અનંત જ્ઞાનમાં નિત્ય જણાયા જ કરે છે અને જ્ઞાન અનાદિ અનંત આત્માને જાણ્યા જ કરે છે. આ જ વસ્તુસ્થિતિ છે અને તેના સ્વીકારમાં જ આત્માની અનુભૂતિ રહેલી છે. સ્વભાવથી જ સ્વભાવની સિદ્ધિ થાય – પ્રાપ્તિ થાય. સ્વભાવ નયોથી સિદ્ધ ન થાય, પ્રાપ્ત ન થાય, નય, પ્રમાણ, નિક્ષેપાઓ, વગેરે સ્વભાવનો નિર્ણય કરાવે, અનુમાન કરાવે પણ અનુભવ ન કરાવે. તે તો સ્વભાવથી જ થાય.

વસ્તુમાં દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ બંને રહેલા છે. **દ્રવ્ય સ્વભાવ અસ્ખલિતપણે જ્ઞાયકનું ભાન કરાવે છે અને પર્યાય સ્વભાવ અસ્ખલિતપણે પરિણમનનું ભાન કરાવે છે.** આથી



નિશ્ચિત થયું કે આત્મા રાગને કરતો નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. કારણ કે જ્ઞાનસ્વભાવી આત્મા તો જે વસ્તુ જેવી હોય તેને માત્ર જણાવે પણ તેમાં કોઈ ફેરફાર કરે નહિ. આત્મા તો અનાદિ અનંત, અબદ્ધ, અકર્તા, અકારક અને અવેદક છે માટે તેને અનાદિ અનંત, કર્તાપણું લાગુ પડતું નથી. **એક દ્રવ્ય સ્વભાવ કે જે ત્રિકાળ છે અને એક પર્યાય સ્વભાવ કે જે ક્ષણિક છે તે બન્ને સ્વભાવને લક્ષમાં લે તો એક એવો આત્માનો અનુભવ થાય. આત્માના અનુભવની આ જ વિધિ છે તે જ સુવિધિ છે** અને તેને જ પ્રભુ બતાવી રહ્યા છે કે જેમાં કુવિધિનો સર્વાંશે અભાવ છે જે સર્વાંશે વિસરાઈ ગયેલી હતી, ભુલાઈ ગઈ હતી. સ્મરણપટમાં આવી જ નહોતી હવે સમજાય છે કે નિજ-સ્વરૂપ જ મુક્તિનું કારણ છે.

**"સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ"**

જેટલા જેટલા વિભાવ ભાવો છે તે બધા ઉપાધિ છે. આત્મગુણોનું વિપરીત પ્રવર્તન, કાષાયિક પરિણામ, તપ્તતા, વક્રતા, ઉદ્ધતાઈ, આડાઈ, અવળચંડાઈ આ બધું ઉપાધિ છે. બાહ્યમાં સાવદ્ય યોગની પ્રવૃત્તિ અને અંદરમાં સાવદ્ય ઉપયોગનું - ક્રોધાદિનું સ્ફુરણ તે ઉપાધિ છે, સમાધિમગ્ન આત્માને આખો સંસાર ઉપાધિમય લાગે છે, સંસારવર્તી તમામ ભાવો એ વિભાવભાવો લાગે છે. કર્મગ્રંથમાં બતાવેલી બધી જ પ્રકૃતિનો ઉદય ઉપાધિ લાગે છે. માટે તે તેનો કર્તા બનતો નથી.

હે પ્રભો! આપની સમાધિરસ નિમગ્ન મુદ્રાને નિહાળતાં મારામાં રહેલ તમામ શુભાશુભભાવો રૂપ વિભાવભાવો મને હવે ઉપાધિરૂપ જણાયા, અર્થાત્ મારા આત્માના સ્વરૂપમાં એ છે જ

નહિ એમ નિર્ણય થયો. ગતિનામકર્મના ઉદયે ચારે ગતિમાં દેવ-નારક-તિર્યંચ અને મનુષ્ય રૂપે મેં અનંતાભવો ભવચક્રમાં કર્યા તે બધા ભવો મિથ્યાત્વના ઉદયે થયા. વિપરીત અભિનિવેશ, અતત્ત્વ શ્રદ્ધાનરૂપ ભાવોથી થયા. એટલે ત્યાં મોક્ષમાર્ગનો અભાવ જ રહ્યો. સાચા દેવ, ગુરુ ધર્મ ન મળ્યા, મળ્યા તો તે રૂપે મેં ઓળખ્યા નહિ, છ દ્રવ્યો, નવ તત્ત્વો, સ્યાદ્‌વાદ, નય, નિક્ષેપ, પ્રમાણ, સપ્તભંગી, આત્મા, પરમાત્મા, સંસાર, મોક્ષ, જીવ, અજીવ, વગેરે કોઈ પણ ચીજ મેં સાચા સ્વરૂપમાં જાણી જ નહિ. તેથી તેની શ્રદ્ધા પણ ન થઈ અને આ શ્રદ્ધાના અભાવમાં તો આત્માને સંસારમાં રખડવાનું જ થયું. હે નાથ! આ સંસારમાં મારો અનંતકાળ આમ ભટકવામાં અને રખડવામાં જ ગયો. આપના વિના મેં બહુ દુઃખ વેઠ્યાં.

સાચા સાધકને વધુ બોલવું પડે કે વિચારવું પડે તો તેનો પણ તેને થાક લાગે પછી ધ્યાનમાં જઈને તાજા થાય.

અનુભૂતિની સોય હાથવગી હોય ત્યાં શબ્દોની તલવાર વાપરવાનું સાધકને કોઈ પ્રયોજન રહેતું નથી. ધ્યાન દ્વારા થતો ઊંડો અનુભવ તે સમાધિ. સ્વરૂપમાં રમણતા તે સમાધિ.

વિચારોને જોવાની પ્રક્રિયા સઘન રીતે કરતાં વિચારોનો વેગ ઘણો જ ઘટી જાય છે. સાધનામાં નિરાશ નથી થવાનું પણ સાવધાન તો બનવાનું જ છે. વિચારો આવે ત્યારે તેમને જોવાના છે. તેમાં ભળવાનું નથી.

હે નાથ! જો સાચા દેવ ગુરુ ન મળે તો ધર્મ કોના આશ્રયે પ્રવર્તે? ધર્મને કોણ ગ્રહણ કરાવે? આપ્તપુરુષ, સત્‌પુરુષ વિના કોણ માર્ગ બતાવે? કોણ સત્‌ની ઓળખ આપે? હેય, ઉપાદેયનું



ભાન કોણ કરાવે? મોક્ષમાર્ગ કોના આલંબને પ્રવર્તે?

જ્યાં સુધી ગુણગુણીના ભેદરૂપ વિકલ્પો ઊઠે છે ત્યાં સુધી તે જીવ વ્યવહારનયાવલંબી છે અને જ્યારે ગુણગુણીની અભેદવિવક્ષાથી દ્રવ્ય સત્‌ માત્ર છે, સ્વતઃસિદ્ધ છે, અનાદિ-નિધન છે, નિર્વિકલ્પ છે, સહજ છે એવા વિકલ્પ ઊઠે છે ત્યાં તે અભેદ વિકલ્પ છે અને નિશ્ચય અવલંબી દશા છે અને જ્યારે આત્મધ્યાનમાં લીન થઈ અંદરમાં તન્મય થઈ જાય છે અને બુદ્ધિપૂર્વકના વિકલ્પથી પર થઈ જાય છે ત્યારે ત્યાં નિર્વિકલ્પ ઉપયોગ શુદ્ધ ઉપયોગમય દશા છે.

ઉપાધિમય સંસારમાં દેહને હું માનીને અને દેહસંબંધી પદાર્થોને મારા માનીને પાપમોહિત બુદ્ધિ વડે મેં નિરંતર આર્ત અને રૌદ્રધ્યાનને જ ધ્યાયા છે. ધર્મ અને શુકલધ્યાનને ધ્યાયા નથી. જિનેશ્વરે બતાવેલ બાહ્ય લિંગને ધારણ કરવા માત્રથી ધર્મ માન્યો પણ પરમ મોક્ષદાયક ભાવધર્મને, વીતરાગ વિજ્ઞાનને ન જાણ્યું. આત્મા વિજ્ઞાન સ્વરૂપ છે. એ શ્રદ્ધા ન કરી - ન થઈ. ચિત્તમાં ત્યાગ-વૈરાગ્ય-ઉદાસીનતા અને જ્ઞાન-ધ્યાનનો રુચિપૂર્વકનો પુરુષાર્થ ન કર્યો, શાસ્ત્રો ભણીને જાણકારી વધારી પણ સમજણ ન વધારી આત્મઘરમાં — સ્વરૂપમાં ન ઠર્યો. શ્રદ્ધા વિના જ્ઞાન અને ચારિત્ર પાળવા છતાં કોરો ને કોરો રહ્યો.

મોહથી પર દ્રવ્યમાં જ રતિ કરીને મૂઢ અજ્ઞાની બનીને સ્વરૂપ વિપરીતતાને જ પામ્યો. વ્રત, તપ, જપ, પૂજા, દાન, શીલ, વગેરે આચરણ પુણ્ય હેતુએ જ કર્યું. હે નાથ! હે સુવિધિનાથપ્રભુ! આપના અભાવમાં મેં ધર્મના નામે પણ કુવિધિઓરૂપ ઉપાધિને જ ભજી છે. સમાધિ ભાવમાં નિરંતર મગ્ન રહેવું એ જ સાચી

સુવિધિ છે એ મેં ન જાણ્યું. હું પોતે, પોતાને, પોતાના વડે, પોતાના માટે, પોતાનામાંથી અજ્ઞાનને દૂર કરીને પોતાનામાં અનુભવું તો જ આ જન્મ સાર્થક થાય એ ભાન મને આજ સુધી આવ્યું નહિ. આજે જ કોઈ મહાન પુણ્યોદય જાગતા મને આપની સમાધિરસમાં ડૂબેલી ચેતનાના દર્શન થયાં. આપ પરમાનંદમાં ડૂબીને પરમાનંદને માણી રહ્યા છો એવું મને જણાયું. એની સામે વિષય-કષાય, જન્મ-મરણ, સંયોગ-વિયોગ, રાગ-દ્વેષ, રતિ-અરતિ આ બધી ઉપાધિઓમાં ડૂબેલી મારી ચેતના અનંતકાળથી ચારે ગતિમાં કર્મસત્તાનો કેવો માર ખાઈ રહી છે અને મને કેવો અધમૂઓ કરી નાખ્યો છે તેનું ભાન મને થયું.

તેથી હે પ્રભુ! હવે સમજાય છે કે સિદ્ધ પરમાત્મા જેવી પૂર્ણ, પવિત્ર, શક્તિ જીવમાત્રમાં સત્તાએ પડી છે. આત્મામાં બેહદ જ્ઞાન, સમતા, સમાધિ રહેલ છે તેને ભૂલીને વિષય-કષાયની વાસનામાં જોડાવું અને એમાં જ સુખબુદ્ધિ કરવી તે તો મહાન પાપ જ કહ્યું છે. તેમાં તો આત્માના સ્વાધીન સ્વભાવની અનંતી હિંસા છે. તેથી હે ચેતન! તું સ્વયંને ચેત - તેને જાણ, તો પાત્રતા વિકસિત થયે છતે સ્વ-સ્વરૂપને પામી શકાય.

જ્ઞાનીઓએ બતાવેલ ધર્મના બાહ્ય સાધનો એ સ્વરૂપના લક્ષે કરાય તો ઈષ્ટની પ્રાપ્તિ થાય તેમાં સાધન એ તો સાધન જ છે અને સાધ્ય તે તો સાધ્ય જ છે. સાધનને સાધ્ય ન કહેવાય અને સાધ્યને સાધન ન કહેવાય. એવી દ્રઢતા થતાં સમજાયું કે નિજભાવમાં જાય તે જ્ઞાન અને શુદ્ધ ઉપયોગ રૂપે પરિણમે તે જ્ઞાન. પરભાવમાં જાય તે અજ્ઞાન અને જે અશુદ્ધ ઉપયોગ રૂપે



પરિણમે તે અજ્ઞાન. અને જ્યાં અજ્ઞાન ત્યાં બંધન, જ્યાં જ્ઞાન ત્યાં છુટકારો અને જ્યાં ઉપયોગ સંપૂર્ણપણે સ્વભાવમાં પરિણમી જાય ત્યાં કેવલજ્ઞાન.

સમાધિરસ નિમગ્ન આપની મુદ્રાને જોતાં ચારે ગતિરૂપ સંસાર અને તેની બધી જ અવસ્થાઓ મને ઉપાધિરૂપ, ત્રાસરૂપ અને દુઃખદાયક લાગી. આ સંસારમાં ઈન્દ્ર હો, ચક્રવર્તી હો, નરેન્દ્ર હો, શ્રેષ્ઠી હો, અમાત્ય હો, કે અહમ્ ઈન્દ્ર હો - કોઈ પણ સુખી નથી, કારણ બધા જ ઉપાધિમાં ડૂબેલા છે, કર્મ સત્તાનો માર ખાઈ રહ્યા છે. બધા જ અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાઈ રહ્યા છે અને તેથી જ સકલ વિભાવરૂપ ઉપાધિ થકી મારું મન ઓસરી ગયું છે. હવે મને આ સંસારમાં ક્યાંય સુખ દેખાતું નથી એટલે સંસારની કોઈ પણ ચીજને પામવાની ઈચ્છા નથી, કેવળ મને નિરંતર મારા ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનો આશ્રય રહો, એના અવલંબને હું મોક્ષમાર્ગ સાધું એ જ મારી ભાવના છે.

જ્ઞાનધારા અને વીર્યધારા બન્ને પરિપૂર્ણપણે સ્વરૂપમાં અભેદ રૂપે સમાઈ જાય તે સમાધિ છે.

**"સાદિ અનંત અનંત સમાધિ સુખમાં**
**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો."**

બાહ્ય જ્ઞેયોમાંથી ઉપયોગ ખસીને જ્ઞાયક ભાવમાં ચાલ્યો જાય એ જ ચિત્તનું વિભાવભાવોથી ઓસરી જવાપણું છે.

કેવલજ્ઞાન કાલે જ્ઞાન સંપૂર્ણપણે આનંદમાં ડૂબી ગયેલ છે તે કાલે જ્ઞાનની સપાટી પર વિશ્વના તમામ જ્ઞેયો એના અનંત પર્યાયો સહિત ઝળકે છે એટલે તે વખતે આત્માને અનંત સમાધિરસનું વેદન છે. આવા અનંત સમાધિરસમાં ડૂબેલા

પરમાત્માની મુદ્રાને મેં જોઈ અને મારું મન વિભાવભાવો રૂપી ઉપાધિથી ઓસરી ગયું - મન ઊઠી ગયું. સંસાર દુઃખનો દરિયો છે. સર્વત્ર બનાવટ છે. મીઠાના ડબ્બા ઉપર સાકરના લેબલ મારેલાં છે એટલે હવે મારું મન પ્રભુને પામવા ઉત્સાહિત બન્યું છે.

**"સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ ॥"**

આત્માની શુદ્ધ સત્તા કે જે વીતરાગતારૂપ અને પૂર્ણજ્ઞાનમય છે તેને સાધી આપનાર માર્ગ તે સાધનમાર્ગ છે કે જે અભ્યંતર વીતરાગ પરિણતિરૂપ છે. તેના તરફ ઉપયોગનું સહજપણે સંચરણ થયું.

વીતરાગ વિજ્ઞાનથી જ મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે અને તેનાથી જ મોક્ષ પમાય છે. મોક્ષ પણ વીતરાગ વિજ્ઞાનથી જુદો નથી. કારણ કે તેમાં જે વીતરાગતા છે તે જ પૂર્ણ ચારિત્ર છે. યથાખ્યાત ચારિત્ર છે. જ્યાં પૂર્ણ ચારિત્ર હોય ત્યાં ક્ષાયિકભાવે સમ્યગ્દર્શન હોય જ અને વિજ્ઞાન એટલે એબ્સોલ્યુટ જ્ઞાન. પૂર્ણજ્ઞાન. માત્ર જ્ઞાન. અને જ્યાં માત્ર જ્ઞાન હોય ત્યાં માત્ર આનંદ જ હોય, બીજું કશું જ ના હોય. આવા વીતરાગ વિજ્ઞાનને પામવા માટે જ્ઞાનમાં ઘૂસી ગયેલા રાગાદિ વિકારોને કાઢવાના છે. તે માટે ચેતનાને વિવેક અને વૈરાગ્યથી વાસિત કરવાની છે અને પછી પ્રજ્ઞા છીણીને તેના ઉપર પટકવાની છે. અર્થાત્ વર્તમાન ઉપયોગને તીક્ષ્ણ બનાવી સ્વરૂપની દિશામાં જોડવાનો છે. તેના દ્વારા જ્ઞાનમાંથી રાગ છૂટો પડતાં ગ્રંથિ ભેદાય છે અને આત્માની અનુભૂતિ થાય છે.



આત્માનો માર્ગ આત્મામાં જ રહ્યો છે. સત્ સ્વરૂપની પ્રાપ્તિ ત્રિકાળ સત્ એવા દ્રવ્ય સ્વભાવનો આશ્રય કરવાથી જ થાય છે. અથવા દ્રવ્ય એ ત્રિકાળ સત્ છે. તેમાં રહેલ સત્તા એ ગુણ છે. તેને સાધન બનાવીને માર્ગ ઉપર ચાલવાનું છે અને મુક્તિરૂપી મંઝિલે પહોંચવાનું છે.

સમાધિરસથી ભરેલ પ્રભુમુદ્રાને જોવાથી પોતાનું સ્વરૂપ પણ તેવું જ છે તે જાણપણામાં આવ્યું. અનંતકાળથી જે સ્વરૂપ ખ્યાલમાં જ નહોતું તે 'સ્વ' સ્વરૂપનું ભાસન થયું - કાંઈક-સહેજ ઝાંખી થઈ અને એ થતાં એક ચમત્કાર સર્જાયો કે અનાદિથી ચાલ્યો આવતો વિભાવભાવ, રાગ-દ્વેષ-કષાયરૂપ આત્માની અશુદ્ધ પરિણતિ વગેરે જે ઉપાધિ આત્માને લાગેલી હતી તેનાથી જીવ ઊભગ્યો, પાછો ફર્યો. આ વિભાવ પરિણતિ, કષાય પરિણતિ તે હું નથી. હું તેનો કર્તા નથી, ભોક્તા પણ નથી, મારા જેવા શુદ્ધાત્માને આ બધું કરવું કે ભોગવવું ઘટે નહિ.

**પર પરિણામિકતા અ છે રે, જે તુજ પુદ્ગલ યોગ હો મિત ।**
**જડ ચલ જગની એંઠનો રે, ન ઘટે તુજને ભોગ હો મિત ॥**

અનાદિકાળથી જીવને પુદ્ગલનો સંગ રહ્યો છે. અનાદિ સંસારમાં તે પુદ્ગલના સંગ વિનાનો એક ક્ષણ પણ રહ્યો નથી તેથી તેની ચેતના પુદ્ગલ સંગે પુદ્ગલાવલંબી બની છે. જીવ દેહમય, ઇન્દ્રિયમય, સ્વજનમય, ધનમય, કુટુંબમય, પરિવારમય બની ગયો છે તેને પોતાને હું અનંતજ્ઞાનાદિ ગુણમય છું એ જ મારું સાચું સ્વરૂપ છે. હું દેહ, ઇન્દ્રિય, ધન, સ્વજનાદિમય નથી એવું એને લાગતું જ નથી. આ દેહ, ઇન્દ્રિય, ધન, સ્વજનાદિમય,

ચેતના એ પુદ્‌ગલાવલંબી ચેતના છે આ જે વૈભાવિક ચેતના છે. પોતે સ્વરૂપે વીતરાગ હોવા છતાં આજે વૈભાવિક રૂપે પરિણમી રહ્યો છે. આ પરપરિણામિકતા છે. વિજાતીયતા છે અને તે જીવને માટે દોષરૂપ છે. રાગાદિ વિભાવભાવે પરિણમવું તેનું ફળ સંસાર છે.

પ્રભુની મુદ્રા જોતાં જીવને આવું ભાન થવાથી ઔદયિક ભાવે જે ચેતના હતી તે હવે સર્વ રાગ, દ્વેષ, અસંયમ વગેરેથી નિવૃત્ત થવા લાગી. ચિત્ત હવે ક્યાંય ચોંટતું નથી. ચક્રવર્તીનાં સુખો પણ હવે બિહામણા, ડરામણા અને ફસામણા લાગે છે. તેથી જીવ હવે ખોટો માર્ગ છોડીને સાચા માર્ગે પ્રયાણ કરે છે. પોતાના અનંતગુણ સ્વરૂપ જે સ્વ સત્તા, આત્મિક સત્તા તેને પામવારૂપ સવળી ચાલ તેના ઉપર ચાલવા આગળ વધે છે.

જીવને હવે નિઃશંકપણે એ ખ્યાલ આવી ગયો છે કે મેં પુદ્‌ગલમાં રાગાદિ કરી, મારાપણાની ખોટી માન્યતા કરી સંસારમાં અનંતકાળ વીતાવ્યો છે. જે ખરેખર મારું હતું જ નહિ એવી ચીજોને મારી માનીને તેનાથી મોહિત થઈ મેં મારી ભીતરમાં રહેલા પરમાત્માને ઓળખ્યા નહિ - અનંત ગુણમય અને અનંત આનંદમય પરમાત્માને ન ઓળખ્યા, ન શ્રદ્ધા કરી એ જ આત્માનો અનંતાનુબંધી કષાય છે. એ જ મિથ્યાત્વ છે. જીવને જ્યાં સુધી ખારા પાણી જેવા અતત્ત્વભૂત સંસારના સંયોગો સારા લાગે અને પોતાના લાગે ત્યાં સુધી આત્મા ઉપર અનંતાનુબંધીકષાય અને મિથ્યાત્વનું જોર રહેવાનું જ.

એમાંથી જ્યારે કાળલબ્ધિનો પરિપાક થાય છે અને ભવિતવ્યતા અનુકૂળ થાય છે ત્યારે જીવ જ્ઞાનીપુરુષ, સત્ પુરુષના પરિચયમાં



આવે છે. તેના સત્‌ની ઓળખ પામે છે. સત્‌તત્ત્વની રુચિવાળો બને છે. પોતે ત્રિકાળ સત્ એવો આત્મા છે. જન્મમરણાદિરહિત સંયોગવિયોગ વગરનો પરમાત્મા છે એ જ શ્રદ્ધા થતાં તે સ્વરૂપ પામવા જીવ પુરુષાર્થ કરે છે. સાધના કરે છે. ચક્રી સનત, દૃઢ પ્રહારી, ચંડકૌશિક સર્પ આ બધાનો કાળ પાકતા તેઓ જાગ્યા અને પોતાની ત્રિકાળ આત્મસત્તાનું ભાન થતાં તેને પર્યાયમાં પ્રગટ કરવા ઉદ્યમી બન્યા. સંસારને ફગાવી દીધો. ઘોર સાધના કરી ઉપયોગને પોતાના સ્વરૂપમાં જ પકડી રાખ્યો તો અંતે મોક્ષમાર્ગ પામી મોક્ષને નિકટ લાવ્યો.

સુવિધિનાથપ્રભુની શાંતરસથી ભરેલી મુદ્રાને જોતાં દેવચંદ્રજી મ. કહે છે કે મને પણ મારી સ્વસત્તાનું ભાન થયું. સંસાર આખો વિભાવભાવથી ભરેલો મહાઉપાધિમય લાગ્યો. તેથી મારું મન સંસારથી ઊભગ્યું અને આત્મસત્તા-સ્વરૂપસત્તાને પ્રગટ કરવા અજન્માની સાધનાના માર્ગે મારો આત્મા આગળ વધ્યો. આ જ પ્રભુનો મારા ઉપર મોટામાં મોટો ઉપકાર છે.

तुम प्रभु जाणग रीति,
सर्व जग देखता, हो लाल ॥स.॥
निज सत्तायें शुद्ध,
सहुने देखता, हो लाल ॥स.॥
पर परिणति अद्वेष;
पणे उवेखता, हो लाल ॥प.॥
भोग्यपणे निज शक्ति,
अनंत गवेखता, हो लाल ॥अ.॥२॥

**અર્થ :** હે પ્રભુ! આપ આપની જ્ઞાતૃત્વ શક્તિથી સર્વ જગતના યથાર્થ સ્વરૂપને જાણો છો પણ વીતરાગ હોવાથી રાગ-દ્વેષ કરતા નથી. તથા સર્વ જીવાદિ દ્રવ્યો-પદાર્થો જે પોતાની સત્તાએ શુદ્ધ છે - નિઃસંગ છે તે સહુને આપ સત્તાધર્મે શુદ્ધ રૂપે જુઓ છો એથી સંસારી જીવમાં રહેલી રાગ-દ્વેષાદિભાવરૂપ અશુદ્ધ પરિણતિ તેની અદ્વેષપણે ઉપેક્ષા કરો છો તેમજ આપ આપની અનંતગુણ સંપત્તિને ભોગવી રહ્યા છો. તેમાંથી આવતા અનંતઆનંદને આપ માણી રહ્યા છો.

**વિવેચન :** હે પ્રભો! કેવલજ્ઞાન થવાથી આપને જાણંગ રીતિ પ્રાપ્ત થઈ છે. તેના કારણે આપ સંપૂર્ણ ષડ્દ્રવ્યાત્મક જગત અને તેના સઘળા ત્રણે કાળના પર્યાયોને જ્ઞાતા-દૃષ્ટાભાવ વડે જુઓ છો. એટલે કે આપને ન તો ક્યાંય રાગ છે, ન તો ક્યાંય દ્વેષ છે. જે વસ્તુ શુભ રૂપે પરિણમે તેને આપ ગ્રહણ કરતા નથી તેનો આદર કરતા નથી અને અશુભ રૂપે પરિણમે તેના ઉપર દ્વેષ-



અરુચિ કરતા નથી. પણ ઉદાસીનપણે વર્તો છો. આપ તો આપની ચિદાનંદની મસ્તીમાં મસ્ત છો.

આપના સ્વભાવમાં પર પદાર્થ સંબંધી કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગ્રાહકત્વ કે ગ્રાહ્યત્વ કશું જ ઘટતું નથી. પરની સાથે આપને સ્વ સ્વામી સંબંધ નથી પણ જ્ઞાતા-દૃષ્ટાભાવનો વિશુદ્ધ સંબંધ છે અને જ્યાં આવો સંબંધ હોય ત્યાં જ બાકીના ત્રણે પદો ઘટી શકે છે.

જાણંગરીતિથી એટલે કે જ્ઞાતાપણે જગતના પદાર્થો સાથે રહેવાથી આપને દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ ઉપન્યા અને તે દ્વારા વીતરાગ ચારિત્રને પામીને આપે મોક્ષ લહ્યો. જે પર્યાય દેવેન્દ્ર, નરેન્દ્રના વૈભવરૂપ ક્લેશ બંધનને અર્પે છે તેવી સરાગ ચારિત્રરૂપ અવસ્થાને આપ અવલંબ્યા નહિ. સ્વરૂપમાં રમવું તે જ ચારિત્ર છે. સ્વસમય છે, વસ્તુનો સ્વભાવ ધર્મ છે. જ્યાં શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું થાય છે. આપ સામ્ય ધર્મને વરેલા છો તેથી ક્ષોભ રહિત છો. આત્મા કૂટસ્થ નથી પણ પોતાના સ્વરૂપમાં રહીને એટલે કે ટકીને પરિણમવું તે ચારિત્ર છે. દ્રવ્ય સ્વભાવ તે ટકતો ભાવ છે. પર્યાય સ્વભાવ તે ટળતો ભાવ છે. પર્યાય જેવા જેવા રૂપે પરિણમે છે તેવો તેવો તે થઈ જાય છે એવું શ્રદ્ધાન આપને હતું માટે આપ સાધના કાળથી આરંભીને પ્રતિસમયે શુદ્ધ રૂપે જ પરિણમ્યા જેથી અંતે પૂર્ણ શુદ્ધદશાને વર્યા.

મારો આત્મા પણ પ્રતિસમયે શુદ્ધ રૂપે જો પરિણમે તો જરૂર આપના જેવી પરમાત્મદશાને વરે તેવું શ્રદ્ધાન આપને જોતાં મને થયું છે.

હે નાથ! આપ સમસ્ત પદાર્થોને જાણો છો તેથી કાંઈ આપ કેવળી કહેવાતા નથી પણ આપ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને

જાણતાં-અનુભવતા હોવાથી કેવળી કહેવાઓ છો. વિશિષ્ટ કોટિના શ્રુતના બળે કેવળ શુદ્ધ આત્માને જાણનાર-અનુભવનાર શ્રુતજ્ઞાની પણ શ્રુતકેવળી કહેવાય છે. તફાવત માત્ર એટલો જ છે કે કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો એકીસાથે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે જ્યારે શ્રુતકેવળી જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે કરીને પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે.

કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે છે - અનુભવે છે અને શ્રુતકેવળી દીપક સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે છે અનુભવે છે. તેથી જ કેવળી અને શ્રુતકેવળીમાં સ્વરૂપ સ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે. પદાર્થોનું વધારે-ઓછું જાણવા રૂપ ભેદ તે અત્યંત ગૌણ છે માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ લોભ છોડી સ્વરૂપમાં નિશ્ચળ રહેવું તે જ યોગ્ય છે. એ જ કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય કહ્યો છે.

માટે વિશેષ એ જ જાણવાનું રહ્યું કે શ્રુતજ્ઞાન પણ જ્ઞાન છે તેમાં શ્રુત એ ઉપાધિ છે. શ્રુત એટલે સૂત્ર અર્થાત્ અર્હત્ સર્વજ્ઞદેવે સ્વયં જાણીને ઉપદેશેલું સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું શબ્દ બ્રહ્મ, તેને જાણનારી જાણનક્રિયા તે શ્રુતજ્ઞાન છે. તેમાં શ્રુત એ કારણ હોવાથી ઉપચારથી જ્ઞાન છે. સૂત્રથી જ્ઞપ્તિ તે શ્રુતજ્ઞાન.

હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે. સૂત્રની જ્ઞપ્તિમાં નિશ્ચયથી જ્ઞપ્તિ, એ કાંઈ પૌદ્ગલિક સૂત્રની નથી, પણ આત્માની છે. સૂત્ર એ જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, વધારાની વસ્તુ છે અર્થાત્ ઉપાધિ છે કારણકે સૂત્ર ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય જ છે. માટે જો સૂત્રને ન ગણીએ



તો ત્યાં 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે અને તે જ્ઞપ્તિ તો જ્ઞાન વિશેષોને ગૌણ કરીએ તો તુલ્ય છે માટે જ્ઞાનમાં શ્રુતની ઉપાધિકૃત ભેદ નથી. તો પણ હે પ્રભો! પરમાર્થે અભેદ આત્મામાં, ''આત્મા જાણનક્રિયાનો કર્તા છે અને જ્ઞાન કારણ છે,'' એમ ભેદ તો પાડવામાં આવે છે છતાં આત્મા અને જ્ઞાન જુદા નહિ હોવાથી અભેદનયથી તો આત્મા જ જ્ઞાન છે. જ્ઞાન રૂપે સ્વયં પરિણમીને સ્વતંત્રપણે જ જાણતો હોવાથી જીવ જ જ્ઞાન છે કારણ કે અન્ય દ્રવ્યો એ રીતે જ્ઞાન રૂપે પરિણમવાને તથા જાણવાને અસમર્થ છે. તેથી આત્મા જ્ઞાનસ્વભાવે પરિણમે છે અને અન્ય દ્રવ્યો જ્ઞેય સ્વભાવે પરિણમે છે. એ રીતે જ્ઞાન સ્વભાવે પરિણમતો આત્મા જ્ઞાનના આલંબનભૂત દ્રવ્યોને જાણે છે અને જ્ઞેય સ્વભાવે પરિણમતાં દ્રવ્યો જ્ઞેયના આલંબનભૂત જ્ઞાનમાં એટલે કે આત્મામાં જણાય છે.

કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. તેથી સરવાળે તો જે સર્વને જાણતો નથી, તે એકને પણ જાણતો નથી. અહીંયા સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન જાણવું.

આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે - જાણે છે - અનુભવે છે અને પોતાને જાણતાં જ્ઞાનમાં સર્વજ્ઞેયો પ્રતિબિંબિત થતાં હોવાથી જણાઈ જાય છે. કારણ કે જ્ઞાનથી જ્ઞેયાકારોને (કે જે તત્ત્વથી જ્ઞાનાકાર છે) ભિન્ન કરવા અશક્ય છે.

જો આમ ન હોય તો (અર્થાત્ આત્મા સર્વને ન જાણે તો) જ્ઞાનને પરિપૂર્ણ સંચેતનનો અભાવ થવાથી પરિપૂર્ણ એક આત્માનું જ્ઞાન પણ સિદ્ધ ન થાય. તેથી હે પ્રભો! આપ પદાર્થોને જાણતાં હોવા છતાં તે રૂપે પરિણમતા નથી. તેમ તેને ગ્રહતા પણ નથી

અને તે રૂપે ઉત્પન્ન પણ થતા નથી તેથી આપ સદૈવ અબંધક છો, કારણકે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી. આપનું પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિવર્ત્યકર્મ જ્ઞાન જ છે કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાન રૂપે જ પરિણમે છે અને જ્ઞાન રૂપે જ ઊપજે છે. આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે તેથી આપને બંધ થતો નથી. જ્ઞેય પદાર્થો તરફ વૃત્તિ થવી તે જ બંધનું કારણ છે. તેથી જ હે પ્રભુ! આ સઘળી આપની જાણંગ રીતિ છે. તેના દ્વારા જગતના સર્વ જીવોને આપ સમ લેખો છો, જાણો છો, જાણી રહ્યા છો.

જ્યારે સંસારી જીવોમાં તો તે જાણંગરીતિ કર્મના ઉદયે કરીને આવૃત્ત થયેલી છે અને ૪થી ૧૨ ગુણઠાણા સુધી જાણંગરીતિ કર્મના ક્ષયોપશમે કરીને યત્‌કિંચિત્ અનાવૃત્ત રૂપે પરિણમેલી છે જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવોને તો અબોધપૂર્વકની એટલે કે મિથ્યાબોધપૂર્વકની જાણંગરીતિ છે એટલે જે જાણે તેમાં સારું-ખરાબ, મારું-તારું, કહીને એકત્વરૂપે જાણંગરીતિ પરિણમે છે. જ્યારે સમ્યગ્ જ્ઞાનના ઉઘાડને પામેલા જીવોને તે જાણંગરીતિ પર પદાર્થ સાથે એકત્વ રૂપે પરિણમતી નથી. કારણ કે તેની જાણંગરીતિ શ્રદ્ધાથી વીતરાગ પરિણતિના અંશરૂપ શુદ્ધ તત્ત્વ સાથે જોડાયેલી છે.

પ્રભુનો ઉપયોગ સંપૂર્ણપણે શુદ્ધ થયો છે તેથી સહજ, અનંત ગુણાત્મક, વીતરાગ ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાયકદેવ તેને એવી રીતે બાથ ભીડીને રહ્યો છે કે તેમાંથી ઉપયોગ ક્યારે પણ હવે બહાર આવવાનો નથી એટલે કે સાદિ અનંતકાળ માટે જ્ઞાન ચેતના જ્ઞાયક સાથે અભેદ રૂપે પરિણમી ગઈ છે. જેમ રત્નની જ્યોતિ રત્નની



સાથે અભેદ રૂપે મળી ગઈ છે તેમ પ્રભુનો ઉપયોગ - પ્રભુની ચેતના જ્ઞાયક દ્રવ્ય-ત્રિકાળી દ્રવ્ય સ્વભાવમાં વિલીન થઈ ગઈ છે. એટલે પ્રભુ પ્રતિસમયે જગતના સર્વદ્રવ્યોની ઉપેક્ષા કરી રહ્યા છે અને નિજમાંથી આવતા અનંત આનંદને ભોગ્યપણે ભોગવી રહ્યા છે.

આ સંસારમાં જે આત્મજ્ઞાની પુરુષો છે તે પણ દરેક વસ્તુને સ્વભાવથી જોનારા હોય છે. જીવસૃષ્ટિને અસંખ્ય આત્મપ્રદેશ રૂપે, ચેતના ગુણને શુદ્ધ રૂપે સર્વમાં જોનારા હોય છે અને પુદ્‌ગલ સ્કંધોની રચનાને પરમાણુના પુંજ રૂપે જુવે છે એટલે તે આત્માઓ રાગદ્વેષાદિ વિભાવભાવોથી અને વિકલ્પોથી પોતાના આત્માને બચાવી શકે છે. સ્વભાવથી જ સ્વભાવની પ્રાપ્તિ કરી શકાય. વિભાવથી સ્વભાવની પ્રાપ્તિ ક્યારે પણ ન થાય. પૂર્ણને પૂર્ણથી જ પામી શકાતું હોય છે. અપૂર્ણથી તો અપૂર્ણ જ રહેવાતું હોય છે. ગણિતમાં પણ પૂર્ણ ૧૦૦ની સંખ્યાને ૧/૨ કે ૩/૪થી ગુણતાં ૫૦ કે ૭૫ થતાં હોય છે. અર્થાત્ ગુણાકાર ન થતા ભાગાકાર થઈ જતો હોય છે.

સંસારી આત્મામાં શરીર અને આત્માનો સંયોગ, ઘાતિ, અઘાતિ કર્મોનો સંયોગ અનાદિકાળથી છે. એમાં ઊપજતી અહં અને મમત્વ બુદ્ધિ એ વિભાવ પરિણતિ છે. વિષય અને કષાયથી ઉપરંજિત-લેપાયેલ ચિત્તવૃત્તિ, કામ-ક્રોધાદિભાવો, ઔદયિકભાવો, ક્ષાયોપશમિકભાવો આ બધી પુદ્‌ગલ પરિણતિ છે. અશુદ્ધ પરિણતિ છે. વિશ્વમાત્રના જીવોની આ પર પરિણતિ, પુદ્‌ગલ પરિણતિ પ્રભુના કેવલજ્ઞાનની સ્વચ્છ સપાટી ઉપર ઝળકે છે, જણાય છે પરંતુ પ્રભુ તેની ઉપેક્ષા કરે છે. આદર નથી કરતાં, દ્વેષ નથી કરતાં.

**જેનો દ્વેષથી ત્યાગ કરાય તે વાસ્તવિક ત્યાગ નથી. ત્યાગ પણ સમતાને માટે છે** કારણ કે સમતા એ જ સામાયિક છે અને સામાયિક એ જ આત્મા છે. દ્વેષભાવ તો પરપરિણતિ છે અને તેથી જ આપ તેની ઉપેક્ષા કરો છો.

પંચાસ્તિકાય સ્વરૂપ વિશ્વમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તો સ્વતઃ નિસંગ છે.પુદ્‌ગલાસ્તિકાયમાં સંઘાતવિઘાત થાય છે પણ તેમાં કર્તૃત્વભાવ નથી.પરમાણુ એ સ્વતઃશુદ્ધ છે તેની ઉત્પત્તિ કે નાશ નથી. જ્યારે સ્કંધોની રચનાઓ એ પુદ્‌ગલ દ્રવ્યનો વિકારી અને વિનાશીભાવ છે. પુદ્‌ગલમાં ચય-ઉપચય, સંઘાત-વિઘાત, ઉત્પત્તિ અને વિનાશ, હાનિ અને વૃદ્ધિ થવી એ એનું સ્વરૂપ જ છે. જે જેનું સ્વરૂપ હોય તેનો સર્વથા નાશ થઈ શકતો નથી. તેને બદલી શકાતું નથી. સ્કંધોમાંથી પરમાણુઓનું છૂટા પડવું અને પરમાણુઓના ભેગા થવાથી સ્કંધ રૂપે પુદ્‌ગલોના પ્રકારની રચના થવી એ અનાદિકાલીન પુદ્‌ગલનો સ્વભાવ છે, માટે આપ એને એ રીતે જાણો છો.

જીવ અને પુદ્‌ગલ આજે એક ક્ષેત્રે એકમેક થયેલા હોવાથી જીવને પોતાના પ્રદેશ પિંડત્વરૂપ આકાર સાથે પુદ્‌ગલના આકારને પણ દેહ રૂપે ધારણ કરવો પડે છે અને અનાદિકાલથી અવિદ્યાનું જોર હોવાથી તે પોતાને પોતા સ્વરૂપે ભૂલી ગયો છે અને દેહાકારમાં પોતાપણું સ્થાપિત કરી બેઠો છે એટલે એને પુદ્‌ગલ પરિણતિ સ્વભાવ જેવી બની ગઈ છે અને પોતાનો સત્તાધર્મ-સ્વભાવધર્મ ભૂલી જવાયો છે. સત્તાધર્મ શુદ્ધ, નિર્દોષ અને નિઃસંગ છે. આત્મામાં કેવલજ્ઞાનાદિ ગુણો, પરમાનંદ અને અસંખ્ય પ્રદેશોને છોડીને કોઈનો સંગ નથી. વિશુદ્ધ આત્મદ્રવ્ય એ પરમાનંદ સ્વરૂપ



છે અને તે જ ભોગવવા યોગ્ય છે. પ્રભુ, તત્ત્વ વિલાસિતાને જ - તત્ત્વરમણતાને જ સહજપણે - પ્રયત્ન વિના ભોગવી રહ્યા છે એટલે જ વિશ્વમાત્રની અદ્વેષપૂર્વક ઉપેક્ષા કરી રહ્યા છે.

દેહ એ પુદ્‌ગલ પરિણામ છે. અશુદ્ધ પર્યાય છે તેને અદ્વેષપણે ઉવેખવું એટલે આત્મધર્મથી ભિન્ન જાણવું, તેનો આદર ન કરવો એ જ કર્તવ્ય છે.

આત્મા માટે સ્વધર્મ જ ભોગ્ય છે. પરધર્મ-પુદ્‌ગલ પરિણતિ એ ભોગ્ય નથી. પુદ્‌ગલ જડ છે, તે આત્માનું સ્વરૂપ નથી. સ્વભાવ નથી. જે પર છે તેને જ્ઞાનમાં જાણી શકાય છે પણ તત્ત્વથી ભોગવી શકાતું નથી. ખાલી મેં પરને ભોગવ્યું એવો આરોપ કરાય છે અને અહં કરાય છે.

વ્યવહારથી મેં પરને ભોગવ્યું એમ કહેવાય છે તે વખતે પણ નિશ્ચયથી તો પોતાનું સ્વરૂપ જ વિકૃત રૂપે-વિનાશી રૂપે ભોગવાયું છે. આ સમજાય તો જ પરના ભોગવટામાંથી છુટાય.

પરમાત્મા જેમ જગતને માત્ર જાણંગ રીતિથી જાણે છે, તેમાં રાગ-દ્વેષ કરતા નથી અને પોતાના શુદ્ધ સ્વરૂપને ભોગવે છે તેમ મારો આત્મા પણ સત્તાધર્મે પ્રભુતુલ્ય છે છતાં પુદ્‌ગલસંગે અને અજ્ઞાનથી પર્યાયમાં આ અશુદ્ધતાને પામ્યો છે. આ અશુદ્ધતા મારા આત્મસ્વરૂપના અજ્ઞાન અને અનાદર ઉપર ટકી છે તે જ્યારે દૂર થશે અને આત્મસ્વરૂપનો જ્યારે પક્ષ અને આદર થશે ત્યારે મારો આત્મા પણ જગતના ભાવોને રાગદ્વેષરહિતપણે જાણંગરીતિએ જાણશે અને ત્યારે જ તે શુદ્ધ સ્વરૂપનો ભોક્તા થશે.

સ્વના ભોક્તા બનવા માટે પરના દૃષ્ટા બનવું અનિવાર્ય છે. પર એ આત્મા માટે અસત્ છે તેના ભોક્તા બનવાથી સત્ દબાય

છે અને જીવને ચારગતિરૂપ સંસારમાં જન્મમરણના ચકરાવા કરવા પડે છે. અનંતદુઃખ ભોગવવા પડે છે.

અનંતાનંત, સિદ્ધ ભગવંતોના જ્ઞાનમાં મારો આત્મા તેમજ વિશ્વના તમામ આત્માઓ શુદ્ધપણે જણાઈ રહ્યા છે તો પછી હું શા માટે મારી જાતને કે બીજાને અશુદ્ધ જોઉં ? શુદ્ધ કેમ ના જોઉં ?

**બાહ્ય જગત જોડે જ્ઞાતાભાવ વડે રહેવાથી આંતર જગતમાં સહેલાઈથી સરકી શકાય.** એક વાર ભીતરમાં ડુબાયું, ભીતરનો વૈભવ જણાયો, માણ્યો, સ્પર્શ્યો હવે બહારનો રસ કેવો ? હવે તો બહારમાં માત્ર ફરજના ભાગ રૂપે જ આવવાનું થશે. તે તે ક્રિયા-કલાપમાં જોડાઈ પણ જશે પણ ભીતરમાં લિપ્તતા નહિ હોય.

દશવૈકાલિકનું એક સૂત્ર : ણ ય દિટ્ઠં સુયં સવ્વં, સાહૂ અકખાઉમરિહઈ' — જોયેલું અને સાંભળેલું બધું સાધુ કહી શકતા નથી.

આંખોએ કાંઈક જોયું, કાનોએ કાંઈક સાંભળ્યું, પણ સાધક તો છે ભીતર, એને શો ખ્યાલ હોય ? અને એથી તે જોયેલું કે સાંભળેલું કહી શકતો નથી.

કબીરજી : કાનો સુની સો જુઠિ સબ.

સ્થૂલભદ્રજીની સાતે બહેનો ગુરુદેવને પૂછે છે અમારા ભાઈ મહારાજ ક્યાં છે ? ગુરુદેવ- પેલી ગુફામાં છે ત્યાં તમને મળશે. સ્થૂલભદ્રે પોતાના જ્ઞાનથી આ જાણીને પોતાની વિદ્યાનો પ્રભાવ બતાવવા સિંહનું રૂપ ધારણ કર્યું. ત્યાં જોતાં સિંહ દેખાયો, ગભરાઈ ગયા. પાછા આવીને ગુરુદેવને વાત કરી. ગુરુદેવે જ્ઞાનથી આ ઘટનાને જોઈ-જાણી અને કહ્યું કે હવે મૂળ રૂપમાં



આવી ગયો છે તમને ત્યાં જ મળશે. સાતે સાધ્વીજી બહેનો જરા પણ કંપ વિના કે લેશમાત્ર વિકલ્પ વિના ગુરુદેવના વચનને અનુસરીને ત્યાં જાય છે અને સ્થૂલભદ્રજીને વંદન કરે છે. પહેલી નજરે ત્યાં સિંહને જોયેલો છતાં કોઈ ભય નહિ, વિકલ્પ નહિ. આનંદઘનજી આ અંગે કહે છે. સબ મેં હૈ ઔર સબ મેં નાહિ. તૂ નટ રૂપ અકેલો, આપ સ્વભાવ વિભાવે રમતો, તૂ ગુરુ ઔર તૂ ચેલા.

સાધક ઉપયોગના સ્તર પર પોતાની આજુબાજુના પદાર્થોમાં હોય છે; પણ રાગાત્મક કે દ્વેષાત્મક લયમાં એ કશામાં હોતો નથી. અને પછી મઝાની વાત કહી. સ્વભાવમાં રહે તે ગુરુ, વિભાવમાં આથડે તે શિષ્ય.

દરેક આત્મા નિજ સત્તાએ કરી શુદ્ધ છે તેથી તેમાં રાગાદિનો લેપ નથી. આત્માનો દ્રવ્ય સ્વભાવ જેમ 'ત્રિકાળ છે તેમ ત્રિકાળ નિર્લેપ' છે. દ્રવ્યસ્વભાવ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. અનાદિ અનંત, જ્ઞાનરસમય, ચૈતન્યધામ, ચૈતન્યરસના કંદમય છે. પર્યાય જો આવા દ્રવ્યનું નિરંતર ધ્યાન ધરે તો તે ન્યાલ થઈ જાય તેમ છે. અબજોપતિનું શરણું લેવાથી જેમ, અબજોપતિ સહેલાઈથી થઈ શકાય છે તેમ અનાદિ અનંત ચૈતન્યધામમય દ્રવ્ય સ્વભાવના શરણે જવાથી પર્યાય પણ પરમાત્મા બની શકે છે. પર્યાયમાં પરમાત્મપણું પ્રગટાવવાનો આ એક જ ઉપાય છે. જ્યારે ક્ષણિક પર્યાય ત્રિકાળી દ્રવ્યનું શરણું લે છે ત્યારે દ્રવ્યસ્વભાવ તેને પોતાના અંગેઅંગમાં સમાવી દે છે એટલે પોતાનામાં રહેલ અનંત આનંદ પર્યાયમાં પ્રગટી જાય છે એટલે દ્રવ્યસ્વભાવમાં પર્યાય ઓગળી જતાં, વિલીન થઈ જતાં દ્રવ્ય-પર્યાય અભેદ થઈ

જાય છે. એટલે પ્રતિસમયે અનંત આનંદ વેદન અનુભવાય છે. આવા અનંત આનંદવેદનની યોગ્યતા જીવમાત્રમાં પડેલી છે તેથી પ્રભુ જગતના તમામેતમામ જીવોને તેના મૂળ સ્વભાવથી શુદ્ધ જોઈ રહ્યા છે.

જ્ઞાયકભાવ - દ્રવ્ય સ્વભાવ પ્રાણીમાત્રમાં સત્તાએ એક સરખો શુદ્ધ હોવાં છતાં જ્યાં સુધી તે આપણા શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રનો વિષય ન બને, અનુભૂતિમાં ન આવે ત્યાં સુધી તેની શુદ્ધતાનો લાભ પર્યાયમાં થતો નથી. અતીન્દ્રિય આનંદની ઉપલબ્ધિ થતી નથી. જેમ બેન્કમાં આપણા નામ પર કરોડો રૂપિયા હોય પણ જો બેન્કને સીલ લાગી ગયું હોય તો તે પૈસા આપણા હોવા છતાં એના ભોગવટાનો લાભ આપણને મળતો નથી તેમ જીવ શુદ્ધ સ્વભાવનું લક્ષ કરતો નથી. તેને શ્રદ્ધામાં લેતો નથી. પરિણતિમાં ઓળઘોળ કરતો નથી, માટે આત્માના અનંત આનંદવેદનથી છેટો ને છેટો રહે છે.વિનાશી એવા પર પદાર્થના લક્ષે પુદ્ગલ પરિણતિ-વિષય-કષાયની પરિણતિથી ઓળઘોળ થઈ ગયો હોવાથી જીવ પોતાના ચૈતન્યસ્વરૂપને - સ્વસત્તાને હારી ગયો છે - હારી રહ્યો છે અને તેથી જ સ્વ કે પરને કોઈને પણ તે શુદ્ધ જોઈ શકતો નથી.

વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા દેખાતાં તેને આખો આત્મા અશુદ્ધ થઈ ગયો હોય એવું લાગે છે પણ અશુદ્ધતા તો પર્યાયમાં છે અને પુદ્ગલ સંગે છે અને પુદ્ગલ તરફ દૃષ્ટિ કરવાથી છે તેને પોતાનું માનીને જીવવાથી છે. જો જીવ પુદ્ગલ તરફ દૃષ્ટિ ન કરે અને તેને પોતાનું ન માને તો પર્યાયમાં અશુદ્ધતા આવે નહિ. પર્યાયમાં અશુદ્ધતા પર સંગે છે અને ક્ષણિક છે જ્યારે



દ્રવ્યમાં શુદ્ધતા સહજ છે, સ્વાભાવિક છે અને ત્રિકાળ છે. દ્રવ્યમાંથી પર્યાયને શ્રદ્ધામાંથી બાદ કરીને જોતાં દ્રવ્યમાં પ્રમત્ત-અપ્રમત્તના ભેદ દેખાતા નથી. કારણ કે ભેદ એ પર્યાયના છે. ૧ થી ૬ ગુણસ્થાનક સુધી પ્રમત્તતા અને ૭ થી ૧૪ સુધીની અપ્રમતત્તા એ તો પર્યાય છે, જે ઉત્પન્ન થવાવાળી ચીજ છે જ્યારે દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ એટલે કે અનાદિ-અનંત છે. 'અનુત્પન્ન' છે, સ્વયંભૂ છે.

દ્રવ્યસ્વભાવ સામાન્ય છે, પર્યાય-સ્વભાવ વિશેષ છે. પર્યાયમાં વિશેષતા વિસદૃશતા એ પર તરફ લક્ષ્ય કરવાથી છે. પર તરફનું લક્ષ જ્યારે છૂટી જાય છે અથવા તો પર્યાય પરનું લક્ષ છોડી સ્વતરફ ઢળી જાય છે ત્યારે પર્યાય પોતાના દ્રવ્યમાં ભળી જાય છે. એકમેક એકરૂપ થઈ જાય છે, ત્યારે પર્યાય પોતે વિશેષ હોવા છતાં સામાન્ય જેવી થઈ જાય છે. એટલે હવે દ્રવ્ય પર્યાયની અભેદતામાં સામાન્ય વિશેષના ભેદ દેખાતા નથી અને આ ભેદ ટળી જાય ત્યારે પર્યાય પોતે પરમાત્મા બની જાય છે.

પરમાત્મા પાસે દરેકને શુદ્ધ જોવાની દૃષ્ટિ છે તેવી દૃષ્ટિ સાધકે પણ કેળવવાની છે અને તો જ સાધના થઈ શકે, દૃષ્ટિની કેળવણી વિના કરેલી સાધના ફળદાયી થતી નથી. હે પ્રભો! દરેક દ્રવ્યને સત્તાએ શુદ્ધ જોવાની આપની દૃષ્ટિ એ જ સુવિધિ છે. પ્રાણીમાત્ર સત્તાએ શુદ્ધ હોવા છતાં તેની પર્યાયમાં રહેલ ક્ષણિક અશુદ્ધતાને આગળ કરીને તેને અશુદ્ધ રૂપે જોવા એ જ કુવિધિ છે. આવી કુવિધિ જીવને સંસારમાં રખડાવનાર છે, જ્યારે આપનામાં રહેલ સુવિધિ એ જ જીવને સંસારસાગરમાંથી તારનાર છે.

હે પ્રભો! સર્વ જીવોને આપ સમ તુલ્ય લેખો છો-તુલ્ય ગણો

છો. સર્વ પદાર્થોને મૂળધર્મે કરીને જ જુવો છો તે જ આપની મહાનતાને સૂચવે છે. **ઉત્તમ પુરુષો પોતાનાથી કોઈને ઊતરતા કે હલકા જોતાં નથી કારણ કે તેઓ, દરેક વસ્તુને મૂળમાંથી જોનારા અને તપાસનારા હોય છે.** ઉપરછલ્લી દૃષ્ટિથી જોઈને પદાર્થને ન્યાય આપવો તેમાં કોઈ મહાનતા નથી.

બીજા ચરણની સાધના - **'નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા'** દરેક આત્મા ગુણ વૈભવથી પૂર્ણ લાગે. સત્તાએ બધા સિદ્ધ સ્વરૂપી છે. ઝરિયાની ખાણમાં આખો દિવસ કામ કરવાથી કાળી મેશ જેવી થઈ ગયેલી આપણી પરિચિત વ્યક્તિને આપણે કાળી નથી માનતાં કે જોતાં, કારણ તેનું મૂળ સ્વરૂપ આપણને ખબર છે.

કેન્સરથી પીડિત વ્યક્તિને રોગિષ્ઠ માનીને આપણે તેનો તિરસ્કાર નથી કરતાં પણ ઈલાજ કરીએ છીએ, કારણ તેને મૂળમાં આપણે નીરોગી જોઈ છે. રોગોથી ભરેલી દુનિયામાં આપણે જે અભિગમ અપનાવીએ છીએ તે જ અભિગમ દોષોથી ભરેલી દુનિયામાં આપણે અપનાવવો જોઈએ.

જેની સાથે રહેતા હોઈએ - જે વર્તુળમાં હોઈએ તેની નબળાઈઓ માઇનસ પોઇન્ટ જો દેખાયા કરે તો પછી સત્તાથી તે શુદ્ધ છે તે નહિ દેખાય. તેના ઉપર મૈત્રી-પ્રમોદભાવ નહિ રહે. તિરસ્કાર જ આવશે. માટે **આપણા ઉપયોગમાં કોઈની નબળાઈઓ એન્લાર્જ ન થવી જોઈએ. એને જોયું ન જોયું કરીને, જે બન્યું તે ન્યાય. તે જ સાચું, જે પ્રભુના જ્ઞાનમાં જોવાયું, વગેરે દ્વારા પ્રસંગને ગૌણ કરી નાંખવો જોઈએ.** નમો સિદ્ધાણંમાં ત્રણે કાળના સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીએ છીએ તો ભવિષ્યમાં સિદ્ધ થનાર તે વ્યક્તિનો પણ, તેમાં નંબર ખરો કે નહિ?



**આપણો અહં આપણને બીજાની ભૂલને માફ કરવા દેતો નથી. આપણું અહં કેન્દ્રિત જીવન જ આપણને મારી રહ્યું છે.** તેનું પ્રાયશ્ચિત્ત પણ આપણે આપણી જાતને સૌથી હીન તરીકે સ્વીકારીએ તો થશે.

**મોં સમ કૌન કુટિલ ખલ કામી,**
**જિન તનુ દીયો સો હી વિસરાયો,**
**ઐસો નિમક હરામી. – ભક્તકવિ સુરદાસ**

જ્યાં રસવૃત્તિ ત્યાં સ્મરણ.

જે ઘટના ઘટી ત્યારે તમારો રસ નહિ હોય તો તમે તેને ભૂલી જવાના. ઘટના વખતે તમે હાજર નહોતા, તો પછી પાછળથી શી રીતે તમે એ ઘટનાને વાગોળી શકો?

દરેક વ્યકિત પોતાની કલ્પેલી ફ્રેમમાં બીજાનું ચિત્ર ફીટ કરવા ઇચ્છે છે. તે ફીટ ન થાય ત્યારે પોતાની કલ્પનાના ઘોડાઓ દોડાવી, તે વ્યક્તિ ઉપર દોષારોપણ કરી, મૈત્રી-પ્રમોદભાવ ગુમાવે છે. જ્ઞાતા-દૃષ્ટાભાવે સંસાર-નાટકને જોઈ શકતો નથી. **અનાદિની સંજ્ઞાઓ જાગૃતિની ઓછાશના ગાળામાં, બીજામાં ન હોય, તેવા પણ દોષો દેખાડે છે અને જીવદ્વેષનું વહેણ ચાલુ રાખે છે.**

તિરસ્કારનું મૂળ છે જીવદ્વેષ. તે કારણિક પણ છે અને અનાદિથી પોષેલ છે માટે અકારણિક પણ છે. મનગમતી વસ્તુની પ્રાપ્તિમાં તે અવરોધ રૂપ બને તો કારણિક, આથી ઊંડે જે છે તે અકારણિક. દેખીતું કોઈ કારણ ન હોય, છતાં તેના પ્રત્યે તિરસ્કાર થયા કરે જેમ કે આ લોભિયો છે, આ ધૂતારો છે. આ રોગ આપણી ચેતનામાં બહુ ઊંડે સુધી પ્રસરી ગયો છે. કે જે, કોઈ પણ કારણ વિના વ્યક્તિને હલકી બતાવી દે છે.

**પર પરિણતિ અદ્વેષપણે ઉવેખતા :**

હે પ્રભો! આપ જીવ અને પુદ્ગલમાં એક ક્ષેત્રાવગાહે કરીને સંયોગવાળી જે વિભાવ પરિણતિ છે તેને અદ્વેષપણે ઉવેખો છો કારણ કે જીવને જ પુદ્ગલના રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આકાર વગેરે જોઈને જે રાગાદિ પરિણતિ થાય છે તેના કારણે, કાર્મણવર્ગણામાં રસની વૃદ્ધિ થતાં, જીવ બદ્ધ પરિણામી થાય છે. પુદ્ગલના નિમિત્તને પામવા છતાં જ્યારે, જીવ સ્વરૂપ દૃષ્ટિના બળે, રાગાદિ રૂપે પરિણમતો નથી ત્યારે નવીન કર્મને બાંધતો નથી, તેથી પૂર્વબદ્ધકર્મ ઉદયમાં આવીને ખરી પડે છે અને જીવ મોક્ષમાર્ગી બનીને મોક્ષને પામે છે. તેને આપ જાણો છો અને જાણીને અદ્વેષપણે ઉવેખો છો. તેમાં આપ ભળતાં નથી. કેમ કે કર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને મોહ, ભાવકપણે (ભાવ કરાવવા રૂપે) પ્રગટ થાય છે ત્યારે તેને અનુસરીને પ્રવૃત્તિ કરવાથી જીવ પણ ભાવ્યરૂપ બને છે. તેને ભેદજ્ઞાનના બળથી જે જુદો અનુભવે તેને જિતમોહ જિન કહેવાય છે.

આશય એ છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય હોવા છતાં જેને તે અનુભવમાં ન રહે અને જે પોતાના બળથી ક્ષય કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહેલ છે. પર પરિણતિને અદ્વેષપણે ઉવેખવાના મૂળ કારણમાં વસ્તુના, સ્વભાવધર્મને, આપે જાણેલ છે.સ્વભાવધર્મમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મના ઉદયથી થતાં સમસ્ત સંકલ્પ-વિકલ્પોનો સમૂહ વિલય પામી જાય છે અને શુદ્ધ સ્વરૂપ પર્યાયમાં ઝળકે છે તેના પ્રકાશમાં ખ્યાલ આવે છે કે પરપરિણતિરૂપ, હું આ પર દ્રવ્ય નથી પર દ્રવ્ય મુજ સ્વરૂપ નથી.



હું તો હું જ છું અને પર દ્રવ્ય તો પર દ્રવ્ય જ છે. પર દ્રવ્ય પહેલા, મારું હતું નહિ, આજે છે નહિ, ભવિષ્યમાં મારું થશે નહિ. પર દ્રવ્યનો હું પહેલા હતો નહિ, હું પહેલેથી મારો જ હતો. પર દ્રવ્યનું પર દ્રવ્ય જ પહેલાં હતું - આવો દૃઢ નિર્ણય એ જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે.

જે પર દ્રવ્યમાં અને પર પરિણતિમાં આત્માનો વિકલ્પ કરે છે તે તો અજ્ઞાની છે પણ જે પોતાના આત્માને જ પોતાનો માને છે તે જ્ઞાની છે. **તે દૃઢતાથી જાણે છે કે આ આત્માને પર પરિણતિરૂપ પરભાવના ત્યાગનું જે કર્તાપણું છે, તે તો નામમાત્ર છે. પર દ્રવ્યને પર જાણ્યું પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે.** આને જ સમજણપૂર્વકનો ત્યાગ કહેવાય. દ્વેષથી કરાતો પર ભાવનો ત્યાગ તે તો અજ્ઞતા છે. અજ્ઞાની જ્ઞેયોમાં જ લુબ્ધ બને છે, જ્યારે જ્ઞાની જ્ઞાનને જ આસ્વાદે છે - કારણકે જ્ઞાન છે તે આત્મા છે. અને આત્મા છે તે જ્ઞાન છે. સર્વ પરદ્રવ્યથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પર નિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન, પોતાના સ્વરૂપનું અનુભવન તે જ જ્ઞાનનું અનુભવન છે. શુદ્ધનયથી જોતાં આમાં કોઈ સંશય નથી. આને જ સમતા કહી છે - સામાયિક કહ્યું છે. અને તે - સ્વપરિણતિરૂપ છે. દ્વેષપૂર્વક કરાતો ત્યાગ તે તો પરપરિણતિ જ છે. **આ રીતે સ્થિર થયેલ જ્ઞાનને જ પ્રત્યાખ્યાન કહ્યું છે જેમાં જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ નથી.** તેથી જ આપ પર પરિણતિરૂપ વ્યાપારને અદ્વેષપણે ઉવેખો છો.

પરમાર્થથી જોતાં તો અનંત પર્યાયો ને એક દ્રવ્ય અભેદ રૂપે પીને બેઠું છે તેથી પર્યાયોમાં આપે ભેદ કર્યો નથી. કેમ કે જીવ

તો પોતાના ચૈતન્યત્વ, આદિ ભાવોને છોડતો નથી અને પુદ્‌ગલ પોતાના જડત્વ ભાવને છોડતું નથી. પરંતુ જે પરમાર્થને જાણતાં નથી તેઓ, પર પરિણતિરૂપ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે.

હે નાથ! આગમના બળે જણાય છે કે પરપરિણતિરૂપ વ્યાપારભાવ તો અધ્યવસાન છે અને તે તો પુદ્‌ગલમય છે, જીવ નથી. કેમ કે અધ્યવસાનાદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું આઠે પ્રકારનું જ્ઞાનાવરણાદિ કર્મ છે અને તે તો બધું પુદ્‌ગલમય છે. તેથી સમજાય છે કે કર્મનો ઉદય આવે ત્યારે સામાન્યથી આત્મા દુઃખ રૂપે પરિણમે છે અને દુઃખરૂપ ભાવ તે તો અધ્યવસાન છે અને તેમાં ચેતનાનો ભ્રમ થાય છે જે પરમાર્થે ચેતન નથી પણ કર્મજન્ય છે તેથી જડ છે. તેમાં ચેતનની હાજરી માત્ર છે. આ પારમર્થિકનયની, નિશ્ચયનયની દૃષ્ટિ છે.

પરંતુ સર્વજ્ઞના આગમમાં તો કોઈક જગ્યાએ અધ્યવસનાદિ ભાવોને જીવના કહેવામાં આવ્યા છે તો ત્યાં એ સમજવું કે કોઈ નિશ્ચયની દૃષ્ટિને આગળ કરીને એકાંતે એમ માની લે કે અધ્યવસાનાદિ ભાવો તો જડ છે. ચેતનથી સર્વથા ભિન્ન છે માટે રાગ, દ્વેષ, મોહ કરવાથી કે પુદ્‌ગલનો શરીરનો ઘાત કરવાથી હિંસા થતી નથી તો તે બરાબર નથી.

જૈન દર્શન એ સર્વજ્ઞપ્રણીત છે. એટલે તેમાં એકાંતે કોઈ એક નયનો સ્વીકાર નથી. વ્યવહારનય પણ માન્ય છે માટે તે દૃષ્ટિથી જોતાં તો, અધ્યવસાનાદિભાવો એ ચેતનના પણ છે કારણ કે તે ચેતનના સંયોગથી નીપજે છે માટે જીવ નિર્ધ્વંસ પરિણામી બની હિંસાદિ ન કરે તે માટે વ્યવહાર નયની અપેક્ષાએ જીવના પણ કહ્યા છે. માટે અત્રે વ્યવહારનયનો ઉપદેશ એ નય પ્રાપ્ત



છે. સ્યાદ્‌વાદથી બંને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તેને જ સમ્યક્ત્વ કહ્યું છે તેથી જ હે પ્રભો! આપ પર પરિણતિનો આદર કરતાં નથી. પરંતુ અદ્વેષપણે તેને ઉવેખો છો.

નિશ્ચયનયથી જ્ઞાન અને ક્રોધ જુદા છે. જ્ઞાનનું પરિણમન તે આત્મા છે અને ક્રોધનું પરિણમન તે આત્મા નથી. કારણ કે પરમાર્થે આત્માના સ્વભાવમાં ક્રોધ નથી માટે ક્રોધનું પરિણમન એ જડભાવ છે. પુદ્‌ગલભાવ છે. અધ્યવસાન છે. માટે જ્ઞાન અને ક્રોધનું ભેદજ્ઞાન આવશ્યક છે. તેનાથી બંનેના એકપણારૂપ અજ્ઞાનનો નાશ થાય છે અને અજ્ઞાન મટવાથી કર્મબંધ પણ થતો નથી. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ કરેલ છે.

તેથી આત્મા જ્યારે જ્ઞાની થાય છે ત્યારે તેને કર્તા-કર્મભાવ થતો નથી. જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને જાણતો હોવા છતાં, નિશ્ચયથી પર-દ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી. અને તે રૂપે ઊપજતો પણ નથી તેથી જ આગમમાં જ્ઞાનને મોક્ષનું કારણ કહ્યું છે.

પુદ્‌ગલ પરિણતિરૂપ આચરણાનું અને આત્માનું ભેદજ્ઞાન થતાં બંધ પરિણામ થતો નથી. કેમ કે જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાં જ છે અને ‘સ્વ’નું ભવન તે સ્વ-ભાવ છે. માટે નિશ્ચયથી જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિ રૂપે પરિણમવું તે આશ્રવ છે. જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલ કર્મોને જાણતો હોવા છતાં, નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે રૂપે ઊપજતો પણ નથી તેથી જ આગમમાં જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. અધ્યવસાનભાવ બંધનું કારણ છે. અધ્યવસાનવાળું જ્ઞાન માત્ર

જાણવા રૂપ અર્થક્રિયા ન કરતું હોવાથી મિથ્યા છે. આ વસ્તુ સ્વરૂપને જાણીને આત્મધર્મથી ભિન્ન હોવાથી આપ પર પરિણતિને, અધ્યવસાન ભાવને અદ્વેષપણે ઉવેખો છો.

પ્રભુને સર્વ દ્રવ્ય તેના સર્વભાવ તેના પ્રતિ કોઈ ઉત્સુકતા નથી. આ વસ્તુ કે પ્રસંગ કેમ ? ક્યારે ? કેવી રીતે ? શું કામ ? કોના વડે ? કોના માટે ? શેમાંથી ? કેટલા પ્રમાણમાં ? કયા કારણે થયો કે બન્યો અથવા તો આ વસ્તુ આમ કેમ નહીં ? શા માટે નહીં ? વગેરે કાંઈ જ વિકલ્પો ઉદ્ભવતા નથી. જે વસ્તુ જ્યારે, જે રીતે થવાની હતી તે થઈ, નહોતી થવાની તો ના થઈ તેમના જ્ઞાનમાં કોઈ જ ફેર પડતો નથી. એટલે કે વિશ્વમાં બનતી તમામ ઘટનાઓ કે જે આપણી દૃષ્ટિએ ઘટિત છે કે અઘટિત છે તેને અદ્વેષપણે ઉવેખે છે - વીતરાગ ભાવે જાણે છે.

વીતરાગતા એટલે રાગરહિતતા. જ્યાં રાગ નથી ત્યાં દ્વેષ નથી, જ્યાં રાગ પોષાતો નથી ત્યાં જ દ્વેષ ઉદ્ભવે છે. મૂળમાં તો રાગ જ છે. વળી જ્યાં રાગ નથી - દ્વેષ નથી ત્યાં કોઈ હેતુ, સ્વાર્થ, પ્રયોજન, ગરજ, મતલબ કે ઈરાદો હોતો નથી તેથી ત્યાં તટસ્થતા-માધ્યસ્થતા-સરળતા-ન્યાય-પરાણયતા અને સાક્ષીભાવ હોય છે.

જ્યાં રાગ-દ્વેષ નથી ત્યાં લગાવ કે ધિક્કાર નથી, ગમો કે અણગમો નથી. રતિ-અરતિ નથી. હર્ષ-શોક નથી. ખેંચાણ કે ભંગાણ નથી. તાણ અને તણાવ નથી.

**જે કર્તા-ભોક્તાભાવથી જગતને બનાવ્યા કરે છે તે પોતે પણ બન્યા કરે છે.** પોતાના જ કર્તા ભોક્તા ભાવથી કર્મબંધ કરીને બન્યા કરે છે. તમારે જો નવા લેબાશમાં ન આવવું હોય તો કર્તા-ભોક્તાભાવથી કશું જ કરો નહિ.રાગી હોય એણે ટાળવાનું હોય, કણસવાનું હોય, હસવાનું હોય, રડવાનું હોય, જનમવાનું ને મરવાનું હોય જ્યારે કેવળી ભગવંતને આમાંનું કશું જ હોતું નથી. તેઓ માત્ર પ્રકાશે છે અને પોતાનામાં મહાલે છે.



જગતના બધા પદાર્થો જે અનંત છે તે સમરૂપે અર્થાત્ સરખા તરીકે જણાય અને એમાં કોઈ ભેદ વર્તે નહિ - પ્રયોજન વર્તે નહિ તો તેવું જ્ઞાન અવિકારી-વીતરાગ જ્ઞાન છે. જો આપણે પર પદાર્થને જોવા જાણવામાં કોઈ પ્રયોજન રાખીએ તો વીતરાગતા -સમરૂપતા સચવાય નહિ. પરિણામે જ્ઞાન વિકારી બનવાથી નિજ સત્તાએ શુદ્ધ સહુને જોઈ શકીએ નહિ અને આપણામાં રહેલી પર પરિણતિને અદ્વેષપણે ઉવેખી શકીએ નહિ. પુદ્ગલ પરિણતિ પ્રત્યે જે માધ્યસ્થભાવ રહેવો જોઈએ તે રહે નહિ.

સંસારી જીવની જે અનિત્યતા છે, ભેદાભેદ છે તે પુદ્ગલ સંગે છે. જો પુદ્ગલદ્રવ્યમાં વિનાશીપણું, અનિત્યતા ન હોત તો જીવને આયુષ્ય કર્મ ન હોત, અર્થાત્ જન્મ-મરણ ન હોત.

જો પુદ્ગલદ્રવ્યમાં સોના અને લોઢાનો, મિષ્ટાન્ન અને વિષ્ટાનો ભેદ ન હોત તો જીવમાં ઉચ્ચ-નીચના ભેદસ્વરૂપ ગોત્રકર્મ ન હોત.

જો પુદ્ગલ દ્રવ્યમાં રૂપ-રૂપાંતરતા અને નામ-નામાંતરતા ન હોત તો જીવને નામકર્મ ન હોત.

જો પુદ્ગલ દ્રવ્યમાં ટાઢા-ઉનાનો ભેદ ન હોત તો જીવને શાતા-અશાતા રૂપ વેદનીય કર્મ ન હોત.

**આપણે પણ જ્યાં પ્રયોજન ન હોય ત્યાં વીતરાગ રહી શકીએ**

**છીએ. પ્રયોજન ઉપસ્થિત થાય, ત્યાં જ વીતરાગતા ગુમાવીએ છીએ.** આ વીતરાગતા ગુમાવાનું નુકસાન બહુ મોટું છે. પણ તેનો ખ્યાલ આપણને આવતો નથી. દ્વેષ એ રાગનું ફરજંદ છે. કોઈ પણ વસ્તુ પ્રમાણની બહાર જાય એટલે આપણને ના ગમતી થાય અને તેનું જ નામ દ્વેષ. જેને આત્મજ્ઞાની બનવું હોય તેને સર્વત્ર ભૂલ સ્વીકારવી જોઈએ. દરેક જગ્યાએ પતાવટ કરવી જોઈએ. ક્યાંય પણ ખેંચતાણ નહિ કરવી જોઈએ. સાચા-ખોટાની ભાંજગડમાં નહિ પડવું જોઈએ.

અવસ્થાઓમાં ફેરફાર થાય છે તેમાં માણસ મૂંઝાય છે. આપણને અવસ્થા એવી ગમી જાય છે કે, અંદરના માલ સુધી દૃષ્ટિ જ જતી નથી. રીયલ અને રીલેટીવ દૃષ્ટિ યુગપદ્ થવી જોઈએ. જે સમયે બહારનું પેકિંગ દેખાય તે જ સમયે અંદરનું રીયલ તત્ત્વ-માલ પણ દેખાવો જોઈએ.

રીલેટીવમાં સુખ છે એવું ઠાંસી ઠાંસીને ભરેલું છે અને માલિકીભાવ સાથે ભરેલું છે. આ સુખ મને જ મળવું જોઈએ એવા ભાવ સાથે ભરેલું છે માટે કર્મના ઉદયકાળે—ડિસ્ચાર્જ વખતે તેના દૃષ્ટા રહેવાતું નથી. પોતાનાથી જુદું છે એવું લાગતું નથી.

આત્માની અનંતી શક્તિ સ્વક્ષેત્રમાં ઝળકવાને બદલે પરક્ષેત્રમાં વેડફાઈ જાય છે. શુદ્ધાત્માનો વ્યય થતો નથી. તે અવ્યય છે તેનો શુદ્ધ પ્રકાશ જેટલો વાપરીએ તેટલું જ્ઞાતાપદ ખુલ્લું થાય. જ્ઞાનને સમ્યગ્ રીતે વાપરતાં તેની શક્તિ અનંતગુણી વધતી જ જાય. આત્મા જેટલો શુદ્ધ ઉપયોગમાં રહે, તેટલું દર્શનપદ, જ્ઞાનપદ ખુલ્લું થાય.



કોઈ પણ બાહ્ય પ્રસંગ, બાહ્ય દૃશ્ય, બાહ્ય પરિસ્થિતિ કે બાહ્ય સંયોગની જેટલા અંશે અંદર અસર ન વર્તાય તેટલા અંશે આત્માની જાગૃતિ કહેવાય. ગમવાપણાનો સંયોગ વૈભાવિક છે. પરિસ્થિતીનો વિયોગ કરનારો કોઈ સ્વતંત્ર કર્તા છે નહિ. પૂર્વમાં ભરેલા માલને આધારે બાવાને એટલે કે અહંકારને કોઈ પણ સંયોગ ન ગમતો હોય તો પણ આપણે આ સમજ્યા હોઈશું તો તેને ધક્કો મારશું નહિ પણ સમભાવે નિકાલ કરશું.

શ્રીપાળને ધવલે ખૂબ પરેશાન કરેલ છે છતાં બર્બરકોટમાં રાજાના સેવકો જ્યારે ધવલને પકડીને જેલમાં પૂરવા લઈ જાય છે ત્યારે શ્રીપાળ ધવલ ને છોડાવે છે અને કહે છે કે આ તો મારા ઉપકારી છે. કારણ એ જ હોઈ શકે કે એનું સમ્યક્ત્વ કેટલું પ્રગાઢ છે તેની ખાત્રી તો આવા અવસરે જ થઈ શકે.

બીજું ધવલની દુર્જનતા એ તો એની પર પરિણતિ છે. તેનામાં પણ રહેલ દ્રવ્ય સ્વભાવ તો મારી જેમ અખંડ અને નિર્મળ છે. ત્રિકાળ છે. એની આગળ એની પર પરિણતિ ઉપર દ્વેષ કેમ કરાય? ઉપેક્ષા જ યોગ્ય છે કારણ કે એ તો કર્મજનિત છે જ્યારે મૂળ તત્ત્વ તો મૌલિક છે.

**પંન્યાસજી મહારાજના ઉદ્ગારો.... પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધાને જીવો પ્રત્યેનો આપણો પ્રેમ જ અભિવ્યક્ત કરે છે.**

**ખલિલ જિબ્રાન - ભાઈઓ, જે ઈશ્વરને આપણે સમજતા નથી એની વાતો ઓછી કરીએ અને માણસની વાતો વધુ કરીએ કારણ કે માણસને ઓળખ્યા પછી જ ઈશ્વરને ઓળખવાનો પ્રયત્ન થઈ શકે.**

પર પરિણતિને અદ્વેષપણે ત્યારે જ ઉવેખી શકાય કે **પર્યાય માત્ર દ્રવ્યની સપાટી પરના પરપોટા લાગે.** જે પરપોટા લાગે તેની ઉપર રાગ કે દ્વેષ કશું જ ના થાય. માત્ર તેની પ્રત્યે મધ્યસ્થભાવ જ પ્રગટે. જો આપણને ગમે તેવા મહેલને ઈંટમટોડાના ખંડિયર તરીકે જોતાં આવડે તો કેવી રીતે તેના ઉપર રાગ-દ્વેષ થઈ શકે?

**ભક્તની દુનિયામાં નિમિત્તનું – પ્રભુનું મહત્ત્વ છે.**

**સાધકની દુનિયામાં ઉપાદાનનું – સ્વરૂપનું મહત્ત્વ છે.**

ભક્ત પરમાત્મામાં ખોવાઈ જાય છે. એને મન પરમાત્મા જ સર્વસ્વ છે. સાધક સ્વરૂપમાં જ વારંવાર ડૂબકી મારે છે. એને ઉપયોગને બહાર લઈ જવાનું ફાવતું નથી. એને પોતાનું સ્વરૂપ જ સર્વસ્વ લાગે છે. માટે નિમિત્ત એનું કાંઈ બગાડી શકતું નથી. કારણ કે નિમિત્ત તરફ તેની દૃષ્ટિ જ નથી.

**'ભોગ્યપણે નિજશક્તિ અનંત ગવેખતા.'**

હે પ્રભો! આપ ભોગ્યપણે નિજશક્તિના કર્તા-ભોકતા છો, એટલે આપની નિર્મળ પર્યાયમાં વેદાતો આનંદ સ્વરૂપ આપનો પોતાનો જ આત્મા છે, જે ભોગ્યપણે પોતાને જ ભોગવે છે. નિજશક્તિઓ જે અનંતગુણ-પર્યાય રૂપ છે. પરમ ચૈતન્ય રૂપ છે. પરમાનંદ રૂપ છે, સહજ સુખરૂપ છે. આવી અનંત તત્ત્વ વિલાસિતાને આપ ભોગ્યપણે ભોગવો છો. તેથી આપ સ્વધર્મને જ ભોગ્યપણે જાણો છો તેથી આપ પરમાત્મરૂપ પરમધર્મના ભોગી છો.

હે પ્રભો! આત્મામાં રહેલ અનંતગુણો તો ભિન્ન ભિન્ન સ્વભાવવાળા છે. એક ગુણ બીજા ગુણ રૂપે થઈ જતો નથી છતાં



જ્ઞાનમાત્રના નિર્મળ પરિણમનમાં બધા ગુણોનો રસ એકસાથે વેદાય છે.

જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં આત્માની બધી શક્તિઓ – બધા ગુણો સમાઈ જાય છે. એકેક શક્તિ-ગુણ બેહદ સ્વભાવના સામર્થ્યથી જ ભરેલી છે. આત્મામાં એકસાથે અનંત શક્તિઓ ઉલ્લસે છે એટલે કે પરિણમે છે. તે શક્તિઓને પ્રદેશભેદ નથી. ક્ષેત્રભેદ નથી, કાળભેદ નથી પણ લક્ષણભેદ છે. જીવત્વશક્તિનું કાર્ય આત્માને ચૈતન્યપ્રાણથી જિવાડવો, જ્ઞાનનું કાર્ય જાણવું, સુખનું કાર્ય અનાકૂળ શાંતિનું વેદન કરવું. પ્રભુતાનું કાર્ય સ્વતંત્રતાથી શોભવું, પ્રકાશશક્તિનું કાર્ય સ્વયં-પ્રત્યક્ષ અનુભવ કરવો એ પ્રમાણે છે. આમ અનંતશક્તિઓને પરસ્પર લક્ષણભેદ-કાર્યભેદ છે.

આમ ગુણનો વૈભવ ત્રિકાલદર્શી છે ને પર્યાયનો વૈભવ એક સમયનો છે. ગુણ ત્રિકાળ અને પર્યાય એક સમયની છતાં દ્રવ્ય-ગુણ-પર્યાય એ બધાનું ક્ષેત્ર એક જ છે. દ્રવ્ય-ગુણનો આનંદ જ્યારે પર્યાયમાં પરિણમ્યો - વ્યાપ્યો ત્યારે ભાન થયું કે આપ આનંદના પિંડ રૂપ છો અને એવા અનંત ગુણોનો પિંડ, સત્તાએ હું પણ છું. નિર્મળ પરિણતિમાં- નિર્મળ પર્યાયમાં અનંત ગુણોનું પરિણમન એક સાથે ઊછળી રહ્યું છે. આવા અનંત ગુણ પર્યાયનો પિંડ જ્ઞાન લક્ષણ વડે જણાય છે, લક્ષિત થાય છે ને તે જ આત્મા છે. આવી અનંત ગુણ-પર્યાયરૂપ શક્તિઓને આપ ભોગ્યપણે ભોગવો છો.

જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે ચૈતન્યરૂપ ભાવ પ્રાણ વડે જ આત્મદ્રવ્ય ટકી રહ્યું છે. જે જીવનું જીવન છે એવી જીવત્વ

શક્તિ સર્વગુણોમાં વ્યાપેલી છે. તેથી તે જીવત્વશક્તિએ અનંત ગુણોને જીવન આપ્યું છે આવા ચૈતન્ય ભાવપ્રાણરૂપ જીવત્વથી જીવને ઓળખવો તે નિશ્ચય છે. તેની સન્મુખતાથી પર્યાયમાં ચૈતન્યનું નિર્મળ પરિણમન પ્રગટ્યું છે તે વ્યવહાર છે.

આવી અખંડ વસ્તુને લક્ષમાં લેતા સમયે સમયે નવો - નવો આનંદ પરમાનંદ સ્વરૂપે પરિણમે છે તેને લક્ષમાં લેતાં તે પરિણમીને આત્માના સર્વગુણોમાં વ્યાપે છે એટલે સુખની અનુભૂતિમાં અનંત ગુણનો રસ વેદાય છે. આમ અનંત ગુણોમાંથી આવતાં અનંત અનંત આનંદને વેદતાં અનંત શક્તિવાળા આત્માને જાણ્યો, માણ્યો, અનુભવ્યો કહેવાય. સુખના વેદનમાં અનંત ગુણોનો રસ ભેગો છે, તે અનંત ગુણોનું અનંત સુખ છે તેને આપ સહજપણે વેદો છો.

આત્મા અનંત ગુણરૂપ સ્વ-ભાવને વેદતો હોવાથી નિજ સ્વરૂપમાં તદ્‌રૂપપણે રહે છે. આવી તત્ત્વશક્તિ છે, જે પરની સાથે તદ્‌રૂપપણે થવા દેતી નથી એવી અતત્ત્વ નામની ભેગી શક્તિ પણ આપમાં વિલસે છે. હે પ્રભુ! આપના જ્ઞાનાદિ અનંત સ્વભાવો સાથે આપને તદ્‌રૂપતા છે ને પર સાથે આપને અતદ્‌રૂપતા છે. આવી બંને શક્તિઓ આત્મામાં એકસાથે રહેલી છે તેથી જ્ઞાનભાવ પોતાના આનંદાદિ અનંત સ્વધર્મો સાથે તદ્રુપ થઈને પરિણમે છે ને વિકાર સાથે તદ્રુપ થયા વગર પરિણમે છે. આવું અનેકાન્તપણું તત્ત્વ વિલાસિતા રૂપે સ્વયમેવ પ્રકાશે છે. તેથી જ હે પ્રભો! નિજ સ્વભાવના અવલંબને થયેલું જે નિર્મળ કાર્ય છે તેની સાથે કારણ-કાર્યપણું છે.

જ્ઞાન ભાવનું જે પરિણમન છે તેની સાથે રાગને તદ્‌રૂપપણું



નથી. રાગાદિ તો બાહ્ય ભાવો છે તે બધાય નિજસ્વભાવપણે નથી અનુભવાતા પણ પરસ્વભાવપણે અનુભવાય છે. આત્માને પોતાના અનંત ગુણો અને તેની નિર્મળ પર્યાયો સાથે તદ્‌રૂપપણું પોતાના સ્વભાવથી જ છે એટલે શુદ્ધ પરિણમનની અપેક્ષાએ શુદ્ધ પર્યાય સાથે આત્માને તન્મયતા છે જેને જેની સાથે આવી રીતે તત્પણું- તન્મયપણું હોય તે, તે જાતનું જ હોય, વિરુદ્ધ જાતનું ન હોય. એક ચેતન અને બીજું અચેતન એમ બે વિરુદ્ધ વસ્તુને એકતા હોઈ શકે નહિ તેમ એક શુદ્ધતા અને બીજી અશુદ્ધતા એમ બે વિરુદ્ધ ધર્મોને એકતા હોઈ શકે નહિ.

આવી રીતે આપને અનંત ગુણના સ્વભાવ સાથે તદ્‌રૂપતા છે ને વિભાવો સાથે અતદ્‌રૂપતા છે.

આવી તત્ત્વ વિલાસિતારૂપ જો આત્મામાં 'તત્ત્વશક્તિ' ન હોય તો **નિજગુણમાં તદ્‌રૂપ થઈને** પોતાની શાંતિને વેદી શકે નહિ અને જો 'અતત્ત્વ શક્તિ' ન હોય તો **પરથી ભિન્ન રહીને** નિજ શાંતિને વેદી શકે નહિ. તેથી હે પ્રભો! આપ પરાશ્રય છોડીને સ્વાશ્રયે લીન થઈને ભોગ્યપણે નિજ શક્તિને ભોગવો છો.

આત્મા નિજસ્વભાવથી પોતાના જ્ઞાનાનંદરૂપ નિર્મળ ભાવને ભોગવે તેમાં જ આત્માની પરમ આત્મપણે પ્રસિદ્ધિ છે. ને તેમાં સમસ્ત પર ભાવોનું અભોક્તાપણું છે. તેથી જ હે પ્રભો! આપના ચિદાનંદ સ્વભાવમાં રાગનો કે રાગના ફળને ભોગવવાની વૃત્તિનો સદંતર અભાવ વર્તે છે. તેમજ ધર્મીજનો તેને નિજભાવમાં ભેળવતા નથી. રાગને કે તેના ફળને ભોગવવાની જેને ભાવના છે તેને સ્વના નિજાનંદ સ્વભાવ- સહજાનંદ સ્વભાવની ખબર

નથી અને તેને ભોગવવાની ભાવના નથી તેથી પરના અભોક્તા સ્વભાવને જે જાણે છે તેની પર્યાયમાં રાગનું કે તેના ફળનું ભોક્તાપણું રહેતું નથી, એટલે જ આપ કર્મફળ ચેતનાથી રહિત શુદ્ધ જ્ઞાન ચેતનારૂપ થઈને કેવલ જ્ઞાનને પામેલા છો ને ભોગ્યપણે આપના નિર્મળ પર્યાયોને ભોગવો છો. તેથી આપ પરમાત્મા રૂપ પરમ ધર્મના ભોગી છો. આત્મા એક અખંડ દ્રવ્ય હોવાથી તેની શક્તિની વ્યક્તતા પૂર્ણતામાં પરિણમેલી છે તેથી જ્ઞાન, દર્શન, સુખ, વગેરે બધા જ ધર્મો પૂર્ણપણે પરિણમે. તેથી જ કહ્યું છે કે જે પૂર્ણ વીતરાગ થાય તે પૂર્ણ પરમાત્મા થાય. સર્વજ્ઞ પરમાત્મા થાય.

તૈતરિય ઉપનિષદ્ – ‘‘રસો વૈ સઃ’’. રસ એક જ છે પરમાત્મા. બાકીનું બધું નીરસ.

પ્રભુ પોતાની અનંત ગુણસંપત્તિને ભોગવવા યોગ્ય માનીને ભોગવી રહ્યા છે. ખરેખર ગુણો એ જ ભોગને યોગ્ય છે. પુદ્ગલ નહિ. કારણ તે તો જડ છે. તેમાં સુખ છે જ નહિ તો પછી તેને શું ભોગવવાનું?

કૂતરું જેમ હાડકાને ચાવી તેમાં સુખ માને છે તેમ મનુષ્ય પરમાંથી સુખ ભોગવવાનો પ્રયત્ન કરે છે. અજ્ઞાન, આત્માને સાચી દિશા દેખવા દેતું નથી.

**ભર્તૃહરિ - ભોગા ન ભુક્તાઃ વયમેવ ભુક્તાઃ કાલો ન યાતો વયમેવ યાતાઃ**

જીવ માને છે કે અમે ભોગોને ભોગવીએ છીએ, ખરેખર તેમ નથી. ભોગોથી તે જ ભોગવાઈ જાય છે. જીર્ણ-શીર્ણ થઈ જાય છે. કાળ નથી જતો અમે જ જગતમાંથી ચાલ્યા જઈએ છીએ.



અંગ્રેજી કહેવત પણ આ વાત કહે છે : Man takes the first cup of tea, than tea takes the man. - ચાનો પહેલો પ્યાલો માણસ પીએ છે પછી તો ચા જ માણસને પીએ છે.

સ્વરૂપમાં ડૂબકી મારનાર ખાવાપીવાનું બધું જ ભૂલી જાય છે.

અનંતગુણમય એવા સ્વસ્વરૂપનો ભોગવટો કરવો એ જ જીવનો ધર્મ છે. ભોગ ભોગવ્યા વિના જીવને ચાલતું નથી પણ અનાદિકાળથી પોતાના સ્વભાવની ઓળખ નથી. માટે વિભાવના વમળમાં અટવાયેલા જીવને શરીર અને ઇન્દ્રિયો બોનસમાં મળી છે એટલે તે ભૂલ્યો. એટલે મોહ રાજાએ આપેલા મોહના રમકડા સાથે રમવાનું શરૂ કર્યું. ભૂંડ-ભૂંડણના ખેલ શરૂ થયા. અનંત એવો કર્મનો જથ્થો ભેગો કરી એકેન્દ્રિયાદિમાં ભટક્યો પાછો અકામ નિર્જરાથી કર્મ ખપાવી ઉપર આવ્યો ત્યાં પણ પાછી આ જ રમત. આમ અનંતા પુદ્ગલપરાવર્ત કાળ વીતી ગયો.

ફૂટબોલના દડાની જેમ જીવ ચારેગતિમાં અથડાયા કરે છે જ્યારે હે પ્રભો ! આપ તો આપની અનંત ગુણપર્યાયરૂપ, પરમ ચૈતન્યરૂપ, પરમાનંદરૂપ, સહજાનંદસ્વરૂપ એવી જે અનંતી તત્ત્વ વિલાસિતા, તેને ભોગવો છો.

હે પ્રભુ! તમે જ્ઞાતાભાવે જગતને જુઓ છો. બધાં દ્રવ્યોને પોતાની સત્તાએ કરીને શુદ્ધ લેખો છો. પર પરિણતિની અદ્વેષપણે ઉપેક્ષા કરો છો અને પોતાની અનંતશક્તિના આપ ભોક્તા છો.

**સાધનામાં -**

**જડ જગત પ્રત્યે જ્ઞાતાભાવ**
**ચેતન જગત પ્રત્યે મૈત્રીભાવ**

**વિભાવ પરિણતિ પ્રત્યે અદ્વેષ ભાવ – માધ્યસ્થ ભાવ સ્વપ્રતિ નિજગુણોનું જ ભોક્તાપણું.**

આત્મા પોતાના અનંત ગુણપર્યાય રૂપ સ્વધર્મમાં જ તન્મયપણે વ્યાપીને રહ્યો છે. તે ભિન્ન ભિન્ન અનંતા શરીરોમાં રહેવા છતાં તેમાં ક્યારેય તન્મયપણે આવીને રહ્યો નથી. શરીરના જડધર્મ રૂપે આત્મા કદી થયો નથી. શરીર કે રાગાદિ પરભાવો કદી એક સ્વરૂપે રહેતા નથી. તે ખરેખર આત્માના સ્વધર્મ નથી. જ્ઞાન, આનંદાદિ અનંત ગુણો અને તેના નિર્મળપર્યાયોમાં જ તે પ્રસરીને રહ્યો છે એટલે આત્માનું વ્યાપ્ય-વ્યાપકપણું આત્માના અનંત ગુણપર્યાયો સાથે જ છે. પરમાં એટલે કે વિકારોમાં આત્માનું વ્યાપ્ય-વ્યાપકપણું નથી. આત્માના દ્રવ્ય ગુણ અને પર્યાય ત્રણેય શુદ્ધ થઈને વ્યાપ્ય વ્યાપકપણે એકરૂપ થઈને રહ્યા છે. હે પ્રભો! સ્વધર્મને જ આપ સતત અનુભવી રહ્યા છો.

આત્મા સ્વાનુભવથી જ્યારે જ્ઞાનમાત્ર રૂપે પરિણમે છે ત્યારે તે જ્ઞાનમાત્ર પરિણમન, અનંત શક્તિ - અનંત ગુણોના નિર્મળ પરિણમનથી યુક્ત છે. એક સમયની જાણનક્રિયા અનંત ગુણોના નિર્મળ પરિણમનને સાથે લઈને પ્રગટે છે. દરેક દ્રવ્યમાં અનંત શક્તિરૂપ પોતપોતાનો વૈભવ છે. આત્મદ્રવ્યની અનંત શક્તિ હોવા છતાં સમયસારમાં ૪૭ વિશિષ્ટ શક્તિમય આત્માનો વૈભવ બતાવ્યો છે. કારણ કે અનંત શક્તિ તો બતાવી શકાતી નથી. જ્ઞાનમાત્ર કહેતા અનંત શક્તિમય આત્મા ઓળખાઈ જાય છે. આવી પ્રભુતા મારી પણ હોવા છતાં તેને ભૂલીને હું પરભાવમાં રખડું છું. માટે હે પ્રભો! મને આપનું જ શરણ હો જેથી અમે પણ ભોગ્યપણે અનંત શક્તિને ભોગવીએ.



दानादिक निज भाव,
हता जे परवशा, हो लाल ॥ह.॥
ते निज सन्मुख भाव,
ग्रही लही तुज दशा, हो लाल ॥ग्र.॥
प्रभुनो अद्भूत योग,
स्वरूपतणी रसा, हो लाल ॥स्व.॥
भासे वासे तास,
जास गुण तुज जिसा, हो लाल ॥जा.३॥

**અર્થ :-** દાનાદિ ગુણો ક્ષયોપશમભાવના પરાધીનપણે અનાદિથી પુદ્ગલ અનુયાયી બની પ્રવૃત્તિ કરતા હતા, તે આપની વીતરાગ દશાનું આલંબન પામીને આત્મસન્મુખ થાય છે એટલે નિમિત્તાવલંબી દાનાદિ ગુણો સ્વરૂપાવલંબી બને છે.

ખરેખર! અરિહંત પરમાત્માના યોગની એટલે રત્નત્રયીના સ્વરૂપની રસા એટલે કે ભૂમિકા અદ્ભુત છે. તેની યથાર્થ ઓળખાણ અને પ્રતીતિ પણ તેને જ થઈ શકે છે, કે જેનામાં પ્રભુના જેવા ગુણો પ્રગટ્યા છે.

**ભાવાર્થ :-** હે નાથ! આત્માના એકેક પ્રદેશે અનંત ગુણોનો વાસ છે. તેમાંથી આપને અનંત આનંદ આવી રહ્યો છે તેને આપ પ્રતિસમયે ભોગવી રહ્યા છો. સંસારી જીવોને દાનાદિ આત્મધર્મ એટલે દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચે લબ્ધિઓ ક્ષયોપશમભાવે વર્તે છે એટલે તે પુદ્ગલને આધીન બનીને સંસારના ભૌતિક ક્ષેત્રે પ્રવર્તી રહ્યા છે. અનાદિકાળથી આત્માના

સ્વરૂપનું ઘોર અજ્ઞાન વર્તે છે, માટે પ્રતિસમયે જીવને મિથ્યાત્વનો કારમો ઉદય પ્રવર્તી રહ્યો છે. આખું અંતરાયકર્મ એ દેશઘાતી હોવાથી અંતરાયકર્મનો સંસાર ક્ષેત્રે ઉદય સાથે ક્ષયોપશમ ભાવ પણ વર્તે છે. તેની સાથે અઘાતિની પુણ્યપ્રકૃતિનો ઉદય થતાં તેને ધન, કુટુંબ, પરિવાર, સ્નેહી, સ્વજન, ઘરબાર, પેઢી, ફેક્ટરી, કારખાના, ગાડી, વાડી, લાડી, રાચરચીલું, હીરા, મોતી, માણેક, સોનું, ચાંદી, વગેરેની પ્રાપ્તિ થાય છે.

જીવ પોતાના સ્વરૂપને, અનંત ગુણોને તેમજ તેમાંથી આવતાં આત્માના અનંત આનંદને નહિ ઓળખતો હોવાથી, તેનો મહિમા નહિ જાણેલો હોવાથી ઉપર કહેલ ધન-ધાન્યાદિ સંપત્તિના લાભને જ પોતાનો માને છે. તેનું દાન આપીને મેં દાન આપ્યું એમ માને છે. તેના જ ભોગવટાને પોતાનો ભોગવટો માને છે. તેનો જ વારંવાર ભોગ કરવા સ્વરૂપ ઉપભોગને કરીને રાજી થાય છે તેમાં જ પોતાની સઘળી વીર્યશક્તિને ખરચે છે.

દાનાદિ પાંચે લબ્ધિઓ જે ક્ષાયિક ભાવની છે અને આત્માના સ્વરૂપમાં વિશ્રાંત થનારી છે તે બધી લબ્ધિઓ અજ્ઞાનભાવે પુદ્‌ગલની પ્રાપ્તિ, ભોગવટો, ઉપભોગ અને સંગ્રહમાં વેડફાઈ રહી છે અને **એટલે જ મેં ફલાણાને દાન આપ્યું, આટલું આપ્યું, મેં શીલ પાળ્યું, મેં તપ કર્યો, જપ કર્યો, સંઘ કાઢ્યો, ઉપધાન કરાવ્યાં, તીર્થમાળ પહેરી, ૧૦૦ ઓળી કરી, નવ્વાણું યાત્રા કરી, નવ લાખ નવકાર ગણ્યા. મેં મકાન બંધાવ્યું, દીકરા-દીકરી પરણાવ્યા, બીજાને સુખી કર્યાં, દુઃખમાંથી મુક્ત કર્યાં આવા વિકલ્પોની હારમાળા સતત-સતત અને સતત ચાલ્યા જ કરે છે. પોતાના સ્વરૂપનો ખ્યાલ નહિ હોવાથી તેને સમજાતું જ નથી કે**



**આત્મા તો આમાંનું કાંઈ જ કરનાર નથી.**

હે નાથ ! આપને જ્યારે કેવલજ્ઞાન પ્રગટ્યું ત્યારે દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યરૂપ લબ્ધિઓ પણ ક્ષાયિકભાવે પ્રગટી. પરદ્રવ્ય અને પરભાવનો ત્યાગ કરવાથી જ દાનાદિ લબ્ધિઓ ક્ષાયિકભાવે પ્રગટ થાય છે.

જ્યારે એક ગુણ સંપૂર્ણ પ્રગટે છે ત્યારે તે ગુણ સંપૂર્ણપણે પોતાનામાં રહી બીજા ગુણને પ્રગટાવવામાં પોતે ત્યાં હાજર રહેવા રૂપે સહાય કરે છે. નિર્મળ પર્યાયરૂપ જે ભાવ પ્રગટ્યો તે આત્માએ પોતે જ, પોતાનામાંથી જ પ્રગટ થયો છે અને પોતે જ પાત્ર થઈને લીધો છે. તે ભાવ કોઈ બીજાએ આપ્યો નથી કે બહારથી આવ્યો નથી અને પ્રગટ થયેલો ભાવ આત્માની બહાર કયાંય ગયો નથી. તેથી દેનાર પણ પોતે જ છે અને લેનાર પણ પોતે જ છે. જેમ બે હાથમાંથી એક હાથ આપે અને બીજો હાથ લે તો ત્યાં લેનાર પણ પોતે છે અને આપનાર પણ પોતે છે.

જે નિર્મળ પર્યાય પ્રગટી તેને આપ ભોગવો છો. જ્ઞાનાનંદરૂપ નિર્મળ ભાવને ભોગ્યપણે ભોગવો છો તેથી ત્યાં પરદ્રવ્ય કે પરભાવોનું અભોક્તાપણું સિદ્ધ થાય છે. વળી તે નિર્મળ પર્યાયોને નિરંતર અસ્ખલિતપણે આસ્વાદો છો તે આપનો ક્ષાયિક ભાવે ઉપભોગ છે. આપના નિર્મળ પર્યાયોનું પરિણમન આપના જ્ઞાનાનંદ સ્વરૂપની જ રચના કરે છે તેથી આપ ક્ષાયિક ભાવે અનંત વીર્યના ધારક છો. નિર્મળ જ્ઞાન, નિર્મળ શ્રદ્ધા, આનંદ, વગેરે અનંત ગુણોની નિર્મળ પર્યાયોને રચે એવું આપની વીર્યશક્તિનું સામર્થ્ય છે. આ રીતે દાનાદિ લબ્ધિઓનું સ્વરૂપ બતાવ્યું.

હે નાથ! આપને જે ક્ષાયિક ભાવે દાનાદિ લબ્ધિઓ પ્રગટી તેની તુલના કોઈની સાથે કરી શકાય તેમ નથી. કારણ કે તે જ પરિપૂર્ણ આત્મધર્મ છે અને તે જ પરિપૂર્ણ આનંદ સ્વરૂપ છે. જ્યારે ક્ષયોપશમે પ્રગટ થયેલ દાનાદિ પાંચ ભાવો તો પરદ્રવ્ય અને પરભાવોને અનુસરતાં હોવાથી પરાનુયાયી હોય છે. પુદ્‌ગલાનંદી ભાવવાળા છે. જે અનાદિકાળથી વળગણ રૂપે પરવશતાને આપે છે. વર્તમાનમાં જે ભાવો થઈ રહ્યા છે તે નિર્મળ નથી તેથી તે પરાધીનતાને આપે છે. અમારું આ પરાધીનપણું પુદ્‌ગલાનંદી ભાવોથી યુક્ત હોવાથી અંતરાયવાળું છે. સંસારી જીવોની દશા એ આ પાંચ પ્રકારના અંતરાયકર્મના ઉદયે છે. ઔદયિક ભાવોમાં રમણતારૂપ છે. આ પાંચે અંતરાયો જીવના ઉત્સાહ, પરાક્રમ અને વીર્યનો ઘાત કરનાર છે.

સંસારી જીવો દાનાદિકની ઈચ્છા કરે છે. પોતાની ઈચ્છાનુસાર દાનાદિ કાર્યો થાય તો તેમાં હર્ષ-સુખ માને છે અને પોતાની ઈચ્છાનુસાર દાનાદિ કાર્ય ન થાય તો તેમાં દુઃખ-ખેદ માને છે.

દાનાદિ કાર્યોનું ઊપજવું તે તો અંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર છે તો પણ સંસારી જીવો મોહને આધીન બનીને દાનાદિ કાર્યોમાં સુખદુઃખ અનુભવે છે. સમ્યગ્‌દ્રષ્ટિવંત જીવો દાનાદિ ભાવોમાં હર્ષ-શોક કરતાં નથી જ્યારે મિથ્યા દૃષ્ટિવંત જીવો દાનાદિ ભાવોમાં વિશેષ પ્રકારે હર્ષ-શોક કરીને સુખદુઃખને જ અનુભવે છે.

જીવ પોતે જ પોતાના અજ્ઞાનથી પોતાનામાં અંતરાયો ઊભા કરે છે અને તેથી કરીને પોતાના આત્માને દાનાદિકના લાભથી વંચિત રાખે છે. લૌકિક ક્ષેત્રે બીજાને દાન આપવાનું મન ન થવું



- ભાવ ન થવો તે દાનાંતરાય છે. પોતાને ભૌતિક ચીજનો લાભ ન થવો તે લાભાંતરાય છે. પોતે ભૌતિક ઈષ્ટ ચીજનો ભોગ અને ઉપભોગ ન કરી શકે તે ભોગાંતરાય અને ઉપભોગાંતરાય છે તેમજ આ બધાને માટે વીર્ય ફોરવી ન શકે તે વીર્યાંતરાય છે. જ્યારે લોકોત્તર ક્ષેત્રે તો પોતાની ભીતરમાં રહેલ અનંત દાનાદિ ગુણોનો પોતાની પર્યાયમાં લાભ ન થવો, પોતે પોતાના ગુણોનું પ્રગટીકરણ કરીને પોતાની પર્યાયને તેનું દાન ન કરવું. પોતાની પર્યાયમાં તેનો ભોગ-ઉપભોગ ન કરવો તે સ્વપ્રત્યેનો અંતરાય છે. આ અંતરાય જ્યાં સુધી ન તૂટે ત્યાં સુધી મોક્ષે જવાય નહિ. આત્માના અનંત ચતુષ્ટય પ્રત્યેના લાભમાં વિઘ્નરૂપ જો કોઈ હોય તો આ અંતરાય છે. આ વસ્તુ જીવને જો સમજાઈ જાય તો વિરાગી બની રહેવાય અને વીતરાગી થવાય.

અહિયાં સૂક્ષ્મ નિગોદના જીવોની કર્મજનિત ઔદયિક ભાવની અવસ્થા લક્ષમાં લેવા જેવી છે. તેઓ સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી સૂક્ષ્મતાને પામેલા છે. છતાં તેઓ કોઈનાથી હણાતા નથી. છેદાતા નથી, કપાતા નથી, બળતા નથી, ભીંજાતા નથી, ખંડ ખંડ અવસ્થામાં વિભાજિત થતાં નથી. અર્થાત્ તેઓ કોઈને પીડા પહોંચાડતા નથી. તેમજ કોઈનાથી પીડા પામતા નથી. માત્ર પોતાના આયુષ્ય કર્મનો ક્ષય થયે છતે જ મરણને પામે છે અને અન્ય સ્થાને જન્મે છે. આમ માત્ર સૂક્ષ્મ નામ કર્મના ઉદયને ધારણ કરવા માત્રથી જ તેઓ બાધ્ય-બાધક ભાવની અસર રહિત હોય છે. આ સ્થિતિ માત્ર સૂક્ષ્મ નામકર્મનો ઉદય હોય ત્યાં સુધી જ રહે છે. ફરીથી પાછા બાદર નામ કર્મનો ઉદય થતાં બાધ્ય-બાધકભાવની અસર જીવને ઊભી થાય છે.

આવી સૂક્ષ્મ નિગોદના જીવોની અવસ્થાને ધ્યાનમાં લઈને આપણે લક્ષમાં લેવા જેવી ચીજ એ છે કે આપણે સાધનાકાળ દરમ્યાન મતિજ્ઞાનના ઉપયોગને એટલો સૂક્ષ્મ બનાવવાની જરૂર છે કે જેથી આપણે મોહનીયના ભાવોને હણી શકીએ અને વીતરાગ બની શકીએ તો અંતે આપણે અવ્યાબાધપણાને પામી શકીએ. આત્માને અનંત દાનાદિક લબ્ધિઓનું - ગુણોનું દાન કરવા માટે ઉપયોગને અતિસૂક્ષ્મ બનાવવો જરૂરી છે. આ સંદર્ભમાં જ દેવચંદ્રજી મહારાજ **'દાનાદિક નિજ ભાવ હતા જે પરવશા, તે નિજ સન્મુખ ભાવ ગ્રહી લહી તુજ દશા'** પંક્તિનો પ્રયોગ કર્યો છે.

મોહના ઘરમાં જઈને રહેવાથી જીવે પરાધીન એવા શુભાશુભ ભાવો કરી ચાર ગતિમાં પરિભ્રમણ કર્યું હતું. તે હવે પોતાનું સ્વ-ઘર-આત્મ-ઘર યાદ આવતાં વર્તમાન ઉપયોગ નિજ સન્મુખ થયો. પર્યાય પોતે દ્રવ્યને અભિમુખ થઈ તેનાથી દ્રવ્ય પર્યાયનું ઐક્ય સધાયું એટલે પર્યાયમાં પરમાત્મ સ્વરૂપ પ્રગટી ગયું.

આત્મા તો છ દ્રવ્યો પૈકી એક દ્રવ્ય છે. પદાર્થ છે, વસ્તુ છે અને તે દ્રવ્ય પર્યાય સ્વરૂપ છે. દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ બંને મળીને આત્મા નામની એક વસ્તુ છે તેમાં આત્મદ્રવ્ય સ્વભાવે અનાદિ અનંત શુદ્ધ જ છે. અકર્તા છે, અભોક્તા છે, અકારક છે, અવેદક છે, ત્રિકાળસ્થાયી છે, નિર્લેપ છે, નિર્મળ છે, જ્ઞાયક છે. બીજું જે પર્યાય છે તે ક્ષણિક સત્ છે ક્ષણે ક્ષણે પલટાય છે પણ તે પલટાવાપણું તે જે તેનો સ્વભાવ છે. પર્યાયના ઉત્પાદ અને વ્યયનું કારણ પર્યાય સ્વભાવ છે. દરેક પર્યાય પોતાની ક્ષણિક યોગ્યતાથી તેવા તેવા પ્રકારનું નિમિત્ત પામીને



સહજપણે ઉત્પાદ-વ્યય ધર્મને અનુસરે છે. તેમાં દ્રવ્ય સ્વભાવ કાંઈ જ કરતો નથી. આમ દ્રવ્ય સ્વભાવથી દરેક વસ્તુ ત્રિકાળ ટકે છે અને પર્યાય સ્વભાવથી ક્ષણે ક્ષણે પલટાય છે. ટકતો ભાવ તે ધ્રુવ કહેવાય છે અને પલટાતો ભાવ તે ઉત્પાદ-વ્યય સ્વરૂપ છે. એટલે દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક છે. તેમાં કાંઈ જ કરવાપણું નથી પણ જીવને સ્વરૂપનો ખ્યાલ ન હોવાથી અને મન-વચન-કાયા-બુદ્ધિ-ચિત્ત-અહંકાર સ્વરૂપ પ્રકૃતિનો વળગાડ વળગેલો હોવાથી તેનામાં કર્તાભાવ- ભોક્તાભાવ- અહંકાર વગેરે ઉત્પન્ન થયેલ છે. એટલે પુદ્ગલ સંબંધી પદાર્થોમાં પોતાનું હુંપણું અને મારાપણું કરી ચેતનાને પુદ્ગલાવલંબી બનાવી રહ્યો છે. આવી ચેતના તે જ સંસાર ચેતના છે અને આ જ જીવનો સંસાર છે. જીવ દ્રવ્ય સ્વભાવે - દ્રવ્ય ધર્મે શુદ્ધ હોવા છતાં પર્યાય ધર્મે અશુદ્ધ બન્યો છે અને પર્યાયમાં અશુદ્ધતા તે જ જીવનો સંસાર છે. જીવને બંધન પર્યાયમાં છે. દ્રવ્યમાં નથી. દ્રવ્ય તો અનાદિ-અનંત મુક્ત જ છે. પર્યાયને બંધનમાંથી છોડાવવાની છે. પર્યાયની અશુદ્ધિમાં કારણ છે પોતાના સ્વભાવનું અજ્ઞાન અને તેના કારણે ઊભો થયેલ પરમાં અહંકાર, મમકાર, આસક્તિ વગેરે.

**સાધના કાળમાં પર્યાયને માત્ર જોવા-જાણવાની છે અને તેમાં કોઈ ડખો-ડખલ કરવાના નથી.** માત્ર જોવા-જાણવાની સીમાને ઉલ્લંઘીને જીવ ડખો-ડખલ કરવા જાય છે - ફેરફાર કરવા જાય છે તે જ જીવનો કર્તા-ભોક્તાભાવ છે. તે જ જીવની પરાઙ્મુખતા છે. એ જ પરાવલંબિતા છે - પરવશતા છે.

આવી પરાઙ્મુખતાથી જ જીવ દ્રવ્યસ્વરૂપે શુદ્ધ હોવા છતાં

પર્યાયમાં અશુદ્ધ થાય છે. અક્રિય એવો સક્રિય થાય છે. નિત્ય એવો અનિત્ય થાય છે. અભેદ એવો ભેદરૂપ થાય છે. એક એવો અનેકરૂપ એટલે કે બહુરૂપી થાય છે. સામાન્ય એવો વિશેષ થતાં પૂર્ણ એવો અપૂર્ણ થાય છે. સ્વભાવથી ચ્યુત થઈ વિભાવમાં વિખરાઈ જાય છે. છિન્ન-વિચ્છિન્ન ખંડિત થાય છે. કાળથી ગ્રસ્ત થવાથી પરિવર્તનશીલ થાય છે અને ક્ષેત્રથી ખંડિત થતાં પરિભ્રમણશીલ થાય છે. પરાઙ્મુખતા દૂર થવાથી કર્મના ઉદયને અનુસરવાપણું ટળે છે અને મોક્ષમાર્ગે પ્રસ્થાન થાય છે. સર્વકર્મનો ક્ષય થવાથી પુદ્ગલમુક્ત સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે. પોતે પોતાનામાં અવ્યાબાધપણું પ્રગટાવે છે. પ્રદેશનું પરમ સ્થિરત્વ પ્રગટ થતાં નિજ સુખમાં સાદિ અનંતકાળ નિમગ્ન રહેવાય છે. આજ તો સુવિધિ જિણંદની સમાધિરસ નિમગ્નતા છે.

આમ જે 'એકોઽહં બહુ શ્યામ' એક એવો અનેક બહુરૂપી હતો શ્યામ એટલે અંધકારમય હતો તે હવે 'એકોઽનંત શિવાત્મક' બને છે. એટલે કે અનંતની વચ્ચે અનંતતામાં પણ એક, અનોખો, અનેરો, અનુઠો, શિવસ્વરૂપ પરમાત્મા બનીને ન્યારો રહે છે.

ઔદિયક ભાવની પરાઙ્મુખતામાં કર્મના ઉદયને અનુસરવાપણું હોવાથી જીવ બહિરાત્મા હતો તેમાંથી ક્ષયોપશમભાવની અંતર્મુખતા થતાં જીવ અંતરાત્મા બને છે અને તેમાંથી ક્ષાયિક ભાવમાં આવતાં સ્વરૂપ સ્થિરતા થવાથી જીવ પરમાત્મા બને છે.

ભગવાન આત્મા તો અનંતગુણ નિધાન છે. પ્રભુના અનંત ગુણો સહજપણે પરિણમી રહ્યા છે. નિશ્ચયથી તો ગુણોનું સહજ



પરિણમન એ જ પુરુષાર્થ છે. ગુણોનું સહજ પરિણમન તે ઉત્પાદ-વ્યય છે તે વખતે આત્મદ્રવ્ય સ્થિર રહે છે તે ધ્રુવ છે. **શક્તિઓનું-ગુણોનું આંશિક નિર્મળ પરિણમન તે મોક્ષમાર્ગ અને પૂર્ણપણે નિર્મળ પરિણમન તે મોક્ષ.**

સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવમાં ટકીને અવસ્થાથી બદલાય છે તે પોતાપોતાના સ્વભાવથી છે. વસ્તુ સ્વાધીન છે. પરાધીન નથી. પરનો આશ્રય કરીને, પરને પોતાનો આધાર માનીને, તેના આશ્રયે જીવતો અને પરિણમતો અજ્ઞાની જીવ, આકુળ-વ્યાકુળ થાય છે. પોતાની સત્તાને હણે છે. શાંતિને ગુમાવે છે. વિસંવાદ ઊભો થાય છે. ગુણપર્યાયના ભેદ ઉપરથી દૃષ્ટિને ખસેડીને, કર્મના ઉદયે ચાલતાં તમામ શુભાશુભ ભાવો ઉપરથી દૃષ્ટિને ખસેડીને અભેદ, અખંડ, એક દ્રવ્ય સ્વભાવી ત્રિકાળ, જ્ઞાયક તત્ત્વ ઉપર દૃષ્ટિને સ્થિર કરવી, તે જ સાચો પુરુષાર્થ છે. આવો સાચો પુરુષાર્થ ઊપડતા આત્માનો અનંતકાળનો થાક ઊતરી જાય છે.

તડકામાં ઊભા રહેવું તેના કરતા છાયામાં ઊભા રહેવું તે સારું, તેમ અવ્રત કરતા વ્રત સારું, તેના કરતા પણ શુદ્ધતામાં તન્મય થવું, સ્વભાવમાં ઠરવું તે વધારે સારું છે. ત્યાં સાદિ-અનંતકાળનો વિશ્રામ છે.

અજ્ઞાન અવસ્થામાં દાનાદિ પાંચે લબ્ધિઓ પરભાવમાં જઈ, પરનાં કાર્યો કરી અહં-મમ કરતી હતી, તે હવે સુવિધિનાથ પ્રભુના દર્શને અરિહંતાવલંબની થઈ અને પછી સ્વરૂપાવલંબની થઈ.

પ્રભુના દર્શને પરમાત્મ સ્વરૂપ યાદ આવ્યું. પરમાત્માના યોગની એટલે કે રત્નત્રયીના સ્વરૂપની ભૂમિકા જોતાં ખ્યાલ આવ્યો કે અહો! પરમાત્મામાં તો કોઈ વિકાર નથી, કોઈની સહાય નથી, કોઈ પ્રયત્ન નથી. છતાં તે નિર્મળ છે, નિર્મમ છે, અખંડ છે. આવા પ્રભુના અવલંબને હું પણ મારી સ્વસત્તા પ્રગટ કરું. તે માટે પ્રભુનું શરણ સ્વીકારું.

અનંત કાળથી અજ્ઞાનવશ ચેતના પુદ્‌ગલ અનુયાયી બની. પરમાં જ શક્તિ અને રસ રેડી અનંત-અનંત કર્મના જથ્થાને એકઠી કરતી હતી તે હવે પ્રભુના દર્શને તેમની અદ્‌ભુત ભૂમિકા ખ્યાલમાં આવતાં પ્રભુ અનુયાયી બનીને સ્વરૂપ અનુયાયી બની એટલે પ્રભુનો યોગ એ સ્વરૂપપ્રાપ્તિનો યોગ બની ગયો.

પ્રભુના દર્શને સ્વરૂપનો નિર્ધાર થયો, નિર્ણય થયો અને ખ્યાલ આવ્યો કે આત્મસ્વરૂપ તો નિઃશંક છે, નિર્મળ છે, પૂર્ણ છે, વિકારરહિત છે. તેમાં ગ્રહણ કે ત્યાગ જેવી કોઈ જ વસ્તુ નથી. માટે હું પરને કાંઈ આપી શકતો નથી. પરને સુખી કે દુઃખી કરી શકતો નથી. તેમ મને પણ કોઈ સુખી કે દુઃખી કરી શકતું નથી. પ્રાણીમાત્ર પોતાના અજ્ઞાનથી જ સુખી અને દુઃખી થાય છે, જન્મે છે, મરે છે અને ચારગતિ સ્વરૂપ સંસારમાં રખડે છે. પોતાના સુખ દુઃખનો આધાર પોતે જ છે, તેમાં બીજી વસ્તુ કે વ્યક્તિને, નિમિત્ત થતાં દેખીને, તેને પોતાના સુખદુઃખનો આધાર માનવો, તે મિથ્યા છે, ભ્રાંતિ છે.

પરનું ગ્રહણ અને ત્યાગ એ તો પુદ્‌ગલના સંયોગને આભારી છે. આત્મા પુદ્‌ગલ સંયોગે દેહી બન્યો છે, વચની બન્યો છે અને



મનવાળો બન્યો છે માટે આ ગ્રહણ-ત્યાગની ઉપાધિ છે વસ્તુતઃ તે આત્મામાં નથી.

મેં દાન આપ્યું, મને દાન બીજાએ આપ્યું. મેં ખાધું - બીજાને ખવડાવ્યું આ તો બધો વ્યવહાર છે, આત્મા નથી. વ્યવહાર એ તો સંયોગ છે અને સંયોગમાં આત્મા નથી અને આત્મામાં એકેય સંયોગ નથી.

આત્મા સંયોગાતીત છે, ત્રિગુણાતીત છે, દેહાતીત છે, વચનાતીત છે, મનાતીત છે. ભેદરહિત છે. આત્માએ સંયોગથી રહિત બનીને વ્યવહારાતીત થવાનું છે. આત્મામાં નયો નથી અને નયોમાં આત્મા નથી. નયો એ વિકલ્પો છે અને આત્મા એ વિકલ્પાતીત છે, વિકારાતીત છે, ઈન્દ્રિયાતીત છે.

આત્મજ્ઞાનથી ઉત્પન્ન થયેલ, સૂઝબૂઝ ધારણ કરી જીવ જો પોતે આત્મનિર્ભર બને તો ઘણાં દુઃખોની નિવૃત્તિ થઈ જાય. પોતે પોતાને જાણે એટલે બધી જ સમસ્યાઓનો નિકાલ થઈ જાય. જ્યાં સુધી પોતે, પોતાનાથી, પોતાને સુખી ન કરે ત્યાં સુધી વાસ્તવિક દૃષ્ટિએ બીજાના સુખમા નિમિત્ત બની શકાય નહિ. સંસારનાં સુખ તો પડછાયા જેવાં છે તેની લેવડદેવડ થઈ શકતી નથી. અજ્ઞાનઅવસ્થામાં આ બધું સાચું અને સારું લાગે છે. આત્મજ્ઞાનનો પ્રકાશ ખીલે પછી આ બધી ભ્રાન્તિ છે એમ સમજાઈ જાય છે.

કેવલજ્ઞાન થવાથી પ્રભુને અનંત ગુણો ક્ષાયિક ભાવે પ્રગટ્યા છે. દરેક ગુણો, પોતે પોતાના સ્વરૂપમાં પૂર્ણપણે રહીને, બીજા ગુણને સહાય કરવા રૂપ દાન દઈ રહ્યા છે એટલે ગમે તેટલું દાન

દેવા છતાં પણ તે ક્યારેય ક્ષય પામતા નથી. તે દાન પણ પાછું સાદિ અનંતકાળ સુધી એકસરખું અવિરતપણે ચાલ્યા જ કરે છે.

વ્યવહાર ક્ષેત્રે જગતમાં દાન આપનારા જગડુશા, ખેમો દેદરાણી, ભીમો કુંડલિયો વગેરે કો'ક કાલે, જોવા મળે છે પણ નિરંતર દાન આપનારા દેખાતાં નથી. સંસારમાં જે દાન છે તે પર દ્રવ્યનું છે - પુદ્ગલ દ્રવ્યનું છે અને પુદ્ગલ દ્રવ્ય તો સ્વરૂપથી જ ખંડિત છે. વિનાશી છે. તેથી પોતાની પાસે રહેલું બધું જ બધાને એકસરખું આપી શકાતું નથી. બધાને બધું આપવાની ભાવના કરી શકાય છે પણ આપી શકાતું નથી. લેનારને પોતાના ભાગ્ય પ્રમાણે મળે છે.

વિષય-કષાયની પ્રવૃત્તિ એ જ મારા આત્મવિકાસને અવરોધક છે એવો નિશ્ચય થતાં સાધક અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરે છે અને શુભ પ્રવૃત્તિમાં ઉજમાળ બને છે.

અરિહંત પરમાત્માની સહજ જ્ઞાનદર્શન ચારિત્રની સુખમય પૂર્ણ શુદ્ધ સ્વભાવદશાનું જ્ઞાન જેમ થાય છે, તેમ તેમ જીવની શક્તિઓ, પુદ્ગલ-અનુયાયીપણું છોડીને આત્મસ્વભાવની સન્મુખ થાય છે. પ્રભુની રત્નત્રયીની ભૂમિકા અદ્ભુત છે. પ્રભુ નિર્વિકારી, વીતરાગ બન્યા છે. મોહનીય કર્મના નાશે પ્રભુનું જ્ઞાન વીતરાગ બન્યું છે. દર્શનાવરણીય કર્મના નાશે પ્રભુનું જ્ઞાન સ્વાધીન બન્યું છે. જ્ઞાનાવરણીય કર્મના નાશે પ્રભુનું જ્ઞાન અખંડ બન્યું છે. અંતરાય કર્મના નાશે પ્રભુનું જ્ઞાન અનંત બન્યું છે.

એક જ સમયમાં સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જાણનારું પ્રભુનું જ્ઞાન છે. સર્વ અપેક્ષાઓથી સહિત, સ્યાદ્વાદ ગર્ભિત સકલ



પદાર્થનો નિર્ણય-નિર્ધાર તે દર્શન છે તથા નિશ્ચલપણે તત્ત્વ-સ્વરૂપમાં સ્થિરતા, લીનતા, રમણતા તે ચારિત્ર છે. પ્રભુને જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે અભેદપણે પરિણમ્યા છે. પરમાત્માની રત્નત્રયીની જ્ઞાનાદિ અનંત ચતુષ્ક રૂપે અસ્તિ છે અને દુઃખ, દુર્ભાગ્ય, જન્મ-મરણાદિ રૂપે નાસ્તિ છે ? અભેદ રૂપે અસ્તિ છે ભેદરૂપે નાસ્તિ છે. આત્માના અનંત ગુણો અભેદ દૃષ્ટિથી જોતાં, પરસ્પર અભિન્ન છે.

પરમાત્માને વિશે જે રત્નત્રયી અભેદ રૂપે, પરિપૂર્ણપણે પ્રગટી છે, પરિણમી છે તેની યથાર્થ ઓળખ તો, તેનો અંશ જેનામાં પ્રગટ્યો છે તેવા સમ્યગ્દૃષ્ટિને થાય છે. મિથ્યાદૃષ્ટિ પ્રભુના ગુણોને - પ્રભુના આનંદને ઓળખવા માટે, અસમર્થ છે અને તેની સંપૂર્ણ ઓળખ તો, જે પરમાત્મા બને, તેને જ થાય છે કારણ કે પરમાત્મા બન્યા સિવાય પરમપદ સંપૂર્ણ અનુભવમાં આવતું નથી.

मोहादिकनी घूमी,
अनादिनी उतरे, हो लाल ॥अ.॥
अमल अखंड अलिप्त,
स्वभाव ज सांभरे हो लाल ॥स्वा॥
तत्त्व रमण शुचि ध्यान,
भणी जे आदरे, हो लाल ॥भ.॥
ते समतारस धाम,
स्वामिमुद्रा वरे, हो लाल ॥स्वा.॥४॥

**અર્થ : હે પ્રભુ!** અનાદિકાળથી વળગેલી મોહાદિની મૂર્ચ્છા ઊતરે છે એટલે અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ દૂર થાય છે અને તેથી અમલ, અખંડ અને કર્મથી અલિપ્ત એવા આત્મસ્વભાવની ઓળખ થાય છે. શ્રી અરિહંત પ્રભુના પવિત્ર ધ્યાન વડે જે સાધક આત્મ-તત્ત્વમાં રમણતા કરી પ્રભુ સાથે એકત્વ અનુભવે છે અને શુકલ-ધ્યાનરૂપ અગ્નિથી સકલ ઘાતી-કર્મોનો ક્ષય કરે છે તે જ સમતારસના ભંડાર એવા પ્રભુના જેવી શાંત મુદ્રાને પામી શકે છે.

**ભાવાર્થ :-** પરમાત્માના દર્શન ચર્મચક્ષુથી કર્યાં પછી હૃદયચક્ષુથી કરવાના છે. હૃદયચક્ષુથી એકાગ્રચિત્તે પરમાત્માની મુદ્રાનું દર્શન કરતાં ભક્તના આત્મા પર રહેલા ઘાતીકર્મોના થરો ધ્રૂજી ઊઠે છે. સાધક આત્મા જ્યારે એકાગ્ર બનીને પ્રભુની મુદ્રાને નિહાળે છે ત્યારે ઉપયોગ સ્થિરતાને પામે છે. મનની કલુષિતતા દૂર થાય છે. ચિત્ત પ્રસન્નતાને પામે છે. પ્રભુના દર્શને તેને તેમાં નીતરતી વીતરાગતા દેખાય છે. તેનો ઉપયોગ બાહ્ય આકારથી ઉપર



ઊઠીને ભીતરમાં પડેલ અરૂપી તત્ત્વનો, વીતરાગતાનો આશ્રય કરે છે. ઉપયોગ વીતરાગતા સાથે તન્મય બને છે એટલે પોતાના આત્મામાં રહેલ ચૈતન્ય ઉપયોગ પોતાના દેહનું ભાન ભૂલી પ્રભુના સ્વરૂપમાં તન્મય બને છે. ત્યારે બહારથી પોતે પ્રભુના દર્શન કરતો હોય તેવું લાગે છે; પરંતુ ભીતરમાં તો પોતાના સ્વરૂપ સાથે તન્મયતા સાધે છે.

પોતાનો ચૈતન્યમય ઉપયોગ સ્થાપના નિક્ષેપે રહેલા પ્રભુદર્શનના આલંબને સ્વસ્વરૂપ સાથે તન્મય, તચ્ચિત્ત, તદાકાર બને છે એટલે મોહનો અંધકાર — અંધાપો — મોહનું સામ્રાજ્ય જે અનાદિકાળથી ગુંડાની જેમ આત્મા ઉપર અડ્ડો જમાવીને બેઠું હતું તેના પાયા હચમચી ઊઠે છે. મોહની અનાદિકાળની સત્તા, તેનું સિંહાસન, તેની ગાત્રયષ્ટિ બધામાં સુરંગ ખોદાય છે. મોહનું સૈન્ય વિખરાવા માંડે છે મોહ અને અજ્ઞાનના ધુમાડા ગોટેગોટા રૂપે બહાર નીકળે છે. પોતાનું જે ચૈતન્યસ્વરૂપ કે જે સ્થિર, શાંત, અક્રિય, અરૂપી, નિર્લેપ, નિર્મમ અને પરમાનંદ પૂર્ણ હતું - જેનું વિસ્મરણ થયું હતું તે સ્મરણમાં આવવા માંડે છે અને હું પોતે પરમાત્મા જ છું એવું શ્રદ્ધાન જોર પકડે છે. આવું શ્રદ્ધાન પ્રગટાવવામાં નિમિત્તકારણભૂત પરમાત્માની મુદ્રા ઉપર અતિશય બહુમાન અને આદરની છોળો ઊછળે છે. આ બહુમાન તેને નિરંતર પ્રભુમુદ્રાનું સ્મરણ કરાવે છે. પ્રભુ એ જ સર્વસ્વ છે એવું લાગે છે જે હૃદયમાં પ્રભુ નથી તે હૃદય દરિદ્રી અને કંગાળ લાગે છે.

મોહાદિકની ધૂમી.. મેશ એ જ્ઞાનમાં રહેલી રાગ-દ્વેષની વિકારીતા તથા કાલિમાની સૂચક છે. ધુમાડો એ જ્ઞાનની ઓછપ,

ઝાંખપ, અપૂર્ણતા, અલ્પતા, અસ્પષ્ટતા, ધૂંધળાપણાને સૂચવે છે. જ્ઞાનમાં રહેલી આ કાલિમા જાય તો મેશ અને ધુમાડા વિનાનો નિર્ધુમ, સ્વાધીન જ્ઞાનપ્રકાશ શેષ રહે છે.

પોતાને જ્યારે પોતાનું પોતાપણું સાંભળે છે એટલે કે યાદ આવે છે ત્યારે અનાદિની અનંતકાળથી જીવ ઉપર ચઢી બેઠેલી મોહદિકની ધૂમી ઊતરે છે - ઓસરે છે - ઓગળે છે. આ એના જેવું છે કે...

એક વ્યક્તિ કોઈ કારણવશાત્ આકસ્મિક પોતાની યાદશક્તિ ગુમાવી દે છે, ત્યારે વ્યક્તિ પોતાની ઓળખ – (Self Identity) – ખોઈ બેસે છે. સ્વયંના અસ્તિત્વનું સાનભાન ગુમાવી દે છે. જીવન જીવવાનું કોઈ ઠેકાણું નહિ રહેતાં શૂનમૂન થઈ જાય છે.

પોતે કોણ છે ? એની પોતાને ઓળખ જ નથી હોતી તેથી તે પોતે કોણ છે ? ક્યાં છે ? શું છે ? ક્યાંથી આવ્યો છે ? ક્યાં જવાનું છે ? પોતાના કોણ છે ? પરાયા કોણ છે ? એવા અનેક પ્રશ્નોની હારમાળા ખડી થાય છે અને એને મૂંઝવી મારે છે. મતિ એની બહેર મારી જાય છે. પોતાને ઓળખવાની બહુ ગડમથલ કરે છે. યાદશક્તિ પાછી આવે એની ખૂબ કોશિશ કરે છે. યાદશક્તિ પાછી આવતી નથી અને પોતાને પોતાની જ્યાં સુધી ઓળખ-પહેચાન થતી નથી ત્યાં સુધી અંતરમાં પાર વિનાની મૂંઝવણ થતી હોય છે. અંતરમાં એક ધમસાણ મચી ગયું હોય છે. આ જ તો મોહાદિની ધૂમી છે એ ઊતરે તો ગુમરાહ થયેલ વ્યક્તિ રાહ પર પાછી આવે છે. એટલે એને પોતામાં પોતાપણું જણાય છે. આવું સ્વયંનું સ્વયંમાં સ્વત્વનું નીખરવું એ જ સમકિત



છે. પોતાનામાં જ સાચાપણું તે સમ્યગ્ જ્ઞાન છે અને પોતાનામાં જ સારાપણું અને મજાપણું અનુભવવું તે સમ્યગ્ ચારિત્ર છે. આમ પોતાનામાં જ સત્યમ્ શિવમ્ સુંદરમ્ છે, પોતે જ સચ્ચિદાનંદ છે.

પરમાત્માની ઉપશમરસગર્ભિત મુદ્રા જોતાં સાધકને આ સંસારમાં કોઈ જ જડ-ચેતનની મુદ્રા જોવા જેવી લાગતી નથી. એટલે જીવોમાં રહેલ અજ્ઞાન, વિપરીત અભિનિવેશ, પુદ્ગલની આસક્તિ, વિષયોના રંગરાગ, મોહ-માયા-મમતા, નાચ-ગાન, હાવભાવ બધું ઉકરડા જેવું તુચ્છ અને અસાર લાગે તેની સામે પરમાત્માની શાંતરસ મુદ્રા અમૃતના કુંડની જેમ મધુર અને આનંદદાયક સમજાય છે. જગતનું કોઈ પણ જડ-ચેતન તત્ત્વ એવું નથી કે પરમાત્મ તત્ત્વની તુલનામાં આવી શકે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની રિદ્ધિ-સિદ્ધિ-વૈભવ અને સુખ પણ પરમાત્મ તત્ત્વ આગળ ફિક્કું, તુચ્છ, અસાર, નીરસ, બનાવટી અને ફેંકી દેવા જેવું લાગે છે.

મોહનીય કર્મ સંસારમાં જીવને જુદાજુદા નાચ નચાવે છે. જે સ્વરૂપને ગ્રહણ કરવા દેતું નથી, સ્વરૂપની રુચિ થવા દેતું નથી. પરભાવને ગ્રહણ કરવાપણું અને પરભાવમાં રમણતા તે આત્માની વિભાવદશા છે, તે અનાદિની છે અને તે મોહાદિની ધૂમી છે. મોહનું કામ, રાગ અને દ્વેષ કરાવવા દ્વારા આત્માને લેપાવવાનું અને મૂંઝવવાનું છે.

અનંતાનુબંધી કષાયની તીવ્રતા, સાત્ત્વિક ભાવો - સજ્જનતા, વગેરે પર દાટો મારે છે અને મિથ્યાત્વની તીવ્રતા સ્વરૂપ રુચિ, સ્વરૂપનું લક્ષ્ય ઉપર દાટો મારે છે. બંનેથી જીવ મૂંઝાય છે.

સાત્ત્વિક ભાવોનો અભાવ અને સ્વરૂપની ઉપેક્ષાપૂર્વકનું જીવન એ મોહની ધૂમી છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય એ બધો મોહ છે. આજે સ્વરૂપ સત્તા ઉપર મોહ સત્તા ચડી બઠી છે એટલે જીવની પાસે ન કરાવવાનું કરાવે છે. ન બોલવા જેવું બોલાવડાવે છે અને ન વિચારવા જેવું વિચાર કરાવડાવે છે. કરવા યોગ્યની ઉપેક્ષા કરાવે છે. આત્માનો જ્ઞાન પ્રકાશ, વિવેકદશા લુપ્ત થઈ જાય છે.

જીવની વિભાવદશા અનાદિની છે તેમાં પૂર્વોત્તરભાવ નથી.પહેલા જીવ હતો અને પછી વિભાવદશા વળગી કે પહેલા વિભાવદશા હતી અને પછી જીવને તે ચોંટી એવું નથી. બંનેનો સંયોગ અનાદિનો છે. સહજાત સંયોગ છે.

વ્યવહારધર્મમાં કારણ પહેલાં અને કાર્ય પછી પણ નિશ્ચય ધર્મમાં - ઉપાદાનમાં બંને એક જ સમયે હોય છે. જે સમયે સકલકર્મનો ક્ષય તે જ સમયે મોક્ષ. તેથી આત્મા અને કર્મ અનાદિથી સહજાતસંયોગરૂપ છે તેમાં આત્મા એ સ્વભાવરૂપ હોવાથી અનુભૂતિનો વિષય બને છે જ્યારે વિભાવ એ સાંયોગિક હોવાથી વિયોગનો વિષય છે.

સુવર્ણમાટીનો સંયોગ અનાદિનો હોવા છતાં તે ઉપાયો વડે દૂર થાય છે. પિતા-પુત્ર, પુત્ર-પિતા આ સંબંધ અનાદિનો હોવા છતાં બ્રહ્મચર્યના પાલનરૂપ ઉપાય વડે તે દૂર થઈ શકે છે તેમ આત્મા અને કર્મનો અનાદિથી સહજાત સંયોગ એ પણ દૂર થઈ શકે છે. કારણ કે તે વૈભાવિક છે, પ્રકૃતિજન્ય છે, અન્ય દ્રવ્યના સંયોગે કરીને છે. માટે તે સ્વાભાવિક નથી. તેથી સ્વરૂપની રુચિ તીવ્ર બનતાં સ્વરૂપ રમણતાના જોરે તે દૂર થઈ શકે છે.



આત્માનું સ્વરૂપ અનાદિથી દ્રવ્યકર્મના સંયોગે અવરાણું છે તેના ઉપર મોહસત્તાએ સામ્રાજ્ય જમાવ્યું છે એટલે જીવ પર્યાયધર્મે અજ્ઞાની, અવિવેકી અને વિષયાસક્ત બની સ્વરૂપદશાને ભૂલ્યો છે. મોહનો નચાવ્યો નાચે છે અને ચારગતિમાં રૂલે છે. પોતે નિશ્ચયથી તો સ્વસ્વરૂપનો જ કર્તા છે અને ભોક્તા છે તો પણ આજે કર્મસંયોગે સ્વરૂપને ભૂલીને પર એવા દેહાદિનો કર્તા-ભોક્તા બન્યો છે. જ્યારે પોતાની સ્વભાવદશા ઓળખાય છે ત્યારે વિભાવદશાની ભૂલ સમજાય છે. જેમ જેમ અજ્ઞાન ટળતું જાય છે અને જ્ઞાનદશા તીવ્ર બનતી જાય છે તેમ તેમ મિથ્યાત્વ પીગળે છે. તેનો રસ-પાવર તૂટે છે અને તેથી પોતાનો અમલ, અખંડ અને અલિપ્ત સ્વભાવ યાદ આવે છે.

નિશ્ચયનયથી જોતાં તો આત્મા વીતરાગ હોવાના કારણે રાગ-દ્વેષરૂપી મલથી રહિત અમલ જ છે છતાં પર્યાયમાં રાગાદિમળો પડેલાં છે તેને સ્વરૂપદૃષ્ટિ કરવા દ્વારા દૂર કરવાના છે તે નીકળતાં આત્મા વિમલ બને છે.

આત્મા અખંડ છે. આત્માના અસંખ્ય પ્રદેશો ક્યારે પણ છૂટા પડતાં નથી. આત્માના અસંખ્ય પ્રદેશે રહેલા અનંત ગુણો પૈકી એકેક ગુણ અસંખ્ય પ્રદેશે અખંડપણે જ કાર્ય કરે છે. જેમ કે જ્ઞાન ગુણ જાણવાનું કાર્ય કરે છે. દર્શન ગુણ જોવાનું કાર્ય કરે છે, ચારિત્રગુણ સ્વરૂપમાં સ્થિરતા રૂપ કાર્ય કરે છે તે દરેક કાર્ય દરેક પ્રદેશે જુદું જુદું થતું નથી પણ અસંખ્ય પ્રદેશે સામટું પ્રવર્તે છે. તેમ સકલ કર્મોનો ક્ષય થતાં પ્રગટ થતો આનંદ પણ અસંખ્ય પ્રદેશો ભેગા મળી અખંડપણે અનુભવે છે.

અનુભવ અખંડ છે. આત્મા પણ અખંડ તત્ત્વ છે અને જે

આનંદનો અનુભવ કરવાનો છે તે પણ અખંડ છે. જ્યારે મન એ અંતઃકરણ સ્વરૂપ છે અને અંતઃકરણ એ પ્રકૃતિની નીપજ છે. પ્રકૃતિ સાંયોગિક તત્ત્વ હોવાથી ખંડિત તત્ત્વ છે માટે ખંડિત એવા મનથી કે બુદ્ધિથી અખંડ આત્માની અનુભૂતિ થઈ શકે નહિ. મનની પેલે પાર, વિચારોની પેલે પાર, વિકલ્પોની પેલે પાર, વિકારોની પેલે પાર, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની પેલે પાર અખંડ ચૈતન્યમય આત્મા રહેલ છે. ઉપયોગચેતના - વિકલ્પો, વિકારો, વિચારોને છોડીને, અંતઃકરણની પેલે પાર રહેલ, અતીન્દ્રિય તત્ત્વ આત્માને — જ્ઞાયકને પોતાના ઉપયોગમાં લે તો અખંડ એવા આત્મામાં અખંડ આનંદની અનુભૂતિ થાય. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, વિકલ્પ, વિચાર, વિકાર એ બધા ખંડ ખંડ તત્ત્વ છે તેના દ્વારા અખંડ તત્ત્વ હાથમાં ન આવે. ટૂંકમાં ઉપયોગ ખંડ ખંડ એવા સાંયોગિક તત્ત્વમાં ન જોડાતાં, અખંડ ચૈતન્યમાં જોડાય તો અખંડ આનંદ અનુભવાય.

તેવી જ રીતે આત્મા નિશ્ચયનયથી જોતાં તો કર્મના લેપ વગરનો અલિપ્ત છે. કારણ કે આત્મા તો ચિદાકાશ સ્વરૂપ છે અને આકાશને તો કોઈ લેપ લાગતો જ નથી. આકાશ શસ્ત્રથી છેદાતું નથી, પાણીથી ભીંજાતું નથી, માટી વગેરેથી લેપાતું નથી, અગ્નિથી બળતું નથી, તેમ આ આત્મા પણ તત્ત્વથી તો નિર્લેપ છે. પરંતુ પર્યાયમાં થતા રાગાદિ ભાવોને જોઈને સ્થૂલ દૃષ્ટિવાળા જીવોને-વ્યવહાર નયે જોતાં પોતાનો આત્મા લેપાયેલો છે એમ લાગે છે : વસ્તુતઃ દ્રવ્ય સ્વભાવ તો અલિપ્ત જ છે. જે લેપ છે તે તો પર્યાયમાં છે અને પર્યાય તો ક્ષણિક છે. ક્ષણિક પર્યાયમાં પ્રગટતાં રાગાદિ લેપને, અજ્ઞાની, પોતાનું સ્વરૂપ માની, પોતાને



લેપાયેલો માને છે એ જ તેની ભૂલ છે.

જ્યાં સુધી સ્વભાવ તરફ દૃષ્ટિ ન જાય ત્યાં સુધી આ ભૂલ રહેવાની જ. સ્વભાવ તરફ ઉપયોગનું ફોકસ મૂકીને જોવામાં આવે તો જ પોતાનો અમલ, અખંડ, અલિપ્ત સ્વભાવ દેખાય. કે જે પ્રભુમાં અત્યારે પ્રગટપણે વર્તી રહ્યો છે. અમલ, અખંડ અને અલિપ્ત સ્વભાવ એ જ આત્માનું સ્વતત્ત્વ છે. સ્વરૂપ છે. આત્માનું સંપૂર્ણ આરોગ્ય છે. શુદ્ધ નિશ્ચયનયથી જોતાં તો આત્માનો સ્વભાવ એ જ તત્ત્વ. શુદ્ધ નિશ્ચયનય મૂળને પકડે છે. સંયોગથી ઉપર ઊઠીને સ્વભાવને પકડે છે. વસ્તુના ઠેઠ ઊંડાણ સુધી પહોંચે છે. તેના મતે આત્માના ઉપરોક્ત સ્વભાવમાં રમણતા એ જ આત્માનું પરમાત્મપણું છે. તેને છોડીને શુભાશુભ ભાવોમાં રમવું તે જ આત્માનું અનાત્મપણું છે. અનાત્મપણું એ સંસાર છે. પરમાત્મપણું તે મોક્ષ છે. આત્મા કર્મના ઉદયથી પર્યાય ધર્મે લેપાયો છે તો પણ સ્વભાવ ધર્મે તો અલિપ્ત છે. નિરામય છે. કર્મ સંબંધ છે પણ તત્ત્વથી ન્યારો છે. નિઃસંગ છે.આવો આત્મા જ્યારે ઓળખાણમાં આવે છે, પ્રતીતિમાં આવે છે, શ્રદ્ધાનમાં આવે છે ત્યારે આત્મા પુદ્‌ગલના વર્ણાદિ રૂપ અશુદ્ધતાને છોડતો જાય છે અને સ્વરૂપની રુચિ તીવ્ર કરતો જાય છે. એમ કરતાં પોતાના જ્ઞાનાદિ અનંત ગુણોમાં તે રમણતાને પામે છે અને ત્યારે સ્વગુણરમણતારૂપ ચારિત્ર જીવને પ્રગટે છે.

સ્વરૂપ સ્થિરતા અને સ્વરૂપ રમણતારૂપ ચારિત્ર પ્રગટે પછી તેના વારંવાર અભ્યાસરૂપ સ્થિરતા થયા પછી, ક્ષપકશ્રેણી અંતર્ગત ધર્મધ્યાન કે શુકલધ્યાન આવે છે કે જેમાં અરિહંતાદિના દ્રવ્ય-ગુણ-પર્યાયના કે અનિત્યાદિ ભાવના-યોગના આલંબને

ઉપયોગ સ્વરૂપમાં તન્મયતાને પામે છે.

ષોડશક-૧૫ શ્લોક ૮ આ વિષયમાં પ્રકાશ પાડતાં કહે છે કે કર્મમળથી રહિત પરમાત્મતત્ત્વ કેવું હશે ? એમાં કેવો આનંદ અનુભવાતો હશે ?  એ સ્વરૂપને હું ક્યારે પામીશ ? પરમાત્મા કેવા હશે ? ક્યાં રહેતાં હશે ? શું કરતાં હશે ? સર્વદુ:ખ રહિત તે સ્વરૂપ ક્યારે મળશે ? આવી પરમાત્મ તત્ત્વને પામવાની લગન, તાલાવેલી, ઝંખના ક્ષપકશ્રેણીગત આત્માને સહજપણે નિ:સંગભાવે પ્રવર્તે છે અને આત્માની પોતાના સામર્થ્યયોગના બળથી જ, અસંગશક્તિથી યુક્ત, એવી પરમાત્મસ્વરૂપને જોવાની જે ઈચ્છા, તે જ અનાલંબન યોગ કહેવાય છે અને જ્યાં સુધી તે પરમાત્મતત્ત્વનું દર્શન ન થાય ત્યાં સુધી આ યોગ રહે છે અર્થાત્ ૧૨મા ગુણસ્થાનક સુધી તે રહે છે.

ચોથે-પાંચમે-છઠ્ઠે ગુણઠાણે વૈરાગ્ય છે. સાતમે વીતરાગભાવ છે પણ ઘનીભૂત નથી. વાસ્તવિક રીતે, વીતરાગભાવની શરૂઆત શ્રેણીથી છે. ૮ મા ગુણઠાણાથી તેમાં વીતરાગભાવ ઘનીભૂત થતો જાય છે. શ્રેણીમાં સત્તાગત જે દ્રવ્ય સ્વભાવ રહેલો છે તેનું ભાસન છે તે લક્ષરૂપે રહેલું છે. સત્તાગત જે દ્રવ્ય સ્વભાવ રહેલો છે તેનું લક્ષ તીવ્ર- તીવ્રતર થતું જાય છે એટલે પર્યાયમાં વીતરાગભાવ જામતો જાય છે છતાં દૃષ્ટિનું જોર-શ્રદ્ધાનું જોર પર્યાયમાં રહેલ વીતરાગભાવ તરફ નથી. દ્રવ્ય, સ્વભાવ ઉપર જ જોર છે.

આજે આપણને પર્યાયમાં પ્રગટતી પરિણતિ ધ્યાનમાં આવે છે. ખ્યાલમાં આવે છે. પણ અંતરમાં જે અપ્રગટ, સ્થિર, ત્રિકાળ એક સરખી ધ્રુવ પરિણતિ સત્તા રૂપે રહેલી છે તેના ઉપર ઉપયોગનું



જોર આવતું નથી માટે સાતમે ગુણસ્થાનકે આવવા છતાં ઉપયોગ ત્યાં ટકી શકતો નથી અને સામર્થ્ય ઓછું પડવાના કારણે ઉપયોગ પલટાય છે - બહાર ફેંકાય છે માટે ઉપયોગ છઠ્ઠે ગુણસ્થાનકે આવી જાય છે.

ઉપયોગમાં એકાગ્રતા થતાં આપણે ઘનત્વ માની લીઈએ છીએ પણ  આ મનની એકાગ્રતા છે એટલે ઉપયોગ પાછો બહાર- આવી જાય છે. જ્યારે શ્રેણીમાં જે એકાગ્રતા છે તે ઉપયોગની એકાગ્રતા છે કારણ કે  દૃષ્ટિનું જોર જ્ઞાયક સ્વભાવ ઉપર છે એટલે પર્યાયમાં વીતરાગભાવ ઘનીભૂત થતો જાય છે. શ્રેણીમાં વીતરાગભાવ ઘનીભૂત થાય છે ત્યારે પણ હજુ કર્મનો ઉદય છે. ૮-૯-૧૦ ગુણસ્થાનક સુધી શુકલધ્યાનનો પહેલો પાયો છે. એટલે મન-વચન-કાયાના યોગની સંક્રાન્તિ છે. તેમજ સૂત્રાર્થની પણ સંક્રાન્તિ છે. તેમજ વિતર્ક એટલે શ્રુતનું આલંબન પણ છે. આ આલંબન ૧૨મા ગુણસ્થાનકે પણ છે માટે ત્યાં વિતર્ક છે પણ યોગસંક્રાન્તિ કે સૂત્રાર્થની સંક્રાન્તિ નથી માટે ત્યાં શુકલધ્યાનનો બીજો પાયો છે. સંપૂર્ણ વીતરાગતા છે.

શ્રેણીમાં જ્યારે જ્ઞાયક સ્વભાવના જોરે પર્યાયમાં વીતરાગતા ઘનીભૂત થઈ રહી છે ત્યારે તેની સાથે સાથે સાઇડમાં કર્મના ઉદયે શું શું ચાલી રહ્યું છે તે બતાવનાર શુકલધ્યાનનો પહેલો અને બીજો પાયો છે, જે જ્ઞાનીના જ્ઞાનમાં જણાય છે પણ શ્રેણી માંડનાર સાધકને તો આમાંનો કાંઈ જ ખ્યાલ નથી. તેને તો ઉપયોગમાં વીતરાગતા જામી રહી છે તેનો પણ ખ્યાલ નથી, તે તો ઉપયોગને નિર્વિકલ્પ બનાવીને તેમાંથી આવતાં એક માત્ર આનંદને અનુભવી રહ્યો છે.

શ્રેણીમાં તત્ત્વ રમણતારૂપ ધર્મધ્યાન કે શુકલધ્યાનથી જીવ જાતને ઉજ્જ્વલ, ઉજ્જ્વલ કરતો, શુદ્ધિની વૃદ્ધિ કરતો જાય છે અને શુકલ ધ્યાનમાં સરી જઈને શુકલધ્યાનનો પહેલો પાયો પૃથકત્વ વિતર્ક સપ્રવિચાર કે જે ભેદરૂપ છે તેનાથી પોતાનો ભેદ કરે છે અર્થાત્ જે પોતાનાથી પૃથક છે તેનાથી જુદો પડે છે. અને શુકલ ધ્યાનનો બીજો પાયો એકત્વ વિતર્ક અવિચાર કે જે અભેદરૂપ છે તેનાથી પોતાનો અભેદ કરતો, એકતા પામતો બીજા પાયામાં પૂર્ણ વીતરાગ બને છે. સઘળી વિસદશ પર્યાયને ટાળી દઈને સ્વ-ચેતનાને ચૈતન્યમય બનાવી સદશ પર્યાયની ધારાને પ્રગટાવી કૃતકૃત્ય બને છે. ૧૩મા ગુણસ્થાનકે ઘાતિનો સર્વથા ક્ષય થયેલો હોવાથી ઉપયોગ સ્થિરતાને પામે છે. કરવાપણા અને થવાપણામાંથી બહાર નીકળી હોવાપણામાં આવે છે.

શ્રેણીમાં વીતરાગભાવ પ્રગટતો હોવા છતાં ઉપયોગનું જોર તેના ઉપર નથી પણ વીતરાગભાવ જેના આધારે પ્રગટી રહ્યો છે તે દ્રવ્ય સ્વભાવ-જ્ઞાયક સ્વભાવ ઉપર જ જોર છે. દ્રવ્ય સ્વભાવ ઉપર ઉપયોગનું જોર હોવાને કારણે, પર્યાયમાં વીતરાગભાવ ઘનીભૂત થતો જાય છે. સત્તાગત જે પૂર્ણ સ્વભાવ રહેલો છે, તેમાં અત્યંત આદર હોવાના કારણે, પર્યાયમાં વીતરાગભાવ ઘનીભૂત થતો જાય છે. શ્રેણીમાં ઉપયોગ પલટાય છે કારણ કે હજુ ઘાતી કર્મના ઉદયની અલ્પ એવી પણ અસર છે માટે ત્યાં પરમાવગાઢ સમ્યક્ત્વ માન્યું નથી, ૧૨મા ગુણસ્થાનકે અવગાઢ સમ્યક્ત્વ છે, પરમાવગાઢ સમ્યક્ત્વ ૧૩ મે ગુણસ્થાનકે છે.

જેટલો ઉપયોગ વિભાવભાવે એટલે વિશેષભાવે પરિણમે



તેટલો ઉપયોગ પલટાય. ૧૩મા ગુણસ્થાનકે વિશેષ ઉપયોગ, સામાન્ય ઉપયોગ સાથે અભેદ રૂપે થઈ જાય છે. માટે ઉપયોગ પલટાતો નથી. ઉપયોગ અવિનાશી થઈ જાય છે.

જેમ જ્ઞાન સામાન્યમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ નથી તેમ જ્ઞાન વિશેષમાં પણ, તે બધું ન થવું જોઈએ. આ જાગૃતિ છે. તે સાધનાનો મર્મ છે. નિર્વિકલ્પ બનેલી નિર્મળ પર્યાયમાં, કષાય નથી પણ તે પર્યાય વિશેષ છે કારણ કે ઉત્પન્ન થયેલી છે જ્યારે સામાન્ય પર્યાયમાં તો તેનું તે, તેનું તે એવું અનાદિથી ચાલ્યા કરે છે.

આપણો ઉપયોગ પલટાય તો પણ, આપણો દ્રવ્ય સ્વભાવ જે ઘનીભૂત છે, તે ખ્યાલમાં રહેવો જોઈએ. આ ખ્યાલ ન રહે તો ધ્યાન તરંગરૂપ બને છે કારણ કે જે પ્રગટે છે તેના ઉપર જ લક્ષ છે. જેના આધાર પર પ્રગટે છે તે આધારનું લક્ષ નથી.

નિર્વિકલ્પ ઉપયોગમાં, આનંદવેદન કાલે, જે જ્ઞાયકશક્તિ પડેલી છે કે જે અવાચ્ય છે, તેનું શ્રદ્ધાન થઈ જાય છે તેમાં હુંપણું સ્થિર થઈ જાય છે. માટે બધાં પરિણામો મારાં નથી એવું શ્રદ્ધાન બરાબર રહે છે.

**'આત્મા શુદ્ધ ચૈતન્યમય, સર્વાભાસ રહિત**
**જેથી કેવલ પામીએ, મોક્ષપંથની એ રીત**

જ્ઞાન સામાન્યમાં વિશેષ પદાર્થો ઝળકતાં નથી. જ્ઞાયકની જે શક્તિ છે તે જ્ઞાન સામાન્યમાં ઝળકે છે. જ્ઞાયકનું જ્ઞાયકત્વ એ જ્ઞાયકનું સ્વચ્છત્વ છે જે નિરપેક્ષ છે અને ત્રિકાળ છે જ્યારે કેવલ જ્ઞાન કાલે પ્રગટતો ઉપયોગ એ જ્ઞાનનું શુદ્ધત્વ છે જે સાપેક્ષ છે. કેવલ જ્ઞાન એ પૂર્ણજ્ઞાન હોવાથી જ્ઞાનત્વેન જ્ઞાન નિત્ય છે પણ

તેમાં ઝળકતાં જ્ઞેયો એ પ્રતિ સમયે પલટાય છે એ અપેક્ષાએ એટલે કે જ્ઞેયત્વેન કેવલજ્ઞાન અનિત્ય છે.

આજે આપણે જ્ઞાન વિશેષમાં જ હુંપણું કરીએ છીએ. બુદ્ધિને જ જ્ઞાન સમજીએ છીએ. વિકલ્પને પોતાના માનીએ છીએ. આવતા વિચારો અને તેના કારણે પડતાં સંસ્કારો એ બધામાં મારાપણું કરીએ છીએ. ઉપયોગમાં શાન્તિ, પ્રસન્નતા વેદાય તેને આપણા માનીએ છીએ. આ બધાને હું જાણું છું એવો ભાવ એ જાણનારનું શલ્ય છે. આ બધું આત્માથી ભિન્ન છે, ભેદરૂપ છે તેનાથી છૂટા પડવાનું છે. તેમ થાય તો અભેદ રૂપે રહેલ જ્ઞાયકનું સાચું શ્રદ્ધાન થાય. આ બધું દરિયા-કિનારે રહેલ ઠંડી હવા જેવું છે, તેનાથી ઠંડક અનુભવાય. પણ તેનાથી તરસ ન છીપે માટે તેને પાણી માનવાની ભૂલ ન કરાય.

સમ્યગ્-જ્ઞાન થયા પછી પણ વિકલ્પ તો રહેવાના છે. પણ તેનું મમત્વ ન રહેવું જોઈએ તો વિકલ્પો શાંત થતાં જશે. જગત આખું ઘોળીને પી જવાનું. એમાં આપણું કોઈ નથી. વર્તમાનમાં પ્રાપ્ત ક્ષયોપશમ, જ્ઞાન, તે પણ અજ્ઞાનનો જ વિસ્તાર છે એમ લાગવું જોઈએ. જ્ઞાન સામાન્યમાં (જ્ઞાયકમાં) ભવ નથી, ભાવ નથી, વિકલ્પ નથી. વિકલ્પમાં જ્ઞાયક નથી.

નિશ્ચયનયે પ્રભુ વીતરાગ છે પણ વ્યવહાર નયે પ્રભુ શાસનપતિ છે. સાધનાકાળમાં પ્રભુને સાધ્યની પ્રાપ્તિ કરવાની હોવાથી પ્રભુના ચક્ષુ ઢળેલાં હતાં અથવા તો સીંચાયેલાં હતાં જ્યારે કેવલજ્ઞાન થવાથી તો પ્રભુ વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી બન્યા. શાસનના સ્થાપક બન્યા, રાજા બન્યા.



સાધનાકાળમાં પ્રભુને હાથ દ્વારા કાંઈ પણ કરવા જેવું લાગ્યું નહિ માટે હાથ ઉપર હાથ મૂકી દીધા. આ વિશ્વમાં એક ડગ પણ માંડવા જેવો લાગ્યો નહિ માટે પલાઠીવાળી દીધી. ચક્ષુથી કાંઈ પણ જોવા જેવું લાગ્યું નહિ માટે આંખોને મીંચી દીધી. વાણીથી એક અક્ષર પણ બોલવા જેવો લાગ્યો નહિ માટે મૌન ધારણ કરી લીધું.

ચક્ષુ ઢળેલાં છે અથવા તો મીંચાયેલા છે એ સાધનાકાળની ધ્યાનસ્થ મુદ્રાને સૂચવતી પ્રભુ પ્રતિમા છે જ્યારે કેવળજ્ઞાન થયે છતે ધ્યાન પૂર્ણ થઈ ગયું હવે તો ધ્યાનાંતરિકા વર્તે છે માટે તે સાધ્યદશાને સૂચવતી ખૂલેલાં નેત્રોવાળી, વીતરાગ, સર્વજ્ઞતાને સૂચવતી પ્રભુ પ્રતિમા છે.

ધ્યાન સાધના માટે મીંચાયેલાં નેત્રોવાળી પ્રભુપ્રતિમા ઉપકારક બને છે તો ભક્તિયોગ માટે ખુલ્લાં નેત્રોવાળી પ્રભુપ્રતિમા ઉપકારક બને છે. માટે જૈન શાસનમાં કક્ષા ભેદે અને વ્યક્તિભેદે બંને પ્રકારની પ્રતિમા માન્ય કરાયેલી છે.

સહસ્રદલ કમલની વિકસિતતાને સૂચવતું મસ્તક પ્રભુની સર્વજ્ઞતાનો નિર્દેશ કરે છે. પ્રભુ વીતરાગ, સર્વજ્ઞ થવાથી કૃતકૃત્ય બન્યા છે, હવે એમને કોઈને આપવું કે કોઈની પાસે કશું લેવાનું રહ્યું નથી તેવી ઋણમુક્તતાને સૂચવતી, વરદાન કે આશીર્વાદ આપવાના પણ રહ્યા ન હોવાથી તેમજ કોઈને હાથ જોડીને વંદન કરવાનો ભાવ પણ ન રહ્યો હોવાથી હાથ ઉપર હાથ ધરીને પોતાનામાં સમાઈ ગયાનો નિર્દેશ કરતી વીતરાગ મુદ્રામાં રહેલી પ્રતિમા છે.

પ્રભુ ધર્મતીર્થને પ્રવર્તાવનાર હોવાથી શાસનના રાજા છે અને આર્યદેશની રાજનીતિ અનુસાર રાજા કદી આંધળો અને રાજમુગટ સિવાયનો હોય નહિ તેવું સૂચવતી ચક્ષુ સહિતની મુગટબદ્ધ પ્રતિમા છે.

એક અસત્ કલ્પના કરી શકાય કે કેવલદર્શન અને કેવલજ્ઞાનના પ્રાગટ્યથી સમગ્ર સંસારનું એક સમયમાં દર્શન થતાં આંખો એવી વિસ્ફારિત થઈ ગઈ કે પછી તેને મીંચાવાનો કોઈ અવકાશ જ રહ્યો નહિ.

આ તો જેની યાદશક્તિ ખોવાઈ ગઈ હતી અને પોતાની ઓળખ - Self Identity ગુમાવી બેઠો હતો તેની યાદશક્તિ પાછી આવતાં જાતની ઓળખ પુનઃ પ્રસ્થાપિત થાય તેના જેવી વાત છે.



प्रभु छो त्रिभुवन नाथ,
दास हुं ताहरो, हो लाल ॥दा.॥
करुणानिधि अभिलाष,
अछे मुझ ए खरो, हो लाल ॥अ.॥
आतम वस्तु स्वभाव,
सदा मुझ सांभरो, हो लाल ॥स.॥
भासन वासन एह,
चरण ध्यानें धरो, हो लाल ॥च.॥५॥

**અર્થ :** હે પ્રભુ! આપ તો ત્રણ ભુવનના સ્વામી છો, અને હું તો આપનો દાસ છું. હે કરુણાસાગર પ્રભુ! મારો આ સાચો મનોરથ છે કે મારા જ્ઞાનાદિમય શુદ્ધ આત્મસ્વભાવનું મને સદા સ્મરણ રહો. ભાસન એટલે જ્ઞાન, વાસન એટલે શ્રદ્ધા અને ચરણ એટલે ચારિત્ર આ ત્રણેમાં મને સદાને માટે લીનતા રહો.

**વિવેચન :** અનંતકાળની સંસારની જન્મમરણની વિટંબનાથી થાકેલો, ત્રાસેલો, હારેલો જીવ એને બીજો કોઈ આધાર, શરણ, ત્રાતા કે ભ્રાતા ન દેખાવાથી પ્રભુને શરણાગત બનીને પ્રાર્થે છે કે હે પ્રભુ! આ અશરણ સંસારમાં મારા માટે શરણભૂત હોય, તો આપ જ છો. મારે આપનો જ આધાર છે. હું દીન છું, અશરણ છું, અનાથ છું, પતિત છું, પાપી છું, અધમ છું. આપ ત્રણ ભુવનના નાથ છો, સ્વામી છો, માલિક છો. અસંખ્ય દેવોના માલિક એવા ઈન્દ્રો, રાજાઓ, ચક્રવર્તીઓ પણ ભક્તિઘેલા બની આપના ચરણ ચૂમે છે. આપના ચરણમાં આળોટે છે. આપની

ભક્તિમાં પોતાનું સર્વસ્વ ત્યાગે છે. આપના અતિશયો, આપની વાણી વગેરેનું શ્રવણ કરતાં સમ્યગ્દર્શનાદિ ગુણોને પામે છે. આપ સમ્યગ્દર્શનાદિ ગુણોને પમાડનાર તેમજ તેનું રક્ષણ કરાવનાર છો. આપ કરુણાનિધાન છો. આ સંસારમાં સમકિતી, દેશવિરતિ કે સર્વવિરતિધર આત્માઓ આપના દાસ છે. કારણ કે આપ તેઓના યોગક્ષેમને કરનારા છો.

હે પ્રભુ! હું પણ ભદ્રકભાવે આપને પ્રાર્થું છું કે - મારી એક અભિલાષા છે કે આ સંસારમાં રાગ-દ્વેષ-મોહ શત્રુઓ દ્વારા મારો શુદ્ધ સ્વભાવ ભુલાઈ ગયો છે. તેઓ છલ કરીને મને આ સંસારમાં ફસાવી રહ્યા છે. મોહ, માયાના પાશમાં બાંધી રહ્યા છે. હું શક્તિ, સામર્થ્યથી હીન બનેલો મારા સ્વભાવને ભૂલીને આ વિષય-કષાયમય સંસારમાં તણાઈ રહ્યો છું. તો આપને મારી એક જ વિનંતી છે કે પ્રભુ! આપ મારી ઉપર એવી કરુણા કરો કે હું મારા જ્ઞાન, દર્શન, ચારિત્રમય, અનંત આનંદમય, આત્મ-સ્વભાવને, એક ક્ષણ પણ ના ભૂલું. એક ક્ષણ પણ મારો ઉપયોગ વિભાવદશામાં ન જાય. રાગ-દ્વેષ-મોહાદિ શત્રુઓ સામે ટકી રહેવાનું બળ મને આપો. મારો સ્વભાવ મને નિરંતર યાદ રહો. મારો ઉપયોગ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવમાં જ નિરંતર ટકી રહો. પર દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવમાંથી મારો ઉપયોગ પાછો ફરો.

મારા પ્રતિસમયના ઉપયોગને મેં કર્મના ઉદય સાથે જોડીને, સ્વભાવને ભૂલીને, રાગાદિ રૂપે પરિણમાવ્યો છે અને હું સ્વરૂપે જ્ઞાયક, ત્રિકાળી શુદ્ધ પરમાત્મ સ્વરૂપ હોવા છતાં તેને ભૂલીને હું રાગી, હું દ્વેષી, હું ક્રોધી, હું લોભી, હું સુખી, હું દુઃખી એમ



માનતો આવ્યો છું અને એવી મિથ્યા માન્યતામાં રહીને, મારા જ્ઞાનને અજ્ઞાનરૂપ બનાવી, અનંતકાળથી, નરકાદિ ગતિના કારમા દુઃખો અનુભવુ છું. હે પ્રભો! મારી આ અજ્ઞાનમય દશા હવે મને પીડી રહી છે. અનાદિકાળથી આ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયનો ધોધ મારા આત્મા પર વરસી રહ્યો છે. અને મને અજ્ઞાનના મહાસાગરમાં ડુબાડી રહ્યો છે. અત્યાર સુધીમાં મેં એક ક્ષણ પણ, મારા શુદ્ધ સ્વરૂપની — જ્ઞાયક સ્વરૂપની-કારણ પરમાત્માની શ્રદ્ધા કરી નથી. જગતના સર્વ પદાર્થો તત્ત્વદૃષ્ટિથી જોતાં જ્ઞેયસ્વરૂપે છે અને હું એનો જ્ઞાતા છું તેમ છતાં તેને ભૂલીને અજ્ઞાનથી મેં સર્વ પદાર્થોને નિમિત્ત બનાવીને હું નૈમિત્તિક ભાવે પરિણમ્યો છું. એટલે કે શુદ્ધ જ્ઞેય-જ્ઞાતા સંબંધને ભૂલીને, વિભાવગત નિમિત્ત-નૈમિત્તિક ભાવે પરિણમ્યો છું અને જગતમાત્રના જડ-ચેતન પદાર્થોમાં રાગી-દ્વેષી બની, મારા-તારાપણું કરી, ખોટી માન્યતાના ભારથી બંધાઈને, મેં મારા આત્માને ભારે કર્યો છે અને સંસાર સમુદ્રના તળિયે પટક્યો છે.

હે ત્રણ લોકના નાથ! આપ જેવા પૂર્ણજ્ઞાની પરમાત્મા આ જગતમાં વિદ્યમાન હોવા છતાં, અને તેમનો બતાવેલ મોક્ષમાર્ગ પ્રવર્તમાન હોવા છતાં મારા આત્માની આવી દુર્દશા કેમ થઈ, તે મને સમજાતું નથી. વિચાર કરતાં એક જ કારણ જણાય છે કે મેં કદી પણ શુદ્ધ ભાવે આપનું શરણ ગ્રહ્યું નથી. અજ્ઞાન અને મિથ્યાત્વના નશામાં ચકચૂર બનીને, ભાન ભૂલા બનીને ઘોર પાપો કર્યાં છે. દેવ-ગુરુ-ધર્મની ઘોર આશાતના કરી છે. આપના પરમકરુણામય ધર્મને સમજયો જ નથી. તો પછી એને સેવવાની તો વાત જ ક્યાં રહી ?

હે નાથ! મારી આ કરુણ કથની ક્યાંય કહી જાય તેવી નથી. હું શુદ્ધ પરમાત્મા છું. કારણ શુદ્ધ પરમાત્મા છું. પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરવાનું સાધન, મારા પોતાનામાં જ રહ્યું છે. સંયોગરૂપ પ્રકૃતિના વળગાડને છોડીને, જો હું મારા ભીતર રહેલ ત્રિકાળી ધ્રુવ કારણ પરમાત્માનો આશ્રય કરું, ઉપયોગ પરમાત્મમય બનાવું તો મારું પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય તેમ છે. પણ તેવી શ્રદ્ધા મને અનંતકાળમાં ક્યારેય થઈ નથી. અનંતીવાર પ્રભુના સમવસરણમાં ગયો. તેમની વાણી સાંભળી પણ કાને ધરી નહિ. કોણ જાણે કાળ નહિ પાક્યો હોય કે બીજું ગમે તે કારણ હશે તે વાણી સાચા સ્વરૂપે અંતરમાં પરિણમી નહિ જેના પ્રભાવે અનંતકાળ અજ્ઞાનના અંધકારમાં ગયો. પ્રભો ! હવે આવી ભૂલ થાય નહિ અને હું સમ્યક્ પુરુષાર્થને ચૂકું નહિ તેવી મારા પર હંમેશની કરુણા કરજો.

હે દીનદયાળ! આપ તો સર્વજ્ઞ છો. મારા જેવા પામરનું આપ તો બધું જ જાણો છો. માટે આપને વધુ કહેવાથી શું ? છતાં ભક્તિભાવે મારા હૃદયના ભાવોને મેં આપની સમક્ષ પ્રાર્થ્યા છે કે જ્યારે જ્યારે કર્મોને વશ થઈને હું સંસારના પ્રવાહમાં તણાઈ જઉં, ત્યારે આપ મારી રક્ષા કરજો અને મને મારા શુદ્ધ સ્વરૂપમાં રાખજો. તે માટે મને સદા આપનું અને આપના ત્યાગી મુનિઓનું શરણ આપજો. હું આપના કહેલા માર્ગ પર રાતદિવસ રહું એવી મારી આપને પ્રાર્થના છે.

આત્માના શુદ્ધ સ્વરૂપને ભૂલીને જીવવું એ એક મોટામાં મોટો અપરાધ છે. આત્માના શુદ્ધ સ્વરૂપને ભૂલીને જીવવું એ જ પ્રભુની આજ્ઞાનો ભંગ છે.



લોકોત્તમ એવા અરિહંત પરમાત્મા, આત્મિક ગુણોના પરિપૂર્ણ સામ્રાજ્યના સ્વામી હોવાથી એ સ્વામીનું સેવકપણું એ જ મુક્તિગામી આત્માનું લક્ષણ છે. એટલે મોક્ષમાર્ગનો પ્રારંભ પરમાત્માના સેવકપણાથી થાય છે. એમની સેવાથી સેવક એમના જેવો જ થાય છે. માટે તેમની સેવા કરવી એ અનિવાર્ય છે.

વાસન એટલે શ્રદ્ધા, ભાસન એટલે જ્ઞાન અને ચરણ એટલે ચારિત્ર એ ત્રણેનું ધ્યાન અર્થાત્ એકત્વ એ જ મારું સ્વરૂપ બની રહો.

આત્મસ્વરૂપને જાણવાનો પ્રયત્ન થાય, બીજું બધું ભૂલી જવાય, એની જ શ્રદ્ધા કરાય, એમાં જ રમણતા કરાય, એમાં જ લીનતા થાય પછી ઉપયોગ બહાર આવતાં આવા સ્વરૂપનું દાન આપનારા પ્રભુ છે એમ અહોભાવ ઊછળતાં, પ્રભુના નાથપણા સાથે દાસપણું જોડાય છે ત્યારે દાસ પોતે નાથ બની જાય છે. દાસનું કર્તવ્ય પ્રભુ જ્યાં પહોંચ્યા છે ત્યાં સિદ્ધશિલા ઉપર જવાનું છે. ત્યાં કોઈ ઉપાધિ નથી અને આનંદ પરાકાષ્ઠાનો છે.

પરમાત્માની કરુણા સેવકને સેવ્ય બનાવે છે. સેવકને સ્વરૂપથી ઓછું કાંઈ ખપતું નથી.

**"અખય ખજાનો મારા નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ,**
**લાલચ લાગી સાહિબા રે, નવી ભજીએ કુમતિનો લેશ રે..."**

આપનો અખૂટ ખજાનો એ મારો જ છે. મને એની જ લાલચ લાગી છે. મારું શુદ્ધ સ્વરૂપ મને સદા યાદ આવ્યા કરે એ જ એક મારી અભિલાષા છે. પરમાત્મા નાથ છે કારણ કે યોગક્ષેમ કરનાર છે : હે નાથ! મારું શુદ્ધ સ્વરૂપ મને સદા યાદ આવ્યા કરે એ જ એક મારી અભિલાષા છે.

ક્ષપકશ્રેણીમાં સ્વરૂપ સાથે એકાગ્રતા થતાં, જગત આખું ભુલાઈ જાય છે.

શુદ્ધ સ્વરૂપને વારંવાર યાદ કરવાથી અંદરમાં પડેલાં કર્મો અને કુસંસ્કારોને ધક્કો લાગે છે. તે નીકળવા માંડે છે તેથી અંશથી શુદ્ધ સ્વરૂપ અનુભવમાં આવવા લાગે છે માટે પ્રભુનું સ્મરણ એ જ એમની કરુણા છે.

આત્મામાં અનંત ચતુષ્ટય છે માટે આત્મા પોતાના અનંત સ્વરૂપનો કર્તા છે. પરભાવનો કર્તા નથી. આત્માના અસંખ્ય પ્રદેશે અનંતગુણોનો વાસ છે. દરેક ગુણમાંથી અનંત આનંદ પ્રગટે છે. માટે સિદ્ધોનો આનંદ અનંત અનંત છે. સહભાવી અનંતગુણો ક્રમભાવી પર્યાય રૂપે એક જ સમયમાં અનુભવાય છે. જ્ઞેયો પ્રતિસમયે પરિવર્તિત થાય છે માટે પર્યાયમાં પલટણભાવ છે પણ ઉપયોગ પલટાતો નથી. પર્યાયમાં સદશતા છે. ઉપયોગમાં અવિનાશિતા છે. આનંદ વેદનમાં કોઈ જ ફેર પડતો નથી.

હે પ્રભુ! મારો આ શુદ્ધ સ્વરૂપી આત્મા દીર્ઘ નથી, હ્રસ્વ નથી, ગોળ નથી, ત્રિકોણ નથી, ચોરસ નથી, મંડલાકાર નથી, કાળો, નીલો, લાલ, પીળો, સફેદ નથી. સુગંધ કે દુર્ગંધવાળો નથી. તીખો, કડવો, તૂરો, ખાટો કે મધુર નથી. કર્કશ, ભારે, મૃદુ, હલકો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ કે રૂક્ષ નથી. દેહવાળો, વચનવાળો કે મન વાળો નથી. સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી. ઉત્પત્તિ-વિનાશવાળો નથી. સંગવાળો નથી. તે અરૂપી, અક્રિય, અસંગ, નિર્લેપ, અનંત જ્ઞાનાનંદમય, અસંખ્ય પ્રદેશી, અનંતગુણી, અનંતાનંત પર્યાયી, સ્વરૂપમાં સદા લીન રહેનારો



છે. આવો મારો આત્મા મને નિરંતર યાદમાં રહો, તેમાં જ રમણતા રહો એ સદાને માટે મારો મનોરથ છે.

સાધક અવસ્થામાં તે સદાય રહે એ મારી અભિલાષા છે.

અંતરમાં બિરાજમાન, ચૈતન્યમૂર્તિ, ભગવાન આત્માના દર્શન થાય તો જીવનની દશા પલટાઈ જાય તેમ છે. એનો કર્તૃત્વનો અહંકાર ઓગળી જાય તેમ છે. તે કૃતકૃત્ય થઈ જાય છે. પછી કાંઈ કરવાનું બાકી રહેતું નથી. માત્ર થવાપણું હોય છે દેહનો ધારણ કરેલો ભેખ ઊતરી જાય છે અને જીવનમાં આનંદ છવાઈ જાય છે.

વિવેકની શય્યા પર ચૈતન્ય સ્વામી સાથે ચેતના જ્યારે આરૂઢ થઈ, ત્યારે અનાહતના મધુર વાજા વાગ્યા, આનંદની ઝડીઓ વરસી, ચૈતન્યપ્રભુના અસંખ્યાત પ્રદેશરૂપ મહેલમાં ઝગમગ દીવા પ્રગટ્યા, અનંત ગુણમય કુટુંબ એકત્રિત થઈ, પૂર્ણ આનંદ છવાયો, અનંતકાળના વિરહ દૂર થયા. વિખરાયેલું કુટુંબ ભેગું થયું. શુદ્ધ પર્યાયોએ શણગાર સજ્યા. કર્મના પૂંજ વિખરાઈ ગયા. બ્રહ્મરંધ્રની બારી ખૂલી ગઈ. મોહનું કુટુંબ મમતા, માયા, કષાય અને પ્રમાદાદિ વિલે મોઢે, લપાતા લપાતા ચાલી નીકળ્યા ને ચૈતન્યદેવને કહેતાં ગયા કે હવે અમે નહીં આવીએ એ એમની છેલ્લી વિદાય હતી. એ જ્યારે ગયા ત્યારે એમને કોઈ આવજો એમ પણ કહેતું ન હતું. ચેતના સામ્રાજ્ઞી બનીને ચૈતન્યદેવના ઘરને સંભાળી રહી હતી.

વૃત્તિરૂપી સરિતા જ્યારે ચૈતન્યના સાગરમાં મળે છે, ત્યારે ચેતન-ચેતનાનું મિલન થાય છે. તેને જ્ઞાનીઓ સમાધિ કહે છે.

આ નિર્વિકલ્પ દશા છે. અહીં વૃત્તિનું સ્પંદન નથી. વૃત્તિઓ તરંગ વગરની, મોજાં વગરની, કંપન વગરની બની ગઈ છે. એ હવે સરિતા નથી રહી, સાગર બની ગઈ છે.

**અનુભવ રસ મેં રોગ ન શોકા લોકવાદ સબ મેટા**
**કેવલ અચલ અનાદિ અબાધિત, શિવ શંકર કા ભેટા.**
**..આનંદઘનજી.**

અનુભવ-રસમાં રોગ, શોક, લોકોની વાતો વગેરે કાંઈ જ નથી. માત્ર આનંદમય પરમાત્મતત્ત્વનું જ હોવાપણુ ંછે.

ભગવદ્‌ગીતા કહે છે કે જે પરમાત્માના શરણે જાય છે તેને પછી કોઈ દુઃખ રહેતું નથી. જ્યારે મનુષ્ય સર્વ કર્મોનો પરિત્યાગ કરી દઈને મને સમર્પિત થઈ જાય છે, તે મારો વિશેષ પ્રિય બની જાય છે અને હું એને એના જીવભાવમાંથી છોડાવીને અમૃતસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવું છું. અને તે મારામાં ભળી મારું જ સ્વરૂપ બની જાય છે.

પરમાત્માનો ભક્ત કે જે સંસારથી વિરાગી બન્યો છે તે પ્રભુને સંસારથી છોડાવવાની પ્રાર્થના કરે છે. **''મોટા ચરણે''**માં એ.જી. ભટ્ટ લખે છે –

''શરીર જૂનું તજીને પ્રવાસ, ફરીથી માના ઉદરે નિવાસ
ફરી ફરીને વિષયોપભોગ, ફરીથી સંયોગ અને વિયોગ...૮૬

મળે ફરી શૈશવ ને યુવાની, નવાં સગાં, નૂતન તેમ નારી,
ફરી નવું નાટક, નવ્ય રંગ, ફરી નવો ખેલ નવો પ્રસંગ...૮૭

ફરીથી સંસાર જળોજથાની, શિરે ધરી પોટલી ચાલવાની
તજી શકે ટેવ ન એ પુરાણી, ભવાટવીમાં ભમતો પ્રવાસી...૮૮



અનાદિ સંસાર પથે પ્રવાસી, યાચું તમોને શિર હું નમાવી,
મારા હ્રદયે શીઘ્ર કરી પ્રકાશ, રોકો પ્રભો! સંસૃતિનો પ્રવાહ...૮૯

સંસારના સિંધુ વિષે સરું છું, ફરી ફરી નીકળવા મથું છું,
ફરીથી ઊંડો જઈને ફસું છું, સંતપ્ત એથી હ્રદયે રહું છું...૯૦

સ્વરૂપનું દર્શન થાય જેને, તેના ત્રણે તાપ સદા શમે છે.
અનન્ય ભાવે હરિને સ્મરે જે, સ્વરૂપનું દર્શન થાય તેને...૯૧

**(૯૨ થી ૯૮માં આત્મસ્વરૂપ બતાવે છે.)**

જે પંચ કોશો થકી છે નિરાળું, ત્રણે ગુણોથી પર છે રહેલું
ત્રણે અવસ્થાથી અતીત રે'છે ત્રણેય દેહોથી વિભિન્ન જે છે...૯૨

સીમા નથી દેશની કોઈ જેને, ના કાળનું બંધન કોઈ જેને.
વાણી થકી જે ન વદી શકાય, ને ચિત્તથી ચિંતવી ના શકાય...૯૩

જે સર્વદા છે જ, સદૈવ રે'શે, જેનો કદી બાધ ન સંભવે છે
જે ચિત્સ્વરૂપે વિલસી રહ્યું છે, ને સર્વ આનંદનું મૂળ જે છે...૯૪

સર્વે રસોમાં રસરાજ જે છે, ને સર્વ સૂક્ષ્મો થકી સૂક્ષ્મ તે છે,
જેના થકી ના પર છે કશું યે, જે ઈન્દ્રિયોથી કદી ના પમાયે...૯૫

જેના પ્રકાશે સહુ વસ્તુ ભાસે, ના અન્ય કો તેજથી જે પ્રકાશે,
જેનો નથી જન્મ, ન મૃત્યુ જેનું, અવ્યક્ત ને વ્યાપક રૂપ એનું...૯૬

જેને નથી રૂપ ન કોઈ રંગ,જે સર્વદા નિર્ગુણ ને અસંગ,
નિર્દ્વંદ્વ ને નિષ્ક્રિય જે સદાય, જેમાં કદી કો ન વિકાર થાય... ૯૭

અગાધ ને અદ્‌ભુત આત્મતત્ત્વ, છે સર્વનું સત્ય જ એ સ્વરૂપ
એ રૂપને જે જન કોઈ પામે, તેના ત્રણે તાપ સદા વિરામે...૯૮

**प्रभु मुद्राने योग,**
**प्रभु प्रभुता लखे, हो लाल ॥प.॥**
**द्रव्यतणे साधर्म्य**
**स्वसंपत्ति ओलखे, हो लाल ॥स्व.॥**
**ओलखतां बहुमान,**
**सहित रुचि पण वधे, हो लाल ॥स॥**
**रुचि अनुयायी वीर्य,**
**चरण धारा सधे, हो लाल ॥च.॥६॥**

**અર્થ :** અરિહંત પ્રભુની ઉપશમ રસ ગર્ભિત મુદ્રાને જોવાથી આત્માને પ્રભુની પૂર્ણ શુદ્ધ ગુણ-પર્યાયમયી પ્રભુતાની ઓળખ થાય છે અને તે થતાં પ્રભુ ઉપર બહુમાન જાગે છે. પ્રભુની સાથે દ્રવ્યથી પોતાનુ સાધર્મ્ય સમજાય છે અર્થાત્ પ્રભુના જેવા જ્ઞાનાદિ અનંતગુણો પ્રગટેલા છે તેવા ગુણો સત્તામાં તો મારામાં પણ રહેલા છે એવી શ્રદ્ધા થાય છે અને તેથી બહુમાનપૂર્વક તેવા ગુણોને પ્રગટાવવાની રુચિ-ઇચ્છા જાગે છે અને તે રુચિના અનુસારે વીર્યશક્તિનું સ્ફુરણ થતાં સ્વરૂપ રમણતારૂપ ચારિત્ર સધાય છે. રુચિ ઉત્પન્ન થતાં સર્વગુણો સ્વરૂપમાં જ લીનતા પામે છે.

**વિવેચન :** પાંચમી કડીમાં પ્રભુને પ્રાર્થના કરી કે, જ્ઞાન, દર્શન, ચારિત્રમય મારો સ્વભાવ બની રહે તેવી કૃપા કરજો! તો ત્યાં કોઈ પૂછે કે, તારો આત્મધર્મ તો, તારા પોતાના પુરુષાર્થથી ઉત્પન્ન થાય છે. તેની રુચિ પણ તારા પુરુષાર્થથી જાગે છે. તો



પછી તેમાં સ્થાપના નિક્ષેપે રહેલા પ્રભુનું શું કામ છે ?

તેનો જવાબ આપે છે કે, અનાદિ સંસારમાં રખડતો મારો આત્મા, અજ્ઞાનના યોગે, આત્મસ્વભાવ ભૂલી ગયો છે. પુદ્‌ગલના રંગે રંગાઈને તેમાં જ આસક્ત બન્યો છે. સંસારમાં અનાદિકાળથી અનાદિ નિગોદમાં હતો - અવ્યવહાર રાશિમાં હતો ત્યારથી તેને શરીર તથા સ્પર્શેન્દ્રિય તો હતાં જ. તે વખતે ત્યાં મન નહોતું છતાં અજ્ઞાન-અવિરતિ-અસંયમ- કષાય બધાં રહેલાં જ હતાં. એટલે શરીરના રંગે રંગાઈને તેના ઉપ મમત્વ ભાવવાળો તો હતો જ.

પછી ત્યાંથી બહાર નીકળી, બાદર એકેન્દ્રિય તેમજ કુલિંગી એટલે વિકલેન્દ્રિય થયો તેમજ લિંગી એટલે સંજ્ઞીપણાને પામતાં દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ ચારે ગતિમાં શરીર, પાંચ ઇન્દ્રિયો, મન વગેરે મળતાં, જે સંયોગ મળ્યા, તેમાં આસક્ત બન્યો, મમતાવાળો બન્યો, પ્રાપ્ત સંયોગોમાં જ હુંપણું અને મારાપણું થયું. એટલે સત્તાએ પોતાનામાં પરમાત્મસ્વરૂપ રહેલું છે એ વાત જીવના સાંભળવામાં ક્યારે પણ આવી નથી એટલે, એની રુચિ પણ કોઈ કાળે થઈ ન હોતી.

અનંતીવાર સંજ્ઞી પંચેન્દ્રિયપણું મળ્યું - સર્વજ્ઞ પ્રભુનો ધર્મ મળ્યો. તેને સેવ્યો. ઠેઠ ચારિત્ર લઈ, તેને વ્યવહારથી સારી રીતે પાળી, તે નિરતિચાર ચારિત્રના બળે અનંતીવાર, નવમા ગ્રૈવેયક સુધી જઈ આવ્યો. ત્યાંના સુખો પણ જીવ ભોગવી આવ્યો પણ પોતાની ભીતરમાં-સત્તામાં પરમાત્મતુલ્ય સ્વરૂપ પડ્યું છે અને તે પ્રભુની કૃપાથી અને પોતાના પુરુષાર્થથી પ્રગટ થઈ શકે તેમ છે એ વાત તેને કાંઈ જાણવા જ મળી નહિ, કે પછી જાણવા

મળી તો તેની રુચિ જ ન જાગી તેને કારણે બધું જ કરવા છતાં, સંસારની મમતા અને રુચિ, પુદ્‌ગલનો જ વ્યાસંગ, પુદ્‌ગલનો જ પરિચય રહ્યો. આ વિષયમાં ક્ષમાવિજયજી મ.સા. પણ સ્તવનમાં લખે છે –

**ક્રોધ દાવાનળ દગ્ધ માન વિષધર ડસ્યો,**
**માયાજાલે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો**
**મન વચ, કાયાના યોગ ચપલ થયા પરવશા,**
**પુદ્‌ગલ પરિચય પાપ તણી અહર્નિશ દશા**
**કામરાગે અણનાથ્યા સાંઢ પરે ધસ્યો,**
**સ્નેહરાગની રાગે ભવપિંજર વસ્યો**
**દૃષ્ટિરાગ રુચિકાચ પાચ સમકિત ગણું,**
**આગમ રીતે ન નાથ નીરખું નિજપણું.**

અનંતકાળ સંસારમાં ભટકતાં આત્માને બધું જ મળવું સહેલું છે પણ, પોતાના સ્વરૂપની ઓળખ આપનાર, સંત સદાગમ થવો મુશ્કેલ છે. અને તે થયે છતે તે સંત પુરુષની ઓળખ થવી કઠિન છે. અને પોતાના સ્વરૂપની રુચિ થવી કઠિન છે. આ વિષયમાં આત્મજ્ઞાની પુરુષના ઉદ્‌ગાર છે કે –

અનાદિકાળના પરિભ્રમણમાં, અનંતવાર શાસ્ત્ર શ્રવણ, અનંતવાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે, માત્ર 'સત્‌' સૂણ્યું નથી, સત્‌ શ્રધ્યું નથી. અને એ મળ્યે, એ સુણ્યે અને શ્રધ્યે જ છૂટવાની વાતનો આત્માથી ભણકાર થશે.

અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્તપણાને વિશે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. અનંતકાળ થયાં જીવને



પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી, અને તે શું કરવાથી થાય? આ વાક્યમાં અનેક અર્થ સમાયેલ છે. તેને વિચાર્યા વિના કે દૃઢ વિશ્વાસથી ઝૂર્યા વિના, માર્ગના અંશનું અલ્પ પણ ભાન થતું નથી.

સત્‌ એક પ્રદેશ પણ અસમીપ નથી. તથાપિ તે પ્રાપ્ત થવાને વિશે અનંત અંતરાય, પ્રત્યેક એવા જીવને રહ્યા કરે છે. જીવનું એ કર્તવ્ય છે કે,અપ્રમત્તપણે તે 'સત્‌'નું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાનો અખંડ નિશ્ચય રાખવો.

આમ જીવને બધી રીતે વિચારતાં પોતાના આત્મસ્વરૂપની, સત્‌ સ્વરૂપની, પરમાત્મસ્વરૂપની વિસ્મૃતિ થયેલી છે. હવે વિસ્મૃતી કેમ દૂર થાય? તેનો ઉપાય બતાવતાં, દેવચંદ્રજી મહારાજા કહે છે કે અનંત જ્ઞાની, પરમ અમોહી, એવા સ્થાપના નિક્ષેપે રહેલી પ્રભુમુદ્રાનો યોગ થાય અને તે વખતે વિદ્યમાન એવા જ્ઞાની પુરુષ હોય, તો તેને સમજાવે છે કે, આ પરમાત્મા છે. તેમાં સહજ અનંત ગુણાત્મક, વીતરાગ ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયક સ્વભાવ રહેલો છે. તેનું અવલંબન લઈને જ તે પ્રભુએ અંતર્મુખ બનીને સાધના કરી પોતાનું પરમાત્મસ્વરૂપ પર્યાયમાં પ્રગટ કર્યું છે. આ સંસારમાં જે કોઈ પરમાત્મા બન્યા છે તે આ જ રીતે પોતાનામાં રહેલા પરમાત્મસ્વરૂપને ઓળખીને, તેની શ્રદ્ધા કરીને પછી તેને પ્રગટ કરવા રાત'દિ ઘોર સાધના કરીને જ થયા છે. આ સિવાય પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનો બીજો કોઈ માર્ગ નથી અને તે પરમાત્મસ્વરૂપ સત્તાએ તો જીવમાત્રમાં રહેલું જ છે.

પ્રભુની પ્રભુતા અનંત ગુણરાશિરૂપ છે. ત્રણે કાળના સર્વદ્રવ્યના સર્વ પર્યાયો જેને હાથમાં રહેલા આમળાની જેમ એક જ સમયમાં પ્રત્યક્ષ જણાય છે તે શુદ્ધાત્મા સ્વરૂપ પ્રભુની પ્રભુતા છે.

આ રીતે પ્રગટ આત્મજ્ઞાની પુરુષ દ્વારા, પરમાત્મસ્વરૂપની ઓળખ થયે છતે, કોઈ ભવિ જીવ વિચાર કરે છે કે, અહો! જે આ પ્રભુ સિદ્ધ પદને પામીને અનંતસુખના ભોક્તા બન્યા છે. તે એક કાળે તો મારા જેવા જ સંસારી હતા, કર્મથી લેપાયેલા હતા, ચારે ગતિમાં પરિભ્રમણ કરનારા હતા. તેમણે પુરુષાર્થ કરીને, પોતાની પ્રભુતાને પ્રગટ કરી તો તેવી પ્રભુતા તો મારામાં પણ રહેલી છે. હું પણ જીવ દ્રવ્ય છું એટલે સત્તા ધર્મે તો પરમાત્મા સમાન છું. પ્રભુમાં જેમ અનંત ગુણો છે તેમ મારામાં પણ અનંત ગુણો રહેલા છે. સુવિધિનાથ પ્રભુને જે સંપદા પ્રગટ થઈ છે તેવી સંપદા મારામાં પણ છે, એટલે હું પણ પરમેશ્વર જેટલી જ સંપદાનો ધણી છું એમ પોતાની ઓળખ થતાં પરમાત્મા ઉપર બહુમાન પ્રગટે છે.

જેમ બે મિત્રો બાલ્યકાળમાં સાથે રમેલા, ભણેલા અને ઉછરેલા હોય તેમાં એક મિત્ર મોટો થયા પછી સ્વપરાક્રમે પુરુષાર્થ કરી લાખોપતિ અને કરોડોપતિ થાય. દેશાવર ખેડે અને સુખી થાય પછી બાલ્યકાળના પોતાના મિત્રને મળે કે જેણે દેશાવર ખેડ્યો ન હોય, મધ્યમ પરિસ્થિતિ હોય. ત્યારે તે મિત્રને આગળ વધી ગયેલા, દેશાવર ખેડીને સુખી થયેલા જોઈને, આશ્ચર્ય સહિત બહુમાન થાય છે અને વિચાર આવે છે કે અહો! એક કાળે અમે બંને તુલ્ય હતા. સાથે ભણેલા હતા છતાં આજે તે



મારા કરતાં આગળ નીકળી ગયો, સુખી થયો તો હું પણ હવે સુખી થવાનો પ્રચંડ પુરુષાર્થ કરું. એમ તેને તાલાવેલી જાગે છે. પોતાના મિત્રની સુખસાહ્યબી તેના ચિત્તને આકર્ષી ગઈ છે. તેનું માહાત્મ્ય હૈયે વસી ગયું છે. એટલે તેના જેવા થવાની વિચારણા સતત ચાલે છે. સંકલ્પબળ મજબૂત બને છે. મિત્રના પુરુષાર્થ ઉપર અને તેણે મેળવેલ સફળતા ઉપર અથાગ બહુમાન જાગે છે.

તેમ અહિયાં પણ સાધક આત્માને પ્રભુની પ્રગટ થયેલી અનંત ગુણ સંપદાને જોઈને વિચાર આવે છે કે, મારી ભીતરમાં પણ આ જ તત્ત્વ રહેલું હોવા છતાં, હું આજે જન્મ-મરણની અસહ્ય વેદનાને વેદતો, સંસારની કારમી ગુલામીમાં ફસાયેલો, વિષય-કષાયની ભીખ માંગતો, ભિખારી કેમ? પ્રભુ તરી ગયા, મોક્ષે ગયા તો હું કેમ ના જઈ શકું? એમ વિચારી, તેને પોતાની વર્તમાન દુર્દશા ઉપર તિરસ્કાર છૂટે છે અને પ્રભુ ઉપર અથાગ બહુમાન જાગે છે અને પોતાની પરમાત્મદશાને પ્રગટ કરવાનો, તીવ્ર સંકલ્પ અને તીવ્ર રુચિ જાગે છે. અને આ નિયમ છે કે જેની રુચિ જાગે તેનો જ ઉદ્યમ થાય. વીર્યગુણનું સ્ફુરણ રુચિને અનુસારે જ થાય છે. જીવ ગમે તેટલું ભણે કે બીજું કરે પણ, જો સ્વરૂપની રુચિ ન જાગે તો, તેને અનુરૂપ સ્વરૂપમાં સ્થિરતા કે રમણતા, કરવારૂપ પુરુષાર્થ થતો નથી. માટે મોક્ષમાર્ગમાં આત્મ તરફની રુચિ જાગવી, એ બહુ મોટું કામ છે અને એ રુચિ ત્યારે જ જાગે કે જ્યારે પ્રભુની પ્રભુતા ઓળખાય. એ પ્રભુતા પોતાની મેળે ઓળખાય એ અતિ-અતિ-અતિ દુષ્કર છે તે માટે આત્મજ્ઞાની ગુરુની જરૂર છે. વાડ વિના જેમ વેલો ચઢે નહિ તેમ, ગુરુની કૃપા વિના જ્ઞાન મળે નહિ. અન્ય દર્શનકારો પણ ગુરુની

મહત્તા બતાવતાં કહે છે

**गुरुर्ब्रह्मा गुरुर्विष्णु र्गुरर्देवो महेश्वरः ।**
**गुरुस्साक्षात् परं ब्रह्म तस्मै श्री गुरवे नमः ॥**
**ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोःपदम् ।**
**मन्त्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपा ॥**

ઉપર કહ્યા પ્રમાણે, સાધકને પ્રભુની પ્રભુતા, ગુરુકૃપાથી જણાય છે અને તેવી પ્રભુતા પોતાનામાં પણ અનાદિથી છે જ એવી જાણ થતાં પોતાના સ્વરૂપની રુચિ પ્રગટે છે. સંસાર પ્રત્યેની રુચિ ઓસરવા માંડે છે અને પોતાના સ્વરૂપને પ્રગટ કરવા માટેનું વીર્ય ઊપડે છે. તેના કારણે ધીમેધીમે સ્વરૂપ - રમણતા સધાતી જાય છે, અને એમ કરતાં ૨-૫-૭ ભવોમાં સાધક પોતાની સિદ્ધતાને પ્રગટાવે છે. માટે પ્રભુ-શાસનમાં, સ્થાપના નિક્ષેપે રહેલા પરમાત્માનું મૂલ્ય, ઘણું આંકવામાં આવ્યું છે. તેના વંદન, પૂજન, સત્કાર, સન્માન, આદર, બહુમાન, અહોભાવથી સાધક સંસારની દિશાને પલટે છે અને અધ્યાત્મની દિશા પ્રગટાવે છે.

સંસારમાં શુભનિમિત્તોનું મહત્ત્વ ઘણું છે. સંસાર આખો અજ્ઞાનથી ભરેલો છે અને જીવ અનાદિકાળથી નિમિત્તવાસી છે. અનંત કાળથી જીવને પુણ્યનો ઉદય હોય તો પણ, સંસારના જ નિમિત્તો પ્રચુર પ્રમાણમાં મળે છે અને જીવની દૃષ્ટિ પણ અજ્ઞાનવશ નિમિત્તને આધીન બનીને જીવવામાં ટેવાયેલી છે તેમાં જો તારક નિમિત્તો ન મળે, દૃષ્ટિ ઉઘાડનાર સદ્‌ગુરુ ન મળે, તો જીવ આ ૮૪ ના ચક્કરમાં ક્યાંય ફંગોળાઈ જાય તેમ છે. માટે આનંદઘનજી જેવા પ્રખર સાધક પણ 'ગુરુગમ' ઉપર ખૂબ ભાર મૂકે છે.



શ્રૃંગી મત્સ દરિયામાં રહેવા છતાં, ક્યારે પણ ખારું પાણી પીતું નથી. જ્યાં અનેક નદીઓનો દરિયામાં સંગમ થાય છે તે સંગમસ્થાન આગળ જ તે રહે છે. એટલે જેવી નદીઓ દરિયામાં ભળે, કે તરત જ તે નદીનું પાણી પીને પોતાનું જીવન ચલાવે છે. તેમ ખારા પાણી જેવા આ સંસારસાગરમાં સંતોનો સમાગમ, આત્મજ્ઞાની પુરુષનો યોગ, સાધક સતત ઝંખે છે.

જ્ઞાની પુરુષોએ સત્સંગનો મહિમા ગાયો છે અને સત્‌પુરુષના સમર્પણની બલિહારી બતાવી છે. જીવ પોતાની બુદ્ધિથી અધ્યાત્મના માર્ગે આગળ વધવા જાય, તો તે વધી શકતો નથી. ઘાંચીના બેલ જેવી તેની સ્થિતિ થાય છે. તે પ્રગતિ નહિ પણ ગતિ જ કરે છે. કારણ તેની બુદ્ધિમાં સ્વચ્છંદ અને અહંકાર રહેલો છે. અધ્યાત્મનો માર્ગ સ્વચ્છંદનો નહિ પણ સમર્પણનો છે. સમર્પણભાવે જીવન જીવતાં, અલ્પ પ્રયાસે, અધ્યાત્મના માર્ગે આગળ વધી સંસારસાગર તરી જવાય છે. એટલે જ ભગવદ્‌ગીતામાં કૃષ્ણ અર્જુનને યોગનો મહિમા બતાવતાં કહે છે કે તપસ્વી, જ્ઞાની અને ક્રિયાવાન કરતાં પણ, મારે મન યોગી મહાન છે એટલે હે અર્જુન! તું યોગી બન એટલે કે મારામાં તારું જીવન સમર્પણ કર. સમર્પણભાવની સાધના એ પરમાત્માને પામવાની સાધના છે. આમ અધ્યાત્મના માર્ગમાં - મોક્ષમાર્ગમાં સુદેવ અને સુગુરુનું મૂલ્ય ઘણું બધું છે. તે જેને નથી મળ્યું અથવા તો મળવા છતાં, તેની જેને કિંમત નથી સમજાઈ, તે જીવ ભાવદરિદ્રી છે અને સંસારસાગરમાં ફસનાર છે.

સંસારરૂપી કૂવામાં પડેલા જીવને બહાર નીકળવા દેવ-ગુરુનું આલંબન દોરડા સમાન છે. સંસાર રૂપી સમુદ્રમાં પડેલા જીવને

બહાર નીકળવા દેવ-ગુરુનુ આલંબન પાટિયા સમાન કે જહાજ સમાન છે. જો હૃદયમાં દેવ અને ગુરુ છે તો બધું જ છે જો તે નથી તો, બીજું બધું હોવા છતાં કશું જ નથી. જે હૃદયમાં દેવ-ગુરુને અહોભાવે સ્થાન નથી તે હૃદય દરિદ્રી અને કંગાળ છે.

કવિ પ્રીતમ પણ સંતકૃપાનો મહિમા ગાતાં વર્ણવે છે કે :

**સંતકૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને**
**શ્વાસે શ્વાસે સ્મરણ કરતાં, પાંચે પાતક જાય જોને**

જે કોઈ સંતનું શરણ સ્વીકારી, તેની સેવા કરી પ્રશ્ન પૂછે છે તેને સંત જ્ઞાનદાન આપે છે અને આત્મજ્ઞાનથી સાધક માયાને ઓળંગી જાય છે. આત્મજ્ઞાનથી દેહભાવ છૂટે છે, અને કાયા નિર્મળ થાય છે. સંતકૃપાથી બ્રહ્મહત્યા, ગુરુપત્ની ગમન, સુરાપાન, સુવર્ણચોરી અને ચોરનો સંગ એ પાંચ પાતક જાય છે. હૃદયમાં જ્ઞાનાગ્નિ પ્રગટે છે. જેને કદી ઊધઈ લાગતી નથી. સંતસેવાથી આત્મ-સામ્રાજ્ય મળે છે.

**સૌ રૂપમાં ને નાશમાં, અરૂપ ને અવિનાશી હું,**
**સૌ રંગ ને સૌ અન્તમાં, અનંત ને અસંગ હું,**
**આંતર ખજાને ખાણ છું, અજાતની એ જાત હું,**
**અરે પરમની એ પાર હું, જાણી તમે શકશો નહિ...**

**તદ્રુપાનંદજી**

ત્રણે કાળનાં અને ત્રણે લોકનાં સર્વદુઃખો એકસાથે આત્મા ઉપર તૂટી પડે તે વખતે, આત્મા પોતાના સ્વરૂપનો આશ્રય કરીને અંદરમાં ઊતરી જાય તો ક્ષપકશ્રેણી માંડી પરમાત્મા બની શકે તેમ છે. આ દુઃખો તેને કાંઈ કરી શકે તેમ નથી.



આવું બહુમાન જાગે તો રુચિ વધે અને રુચિ અનુયાયી વીર્ય હોવાથી તત્ત્વની પ્રાપ્તિ થાય. રુચિને અનુસારે, વીર્ય ફોરવવાથી ચારિત્રનો પુરુષાર્થ થાય છે. પુદ્ગલસંગે, વિભાવરંગી બની, શરીરના સંગી બનીને જીવીએ છીએ એ આપણું પરમ દારિદ્ર છે.

આપણે અનંતા સિદ્ધના જેવા જ હોવાથી સિદ્ધના સાધર્મિક છીએ. સાધર્મિકના નાતે આપણને સિદ્ધ થવાનો હક છે. તે ન થઈએ ત્યાં સુધી આપણું કર્તવ્ય અધૂરું છે. **સિદ્ધ ભગવંતના આપણે દેવાદાર છીએ. એક આત્મા સિદ્ધ થયો ત્યારે આપણે અવ્યવહારરાશિ - અનાદિ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને વ્યવહારરાશિમાં આવ્યા છીએ એટલે જ્યાં સુધી આપણે સિદ્ધ થઈને કોઈક જીવને અવ્યવહારરાશિમાંથી બહાર ન કાઢીએ, ત્યાં સુધી આપણું કર્તવ્ય અધૂરું છે.** જન્મમરણ કરવા અને જંજાળ વધારવી એ કર્તવ્ય નથી એમાંથી છૂટવું એ કર્તવ્ય છે.

**क्षायोपशमिक गुण सर्व,**
**थया तुज गुणरसी, हो लाल ।।थ.।।**
**सत्ता साधन शक्ति,**
**व्यक्तता उल्लसी, हो लाल ।।व्य.।।**
**हवे संपूरण सिध्धि,**
**तणी शी वार छे, हो लाल ।।त.।।**
**'देवचंद्र' जिनराज,**
**जगत् आधार छे, हो लाल ।।ज.।।७।।**

**અર્થ :** હે પ્રભુ! ક્ષયોપશમભાવને પામેલા દાનાદિ ગુણો તેમજ જ્ઞાન-દર્શનાદિ ગુણો જ્યારે ક્ષાયિક ભાવને પામેલા એવા આપના કેવલજ્ઞાનાદિ ગુણોના સ્મરણ, ચિંતન, નમન દ્વારા તેના રસિક બને છે ત્યારે ભીતરમાં પડેલ આત્મશક્તિ જે અત્યાર સુધી આચ્છાદિત હતી તે હવે પ્રગટપણે ઉલ્લસિત થાય છે અર્થાત્ જીવવીર્ય પુદ્ગલભાવમાંથી પાછું ફરીને સ્વરૂપની દિશા પકડે છે તો પછી હવે સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં શી વાર લાગવાની છે ! અર્થાત્ પ્રભુના પુષ્ટાલંબનથી સ્વરૂપાલંબી બનેલો સાધક અલ્પકાળમાં મુક્તિને પામે છે. દેવોમાં ચંદ્ર સમાન ઉજ્જ્વલ એવા જિનેશ્વર પ્રભુ એ જ સર્વ જીવોના આધાર છે, પ્રાણ છે અને શરણ છે.

**વિવેચન :** અનાદિ અનંત સંસારમાં જીવને - જીવમાત્રને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ પ્રાપ્ત છે. જો જ્ઞાનનો અનંતમો ભાગ પણ ઉઘાડો ન હોત તો જીવ અને અજીવ(જડ)માં કોઈ



તફાવત રહેત નહિ. પણ જીવમાં જ્ઞાન છે જડમાં તે નથી. તેથી સૂક્ષ્મ નિગોદ - અવ્યવહારરાશિ જેવી અત્યંત નિકૃષ્ટાવસ્થામાં પણ, જીવને જ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો રહે છે. **જીવ ક્યારે પણ, કોઈ પણ અવસ્થામાં જ્ઞાનવિહોણો નથી જ. માટે જીવને અનાદિથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કહેલો છે પણ અનાદિથી જીવ પ્રેમવિહોણો છે. માટે જીવને અનાદિથી મોહનીયનો ઉદય કહ્યો છે.** જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જીવને જ્ઞાનનો ઉઘાડ થાય છે. જ્યારે મોહનીયના ક્ષયોપશમથી પ્રેમ તત્ત્વનો ઉઘાડ થાય છે. પ્રેમના ઉઘાડ વિનાનો, જ્ઞાનનો ઉઘાડ એ શુષ્ક છે. કષાયની વૃદ્ધિ કરનાર છે તેમજ સંસારમાં રખડાવનાર છે માટે અધ્યાત્મમાં મોહનીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થતી સમજ અને ગુણોની જ કિંમત છે તેના વિનાનું જ્ઞાન એ બોજારૂપ છે.

પ્રેમના અભાવમાં જ્ઞાન એ મિથ્યાજ્ઞાન બને છે. વિપરીત જ્ઞાન બને છે. એટલે તેવા વિપરીત જ્ઞાનના કાળમાં તૃષ્ણાનું સામ્રાજ્ય ફેલાયેલું હોય છે.

**સકલ જગત તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન**
**તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.**

જ્ઞાનની સૂક્ષ્મતા અને તીક્ષ્ણતા સાથે મનની મૃદુતા અને પ્રેમ ન ભળે તો ત્રીજા વિશ્વયુદ્ધના દિવસો જોવાના બહુ દૂર નથી **અજ્ઞાન અને તૃષ્ણા** Paralel **– સમાન્તર ચાલે છે. જ્યાં તૃષ્ણા ત્યાં અજ્ઞાન અને જ્યાં અજ્ઞાન ત્યાં તૃષ્ણા – આમ બંને વચ્ચે સમનિયત વ્યાપ્ય વ્યાપકભાવ છે.**

હે નાથ! અનંતકાળથી ઔદયિક ભાવના અંધકારમાં અથડાયો

છું. તેના પ્રભાવે દોષોનો જ અનુભવ કર્યો છે. ગુણોની છાયા પણ પ્રગટી નથી. આમ મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમના પ્રભાવે, અનંતકાળ અંધકારમાં અથડાયા પછી કર્મ પરિણામ મહારાજા અને કાલપરિણતિ દેવી અનુકૂળ થયે છતે, શુભ નિમિત્તોના આલંબને, જીવ પોતાનો પુરુષાર્થ સમ્યગ્ દિશામાં ફોરવે તો, જીવમાંથી તામસ અને રાજસ-ભાવોનું જોર ઘટે અને સાત્ત્વિક ભાવો - સંસ્કારભાવો - ક્ષયોપશમભાવના ગુણો પ્રગટે છે.

તારક તત્ત્વોનું નિમિત્ત મળતાં, પોતાના સ્વરૂપની ઓળખ થાય છે એટલે એ પ્રગટેલા ગુણો સ્વરૂપલક્ષી બને છે. અર્થાત્ હવે એ ગુણો દ્વારા સ્વરૂપનું જ લક્ષ કેમ બળવાન બને એ જ લક્ષ્ય રહે છે અને એનો જ પુરુષાર્થ ચાલુ થાય છે. જેમ જેમ પરમાત્મસ્વરૂપની ઓળખ અને રુચિ તીવ્ર - તીવ્રતર બને છે, તેમ તેમ પોતાનામાં પણ તેવું જ સ્વરૂપ રહેલું છે તે શ્રદ્ધા બળવાન બને છે.

**જિનમંદિર એ મુક્તિનું સોપાન છે. મોહનું મારણ છે, સર્વ મંગલોનું ઘર છે. સમ્યગ્ દર્શનની ડિગ્રી મેળવવા માટેની યુનિવર્સિટી છે. પ્રભુના ઉપકારોને યાદ કરવાની પવિત્ર ભૂમિ છે. જ્યારે જિન પ્રતિમા એ જીવમાંથી શિવ બનવાની જડીબુટ્ટી છે. પોતાના દોષો જોવા માટેનો અરીસો છે. સમતાની સરિતા છે, ઉપશમરસનો કંદ છે.**

ક્ષયોપશમભાવના ગુણો લૌકિક નથી, પણ સ્વરૂપના લક્ષવાળા હોવાથી લોકોત્તર છે તે ગુણો જ્યારે ક્ષાયિકભાવને પામેલા પરમાત્માના ગુણો પ્રત્યે રસવાળા થાય છે, ત્યારે પોતાની સમગ્ર



ચેતના પ્રભુની ચેતના સાથે તન્મયતાને પામે છે. પ્રભુના કેવલજ્ઞાનાદિ ગુણોનું અહોભાવે સ્મરણ, ચિંતન, મનન કરવાથી પ્રભુની પૂર્ણ ચેતના પ્રત્યે સાધકની ચેતના, અહોભાવવાળી બને છે ત્યારે પ્રભુની પૂર્ણચેતના સાથે પોતાની ચેતનાનો, તાદાત્મ્યભાવ સધાય છે એટલે પૂર્ણ ગુણોને નિપજાવવાની શક્તિ, જે મોહના પ્રભાવે આચ્છાદિત થયેલી હતી, તે હવે મોહનાં આવરણો તૂટતાં પ્રગટતી જાય છે. એટલે આત્મામાંથી ઉપશમભાવ ગર્ભિત આનંદ પ્રગટતો જાય છે. આના પ્રભાવે આત્મા સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ, અપ્રમત્તતા, એક-એક ગુણસ્થાનક સર કરતો આગળ વધે છે શુદ્ધિના પ્રકાશમાં અને ગુણોના આનંદની અનુભૂતિમાં એને ચૌદે ગુણસ્થાનક સુધીનો માર્ગ તેમજ સિદ્ધોનો અનંત આનંદ શું છે એની ઝાંખી થઈ જાય છે.

પુષ્ટાલંબન રૂપે તારક પરમાત્માનું પ્રબળ નિમિત્ત મળે છતે જીવ જ્યારે તેના પ્રત્યે અહોભાવ અને બહુમાનવાળો થાય ત્યારે સ્વયંના ઉપાદાનમાં ઉપાદાન-કારણતા પ્રગટે છે એટલે ઉપયોગ ચેતના, પ્રભુના આલંબને પહેલા નિમિત્તાવલંબની બને છે - અરિહંતાવલંબની બને છે, અને પછી તેવું જ સ્વરૂપ પોતાનામાં પણ છે, તેની શ્રદ્ધા કરી ઉપયોગ સ્વરૂપની દિશામાં ઢળે છે ત્યારે તે સ્વરૂપાવલંબની બને છે. ઉપાદાન-અવલંબની બને છે. આમ ઉપાદાન-કારણમાં સ્વરૂપનો રસ રેડાતો જાય છે. ઉપાદાન કારણ પુષ્ટતાને પામે છે. કાકંદીનો ધન્નો અણગાર વગેરે દીક્ષા લીધા પછી આજ આત્મસ્વરૂપનું સ્મરણ, જ્ઞાન, શ્રદ્ધા, રમણતા ને ધ્યાન કરતા હતા.

સિદ્ધાવસ્થા એ સાધ્ય છે. હું આત્મસ્વરૂપને સાધનારો સાધક અને ઉપાસક બનવા માગું છું. તે માટેની સાધના છે ભાસન, વાસન, ચરણ અને ચરણમા એકાગ્રતા. તે માટે જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિને ભીતરમાં લઈ જવાના છે. આત્માના છ એ કારકો આત્મામાં જ પ્રવર્તે ત્યારે જ મોક્ષ થાય છે.

પોતાનું શુદ્ધ સ્વરૂપ અવરાયું હોવાથી પોતે પોતાનામાં રહેલા સુખને ભૂલી ગયો છે. અને સુખને માટે બહારમાં વલખા મારે છે. પરમાત્મામાં જેવો આનંદ છે. તેવો જ આનંદ મારામાં રહેલો છે તેવું શ્રદ્ધાન ન થાય, ત્યાં સુધી વાસ્તવિક રીતે સાધના પોતાના સુખને પામવા માટે થતી નથી. જીવ પોતાની ભીતરમાં ડૂબકી મારતો નથી અને તેથી સુખથી સદાને માટે દૂર રહે છે. નિરંતર દુઃખને પામે છે.

પણ જ્યારે તેને પ્રભુની પ્રભુતા ઓળખાય છે, તેની શ્રદ્ધા થાય છે, ત્યારે તેના અવલંબને ક્ષયોપશમભાવના ગુણો ક્ષાયિક ભાવને પામવાની રુચિવાળા બને છે. અનંતગુણમયી પ્રભુની પ્રભુતાને સદ્દહતા આત્મામાં સમકિત પ્રગટે છે.

ક્ષયોપશમભાવના ગુણો ક્ષાયિકભાવને પામવાની રુચિવાળા થયા એટલે જ્ઞાનધારા નિર્મળ બનતી ચાલી. બધી જ શક્તિ સત્તામાં રહેલ ગુણોને સાધવા માટે ઉલ્લસિત બને, ત્યારે તે ચારિત્ર કહેવાય છે. આપણી શુદ્ધ સત્તાને સાધવા સિવાય, કશામાં રસિકપણું કરવા જેવું નથી. મારો જ્ઞાનગુણ અને વીર્યગુણ પરમાત્મામાં ઝબોળાઈ જાઓ અને પરમાત્મસ્વરૂપ મને મળો.

જ્ઞાનગુણ શુદ્ધ સ્વરૂપનો રસિક બની જાય અને વીર્યગુણ શુદ્ધ



સ્વરૂપને સાધવા તત્પર બને તે સાધના છે. પોતાની શુદ્ધ સ્વરૂપમયી સત્તાને સાધવા સિવાય બીજો કોઈ પણ રસ, આપણામાં ન હોય એ સાધના છે. આત્મજ્ઞાન અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, તેમાં સ્થિરતા ભળે તે ચારિત્ર છે. તે માટે વીર્ય શક્તિને **ગુણ - અનુયાયી બનાવવાની છે**

આપણી લેશમાત્ર જેટલી શક્તિ પણ પુદ્ગલભાવમાં ન જાય તેની કાળજી રાખીને જીવવું, તે સાધના છે. સ્ત્રી આદિ વિષયો સામે આવ્યા, અને આપણે રાગથી જોયું તો તે પુદ્ગલભાવમાં શક્તિને વેડફી કહેવાય. તેનાથી ચારિત્ર ગુણ કલંકિત થાય છે અને ચારિત્ર મોહનીય કર્મ બંધાય છે. જે કાળે રાગ થયો છે તે જ વખતે **રાગ પોતાનો લાગ્યો** અને **હું રાગી** એમ ભાવ સ્પર્શ્યો તો તે વખતે મિથ્યાત્વ મોહ પણ બંધાઈ જાય છે. ગુણોને પામવાનું પ્રણિધાન દૃઢ હોય તો જ, આવા સમયે બચી શકાય છે.

**ચેતનાને પુદ્ગલ-રસી બનાવવી તે સંસાર.**

**ચેતનાને ગુણ-રસી બનાવવી તે મોક્ષમાર્ગ.**

ક્ષયોપશમ ભાવની ચેતનાને ક્ષાયિક ભાવ તરફ લઈ જવાનો પુરુષાર્થ તે મોક્ષમાર્ગ.

શુદ્ધ સત્તા કર્મથી દબાયેલી, કચડાયેલી પડી છે. અશુદ્ધ સત્તાથી જીવન જીવીએ ચીએ. આ આત્માની ગુનેગારી છે. તેનાથી કર્મસત્તાના ગુનેગાર બનાય છે, અને ભવવનમાં ભટકવું પડે છે.

ગુણોના રસિકપણામાં શક્તિ ઉલ્લસિત બની તેથી ઉપાદાન કારણને પુષ્ટિ મળી. ઉપાદાન તેના મૂળ સ્વરૂપમાં આવતું ગયું.

હવે પરમાત્માને નિમિત્ત બનાવી, તેમના ગુણોને વારંવાર બહુમાનભાવે યાદ કરી, ઉપાદાન કારણને ઉપર ઉપરની કક્ષામાં લઈ જવાનું છે તે માટે આત્મજ્ઞાની પુરુષની સેવા અને સત્સંગનો જોગ પણ બહુમાનભાવે સાધતા જવાનું છે.

ગુણ બહુમાન, ગુણ રુચિ, ગુણોમાં ઉલ્લાસ, ગુણોમાં વીર્યનું પ્રવર્તન આ બધો જ મોક્ષમાર્ગ છે. સમસ્ત આત્મપ્રદેશો પરમાત્માના સ્વરૂપમાં ઝબોળાઈ જાય તે ધ્યાન છે. જ્યાં આવી દશા આવી, ત્યાં હવે સંપૂર્ણ સિદ્ધાવસ્થા પામવાની શી વાર છે? અર્થાત્ હવે તો થોડાક સમયમાં ૧-૨ ભવમાં સિદ્ધાવસ્થા આવી મળવાની એમાં કોઈ શંકાને સ્થાન નથી.

સાધનામાં શુદ્ધિ વધતાં, ગુણોના ગુંજારવ સ્વરૂપ - કાંઈ પણ અફળાયા વિનાનો નાદ સંભળાય છે તે અનાહત નાદ છે.

લોકોત્તમ એવા પરમાત્માના સ્વરૂપને યથાર્થ રીતે જાણીને એવું જ ગુણમય સ્વરૂપ મારા અંતરમાં પણ રહેલું છે તેની શ્રદ્ધા કરીને એને પ્રાપ્ત કરવા ઉલ્લાસ ધારણ કરવાનો છે, અને સ્વભૂમિકા અનુસાર રત્નત્રયીનું આલેખન કરવાનું છે, અને એ દ્વારા સ્વરૂપ સત્તાને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. આ જ માનવભવની સફળતા છે.

હવે અંતમાં આ સ્તવનના રચયિતા દેવચંદ્રજી મહારાજ અથવા દેવોમાં ચંદ્ર સમાન એવા વીતરાગ પરમાત્મા સર્વ જીવોના આધાર છે એટલે જિનમુદ્રાના અવલંબને આજ સુધીમાં અનંતા જીવો સિદ્ધ દશાને વર્યા છે તેથી અરિહંતના અવલંબને સિદ્ધતા નીપજે છે એમાં કોઈ સંશય નથી. સિદ્ધની પર્યાય જ



મોક્ષના સુખને અનુસરે છે. બીજા સુખને તે અનુસરતી નથી. અધૂરી પર્યાય હોય તો તે સંસારસુખને અનુસરે છે અને જો તે સમ્યગ્ હોય તો મોક્ષમાર્ગને - આત્મિક સુખને અનુસરે છે એમ જાણીને હે ભવ્ય જીવો! તમે રાત, દિવસ અરિહંતના સ્મરણ, વંદન, નમન, પૂજન, સ્તવન, સત્કાર અને ધ્યાનમાં જ રહો. તમને એમનો જ આધાર છે.

❒ ❒ ❒

સાધકની નોંધ :



સાધકની નોંધ :